: વર્ષ ૧ લું : : નવયુગ ગ્રંથમાળા : : પુસ્તક ૨ જું :

જવાહર નેહરુ

નટવરલાલ માણેકલાલ દવે

નવયુગ પુસ્તક ભંડાર : દેવસાનો પાડો : અમદાવાદ

વર્ષ ૧ લું ∴ નવયુગ ગ્રંથમાળા ∴ પુસ્તક ૨ જું

જવાહર નેહરુ

નટવરલાલ માણેકલાલ દવે

નવયુગ પુસ્તક ભંડાર
૫૨૦૯, દેવસાનો પાડો
અ મ દા વા દ

૧ લી આવૃત્તિ :: સંવત્ ૧૯૮૭

: પ્રકાશક :
જયંતિલાલ રેવાશંકર દોસી
નવયુગ પુસ્તક ભંડાર
દેવસાનો પાડો :: અમદાવાદ

: એજન્ટ :
સી૦ જમનાદાસની કું૦
બુકસેલર અને પબ્લીશર્સ
પ્રીન્સેસ સ્ટ્રીટ : મુંબઈ નં૦ ૨

વાર્ષિક ફાળે	છુટક
૦-૭-૦	૦-૮-૦
ટપાલ ખર્ચ માફ	ટપાલ ખર્ચ જૂદું

મુદ્રક: ચીમનલાલ ઈશ્વરલાલ મ્હેતા :: વસંત મુદ્રણાલય : અમદાવાદ

નવયુગ ગ્રંથમાળા

:: પુસ્તકો તૈયાર છે ::

સબરસ: [શ્રી કુમારપ્પાના આમુખ સહિત] કિંમત: ૦ ૯-૦

સબરસ-મીઠાની લડતમાં સમસ્ત હિંદુસ્થાન પોતાનો ફાળો આપી રહેલ છે. આ લડતનો હેતુ સમજવા તેનો ઇતિહાસ ખાસ જાણવાની જરૂર છે. આ બાબત 'મોનોગ્રાફ ઑન કૉમન સૉલ્ટ' નામનો ઇંગ્રેજી રીપોર્ટ "ફૅડરેશન ઑફ ઇન્ડીઅન ચેમ્બર્સ ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી" તરફથી બહાર પડેલ છે. તેના આધારે આ પુસ્તક તૈયાર કરેલું છે આ પુસ્તકમાં આ સરકારનો મીઠા સંબંધી આજ સુધીનો ઇતિહાસીક વહીવટ કેટલો જુલ્મી હતો, તેના આંકડા સાથે ઇતિહાસ આપવામાં આવ્યો છે. તે વાંચતાં-વાંચનારના રોમાંચ-ઉભા થઈ જાય તેવું છે. આ પુસ્તક દરેક લાયબ્રેરીમાં-રેફરંસ તરીકે રાખવા લાયક છે.

ફાંસી : કિંમત : ૦-૪-૦

ફાંસી એ એક એવી ભયંકર યાતના છે કે, તેનું નામ માત્ર સાંભળતા પત્થર જેવા કઠણ હૃદયવાળો માણસ હાય! પોકાર્યા સિવાય રહી શકે નહિ. આવી ભયંકર દશા ભોગવનાર મહાન્ વ્યક્તિઓ દેશને માટે ફાંસીને લાકડે લટકવા કેમ તૈયાર થાય છે અને તેના હૃદયના પોકારો જેલની દીવાલોમાં કેટલી હાય પોકારે છે, તે વિચારો જણાવનાર ફ્રાન્સનો ક્રાન્તિકારી લેખક વિકટર હ્યુગો જે બયાન આપી રહેલ છે. તે વાંચવાને ગમે તે માણસ પ્રેરાયા સિવાય રહી શકે નહિ. આ પુસ્તક વાંચવા અમારી ખાસ ભલામણ છે.

:: :: આબરૂદાર એજન્ટો જોઈએ છે :: ::

નવયુગ ગ્રંથમાળા

[વાર્ષિક :: પૃષ્ઠ ૧૦૦૦ નાં :: પુસ્તકો]

હિંદમાં રૂા. ૩ :: પરદેશમાં રૂા. ૪ અથવા શીલીંગ ૬.
(પોસ્ટેજ સાથે)

: યોજના :

સમસ્ત ગૂજરાત આજે જાગૃતિનાં સ્વપ્નાં સેવી રહ્યું છે. એ જાગૃતિને વધારે પ્રદીપ્તમાન બનાવે, સ્વદેશાભિમાન લાવે, તેમજ ચાલુ લડતને ઉત્તેજિત કરી વધારે જોસમાં લાવવા માટે જુદા જુદા દેશના સાચા અને ક્રાંતિકારક ઇતિહાસો, તે પરથી તૈયાર કરેલી વાર્તાઓ, નવલિકાઓ અને ક્રાંતિપ્રેરક મહાન પુરુષનાં જીવનચરિત્રો, એટલુંજ નહિ પરંતુ આજકાલ કચરાઈ રહેલાં ખેડુતો, મજૂરો, કારીગરો અને સ્ત્રીઓના જીવનમાં અનેરું ચેતન ફેલાવે એવું સાહિત્ય આપવાની આ ગ્રંથમાળા આશા રાખે છે.

: બીજાં પુસ્તકો :

(૧) સબરસ :
[મીઠાવેરાનો ઇતિહાસ]

(૨) જવાહર નેહરુ :
[જીવનચરિત્ર તથા સુંદર ભાષણોનો સંગ્રહ]

(૩) ફાંસી :
[ફ્રાન્સનો લેખક વિકટર હ્યુગોના પુસ્તક ઉપરથી]

(૪) ડચ સ્વતંત્રનો ઇતિહાસ:
[મૉટલીના ગ્રંથ પરથી]

(૫) હિંદમાં અંગ્રેજો :
[મૅજર બસુના પુસ્તકપરથી]

(૬) ગુજરાતનું જેલજીવન:

(૭) રાષ્ટ્રધ્વજને ખાતર :

(૮) હિંદ તારે ખાતર :

ક્રાઉન સોળ-પેજી : ગ્લેઝ પ્રીન્ટીંગ પેપર : સુંદર છપાઇ :
: મજબુત બાઇન્ડીંગ :

નવયુગ પુસ્તક ભંડાર

દેવસાનો પાડો :: અમદાવાદ

:: આબરૂદાર એજન્ટો જોઈએ છે ::

વસંત પ્રી. પ્રેસ : અમદાવાદ

બે બોલ

પૂ૦ મહાત્મા ગાંધીજી જેવા પુરોહિતની દેખરેખ નીચે જગતે કદી સ્વપ્ને પણ નહિ અનુભવેલો એવો રાષ્ટ્રયજ્ઞ આરંભનાર યજમાનની આ જીવન રેખાને ભલામણની શી જરૂર હોય? પૂર્વ પશ્ચિમનો સમન્વય સાધવા માટેના—માનવ પ્રજાના ઇતિહાસનું દૃષ્ટિબિન્દુ બદલવાના—આ સમુદ્રમંથન જેવા પ્રયાસના અગ્રણીનું આ ટુંકુ જીવનચરિત્ર પ્રજાના આદરને પામશે એમ આશા રાખવી અસ્થાને નથી જ. ગૂજરાતી ભાષામાં શ્રી જવાહર નેહરુના જીવનની નોંધ લેતી પુસ્તિકાઓ પ્રગટ થઈ છે પરંતુ તે સર્વથી આ વધારે વિસ્તૃત છે.

હજુ તો આ યશસ્વી જીવનનો વધારે જ્વલંત અને ઓજસ્વી ભાગ ભાવિના ગર્ભમાં છે. અને ઇતિહાસને પાને એની નોંધ લેવાવાની છે તેથી જવાહરલાલની કારકિર્દીની જ અત્યારે માહિતિ અપાય. એના ઉપર સમાલોચના તો ભવિષ્યમાં જ થઈ શકે.

લેખકે બનતે પ્રયાસે બની શકે એટલી માહિતી આપી છે. સંપૂર્ણ પાશ્ચાત્ય આદર્શોની છાયા નીચે અને સંસ્કારોમાં ઉછરેલા એક અમીરજાદાના પરિવર્તનનો અહેવાલ હરકોઈ પ્રસંગે વાચન યોગ્ય હોય છે. અને

તેમાં વર્તમાન સંક્રાન્તિકાળમાં આ સંક્રાન્તિના અગ્રગણ્ય મહારથીની પિછાન કરવા હરકોઇને અભિલાષા હોય છે આ અભિલાષા અલ્પ અંશે પણ સંતોષાશે તો અમે અમારો શ્રમ સાર્થક ગણીશું.

આ પુસ્તક તૈયાર કરતાં મારે ઘણા મિત્રોની સહાય લેવી પડી છે, અને સહાયક મિત્રોનો તેમ જ પુસ્તક તૈયાર કરાવવાનું સૂચવવા માટે શ્રી મંજુલાલ સાકરલાલ દેસાઈનો આભાર માન્યા વગર નથી રહી શકતો. તે સાથે આ પુસ્તક તૈયાર કરવામાં "કુમાર" "ત્યાગભૂમિ" (હિન્દી) "પ્રતાપ" (હિન્દી) National Publishing House તરફથી બહાર પડેલ પુસ્તક "The Life of Pandit Jawahirlal Nehru" આદિ માસિકો તથા પુસ્તકની સહાય લીધેલી છે. તે બદલ તેના સંચાલકો અને લેખકોનો આભાર માનવો અસ્થાને નહિ કહેવાય.

"નવયુગ ગ્રંથમાળા"ના પ્રથમ પુસ્તક તરીકે આ પુસ્તક આપવાનો વિચાર હતો અને તૈયાર પણ થઈ ગએલ હતું પરંતુ અનિવાર્ય કારણ વસાત તે બીજા પુસ્તક તરીકે બહાર પાડવામાં આવે છે. તેમાં મારા ધંધાની શરૂઆતને લીધે કોઈ કોઈ જગ્યાએ પ્રુફ સુધારવામાં ભૂલ રહી ગઈ છે, તે માટે વાચક દરગુજર કરશે' એવી અંતિમ આશા છે.

પ્રકાશક.



રાષ્ટ્રપતિ જવાહર નેહરુ] [૧૯૨૯

બાળપણ

સ્વર્ગભૂમિ કાશ્મીરથી નેહરુ કુટુંબ અલ્લાહાબાદ ઉતરી આવેલું. નેહરુ કુટુંબ એ પ્રયાગનગરનું ગૌરવ છે. એની સંસ્કારિતા, ઉદારતા, વિદ્યાનુરાગ, રાષ્ટ્રપ્રેમ ક્વચિત જ બીજે કયાંય એકત્રિત દૃષ્ટિગોચર થાય છે. આ સર્વ, માતા સ્વરૂપાણી દેવી અને પિતા પંડિત મોતીલાલજીના પુત્રને વારસામાં મળેલું છે. કાશ્મીરના કુટુંબના સ્વરૂપની વાત શી કરવી ? સુંદર, સપ્રમાણ, ગૌર ને ગુલાબી દેહની ઝમક જવાહરને પણ વારસામાં મળેલી છે.

નેહરુ કુટુંબના વડવાઓ મુળ કાશ્મીરથી મોગલ રાજ્યના સમયમાં દિલ્હી આવેલા. પંડિત મોતીલાલજીના વડવા પંડિત રાજકુલ નેહરુ રાજફરમાનથી બાદશાહ ફરૂખશિયરના શિક્ષક નીમાયા. તે પછી ઉત્તરોત્તર દિલ્હીમાં નેહરુ કુટુંબના નબીરાઓને શ્રી અને સરસ્વતીના આશીર્વાદ ઉતર્યા. તેમાંના પંડિત ગંગાધર નેહરુ દિલ્હીના કોટવાળ પદેહતા. તેમણે પોતાના બે પુત્રો પંડિત નંદલાલ ને પંડિત બંસીધરને પોતાની હયાતીમાં જ સારી રીતે ધંધે લાગી આબરૂ જમાવેલા જોયા.

પંડિત ગંગાધરના મરણ પછી ચાર મહીને તેમનાં પત્ની જયબીબીને પુત્ર સાંપડ્યો. આ પુત્ર તે હિંદુસ્તાનભરમાં અગ્રણી

રાષ્ટ્રીય નેતા અને ઠરેલ મુત્સદ્દી તરીકે નામ કાઢનાર પંડિત મોતીલાલજી. માતા જયબીબી અને મોટાભાઈ નંદલાલના અપ્રતિમ પ્રેમે બાળક મોતીલાલને પિતાના વાત્સલ્યની ઉણપ આવવા ન દીધી. કાનપુરની સરકારી હાઈસ્કુલમાં પંડિત મોતીલાલે પ્રાથમિક શિક્ષણ પૂરૂં કર્યું. અને હાઈકોર્ટ વકીલની પરીક્ષા પસાર કરી ત્યાં જ વકીલાત શરુ કરી.

થોડા સમય પછી મોટાભાઈના મરણ બાદ કુટુંબનો બધો ભાર પંડિત મોતીલાલને શિર આવ્યો. તેમણે હવે વધારે મોટા ક્ષેત્ર તરફ નજર દોડાવી અને કાનપુર છોડી અલ્લાહાબાદ જઈ ત્યાંની હાઇકોર્ટમાં સીધી વકીલાત શરુ કરી. થોડા જ સમયમાં તેજસ્વી મેધાવાળા અને કાયદાકાનુનના ઉંડા અભ્યાસી મોતીલાલે કેવળ અલ્લાહાબાદના વકીલમંડળમાં જ નહિ પણ સમસ્ત યુક્તપ્રાંતમાં મશહૂર ઍડવોકેટ તરીકે નામ કાઢ્યું.

આજથી ૨૩ વર્ષ ઉપર તેમણે રાજકારણને ઉમરે પગ દીધો. મહાસભામાં તેમણે સને ૧૯૦૭ માં પ્રથમ પ્રવેશ કર્યો અને ત્યારબાદ અંતરગૂઢ રાષ્ટ્રપ્રેમ એટલો પ્રજ્વલિત થયો કે પોતાની વકીલાતની શાહી કમાણી છોડી અસહકારના પૂરમાં રાષ્ટ્રનૌકાના અગ્રણી બન્યા. ૧૯૧૯ ની અમૃતસર મહાસભાના રાષ્ટ્રપતિ ચૂંટાયા. તે પછીથી રાષ્ટ્રીય ચળવળને અંગે જેલ–મ્હેલનાં પણ આમંત્રણ મળ્યાં. મદ્રાસની મહાસભાએ જ્યારે હિંદને માટેના આવશ્યક રાજ્યબંધારણની કમિટી નીમી તે વખતે એના અધ્યક્ષ તરીકે એ કાર્યને માટે કાબેલ, રાજકારણપટુ અને વિચક્ષણ મુત્સદ્દી પંડિત મોતીલાલ વિના

બીજો કોણ મળે ? અને એ હિંદી રાજ્યબંધારણ સમિતિના અધ્યક્ષ તરીકે એમણે ઘડેલા રીપોર્ટમાં હિંદને માટે જોઇતા રાજ્યબંધારણની જે રેખા આલેખી છે તે રાજ્યબંધારણના પ્રખર અભ્યાસીને જેબ આપે એવી છે. એ 'નેહરુ રીપોર્ટ' દુનિયાભરમાં પંકાએલ છે. તે પછી ફરી ૧૯૨૮ ની મહાસભા વખતે કલકત્તામાં તે ભારતવર્ષના રાષ્ટ્રપતિ તરીકે સ્વીકારાયા અને અનેક વિચિત્ર મતભેદો તથા દેશની ગંભીર પરિસ્થિતિની વચ્ચે તેમણે બાહોશીથી મહાસભાનું સુકાન સંભાળ્યું. પિતાએ અધુરો મૂકેલો યજ્ઞ, જાણે કુદરતી સંજોગોએ જ પુત્રને હાથે પૂરો કરાવવા ઇચ્છયું હોય તેમ, ગયા વર્ષે પંડિત જવાહરલાલને શિરે મહાસભાના રાષ્ટ્રપતિનો મુકુટ મુકાયો.

આજના જમાનાની દૃષ્ટિએ જોતાં પંડિત મોતીલાલજીનું લગ્ન નાનપણમાં થયું ગણાય. એ લગ્ન બાદ બાળકને જન્મ આપતાં માતા ને બાળક બન્ને મરણ પામ્યાં. કેટલાક સમય પછી પંડિતજીએ રાવળપિંડીના પંડિત પ્રથમનાથનાં બહેન સ્વરૂપાણી સાથે લગ્ન કર્યું. તેમણે એક બાળકને જન્મ આપ્યો, પરંતુ કમનસીબે તે મરણ પામ્યું. આમ બબ્બે બાળકની ખોટ પછી જ્યારે ૧૮૮૯ ની ૧૪ મી નવેમ્બરે પંડિતજીને ત્યાં પુત્ર જન્મ થયો ત્યારે એમને મન એ તો રત્ન–જવાહર જેવો હતો. પણ તે વખતે કોને ખબર હતી કે એ જવાહર નેહરુ કુટુંબનું નહિ પણ સારાય ભારતવર્ષનું અણમોલું રત્ન નીવડશે ?

કુટુંબની ચડતી કળાના સમયમાં જન્મેલા આ લાડીલા

બાળકનું લાલન રાજકુમારની પેઠે કરવામાં આવતું. એનું લાડનું નામ હતું 'નાનો'. એ વખતે પંડિતજી એ જમાનાના વાતાવરણ પ્રમાણે અંગ્રેજોના જ જેવું જિવન જીવતા. પોતાના એકના એક પુત્રને, તે વખતે મનાતો ઉત્તમોત્તમ પ્રબંધ કરી અંગ્રેજ નર્સો અને ગવર્નેસોના હાથમાં ઉછેર્યો. 'ભાઈજી' એ પંડિત મોતીલાલજીનું કુટુંબપ્રિય નામ હતું. જવાહર નાનપણમાં પુષ્કળ રડકણા હતા અને જ્યારે કોઈ રડવાનું કારણ પૂછે ત્યારે પૂછનારનું નામ આપી, તેણે માર્યો એમ કહી વધારે રડે.

દ્રવ્યની એમને ત્યાં રેલછેલ હતી; પરંતુ દ્રવ્યની રેલછેલમાં ઉછરતા ઘણાય અમીર ઉમરાવોના સ્વચ્છંદી પુત્રોની પેઠે સમૃદ્ધિના સ્વાભાવિક વારસા રૂપી એક પણ દુર્ગુણ જવાહરલાલમાં આવ્યો નથી.

સ્વદેશને અર્પણ કરેલું આલેશાન 'આનન્દભવન' તેમણે ૧૮૯૯ માં ખરીદ્યું. ઘરવાખરો ત્યાં ફેરવવામાં આવ્યો. ત્યાં સ્થાયી થયા પછી જવાહરના શિક્ષણ માટે ખૂબ કાળજી રાખવામાં આવી. સાત વર્ષની ઉંમરે આ બાળકનું આરોગ્ય પંડિતજીને અતિશય ચિંતાનું કારણ નીવડ્યું. પરિણામે ઈ. સ. ૧૮૯૭ માં પંડિતજીએ પુત્રની શરીરસુધારણા અર્થે કુટુંબસહ કાશ્મીરની યાત્રા કરી, અને ત્યાંથી પાછા ફર્યા બાદ જવાહરના શિક્ષણ માટે સારામાં સારા શિક્ષકો રોકવાનો પ્રબંધ કર્યો. પ્રથમ તેઓ માટે અંગ્રેજ ગવર્નેસ રાખવામાં આવી. પોતાના જ બંગલાના કમ્પાઉન્ડમાં રમતગમતના સાધનો વસાવી દરેક રીતની ગોઠવણ કરી આપી જેથી બાળકની મેધ તેમજ

શારીરિક શક્તિ પૂરેપુરી વિકસે. હિંદી અને સંસ્કૃતનું જ્ઞાન પુત્રને આપવાનું પંડિતજી વિસર્યા ન હતા.

શિક્ષકોની નામાવલિમાં સૌથી ધ્યાન ખેંચે એવું એક નામ મિ. એફ. ટી. બ્રુકસ નામના એક ધાર્મિક વૃત્તિના થિયોસોફિસ્ટ અંગ્રેજનું છે, કે જેનો પરિચય હિંદી પ્રજાને એક સુંદર લેખક તરીકે પાછળથી થયો છે. જવાહરના અગીઆરથી પંદર વર્ષ સુધીનું ઘડતર કે જેણે હાલના રાષ્ટ્રપતિનું ઉજ્જવલ જિવન આપણા આગળ રજુ કર્યું છે, તે મિ. બ્રુકસને આભારી છે. આ આસ્તિક ગુરુએ શિષ્યને સાદુ જિવન, ઉચ્ચ વિચારણા અને ઇશ્વરની આસ્થાના પાઠ પઢાવ્યા. બ્રુકસ ધોતી અને કુડતું પહેરી ફાજલ સમય ધ્યાનમાં કે ધાર્મિક વાંચનમાં ગુજારતા. તે હિન્દુની જેમ વિચારતા અને હિંદુ જેમ જિવન જીવતા. તેઓ 'સાદું જિવન અને ઉચ્ચ વિચાર ' ની પ્રતિમા-સમ હતા.

પંડિત મોતીલાલજીને પુત્ર સંપૂર્ણ યુરોપીય વાતાવરણમાં ઉછરે અને એક અસલ યુરોપીયન જેવો બને એ જોવાની મહત્વાકાંક્ષા હતી. મિ. બ્રુકસને મન શિક્ષણ એટલે બહારનો ડોળ, કે વાક્ચપળતા નહિ પણ એવું ઉત્તમ શિક્ષણ કે જેથી શિષ્યને ચારિત્ર્ય, સાદાઇ, સ્વદેશપ્રેમ વગેરેની તાલીમ મળે. શિષ્યને ઘણી વખત તેઓ સુવાકયો મોટા અક્ષરે લખાવી ભીંત ઉપર ટંગાવતા. આમ ગુરુ–શિષ્યની જોડી વચ્ચે અપૂર્વ પ્રેમ બંધાયો. એક સવારે મિ. બ્રુકસે ગુરુમંત્ર ફુંકયો કે ' માંસાહાર એ પાપ છે.' બીજે જ ટંકે બાળકે માબાપને જણાવી દીધું કે પોતે

માંસ ખાવાનો નથી! આ વાત આટલેથી જ ન અટકી પણ જવાહરે ધીમેધીમે નાટક તમાશા, જલસા વગેરેના મોજશોખો પણ છોડવા માંડયા. બાળકને મનમાન્યા કોડ અને અપ્રતિમ વૈભવસુખ ભોગવવાની લાલસાવાળાં વડિલો આ સાદાઈ કેમ સાંખી શકે ? આમ તો છોકરો સાધુ બની જશે, લાખોની સાહેબી અને મહેલાતોનો ઉપભોગ ન કરતાં ઝુપડીનો વાસી બનશે એ બીકે મિ. બ્રુકસ ઉપર વડિલોને અણગમો આવ્યો. તેમને રજા આપી. તરત જ બીજા એક હિન્દી શિક્ષકને રોકવામાં આવ્યો. પણ જે પવિત્ર સંસ્કારોનું ધર્મ-મૂર્તિ બ્રુકસને હાથે બીજારોપણ થએલું તેનું ઉચ્છેદન કરવાનું કોઇનું સામર્થ્ય ન હતું. એ પૂર્વસંસ્કાર કાયમ રહ્યા અને વરસના વધવા સાથે તેમાં ઉત્તરોત્તર વધારો થતો જ રહ્યો.

ઇંગ્લંડમાં અભ્યાસ

૧૯૦૫ના મે માસમાં, પુત્રને ઇંગ્લંડમાં ઉત્તમ પ્રકારનું શિક્ષણ અપાવવાના કોડઘેલા પિતા, જવાહરલાલને સોળ વર્ષની કિશોર વયે લઇને પત્ની સાથે ઇંગ્લંડ ગયા. ત્યાં હૅરોની સુવિખ્યાત શાળામાં કિશોર જવાહરે પ્રવેશ કર્યો. શાળામાં દાખલ થતા પહેલાં તે દેશમાં માતાપિતા સાથે તેમણે ખૂબ પ્રવાસ કર્યો.

રાણી ઇલિઝાબેથે સ્થાપેલી આ શાળાએ બ્રિટનના અનેક રાજકારણપટુ મહાપુરુષો પકવ્યા છે. ત્યાં જવલ્લેજ કોઇ હિંદીને દાખલ કરવામાં આવે છે. ઇંગ્લંડની યુનિવર્સિટિઓ અને કૉલેજો, આવી શાળાઓએ શિષ્યના અંતરમાં જે ચારિત્ર્યના, સ્વદેશ પ્રેમના, રાજકારણ પટુતાના ગહન પાઠ પઢાવ્યા હોય છે તેને બાહ્ય સૌંદર્ય જ અર્પે છે. આ જ શાળામાંથી રૉબર્ટ પીલ, સ્પેન્સર પર્સિવલ, લૉર્ડ પામર્સ્ટન અને સ્ટેનલિ બૉલ્ડવીન જેવા બ્રિટિશ કૅબિનેટના મૂખ્ય પ્રધાનો અને વેલસ્લિ, દલહાઉસી, લિટન અને હાર્ડિંજ જેવા હિંદના વૉઇસરોયો ઉત્પન્ન થયા છે.

અહીં વડોદરાના સ્વ. યુવરાજ ફત્તેસિંહરાવ અને કપુરથલાના હાલના ટીકા સાહેબ જવાહરલાલના સહાધ્યાયીઓ હતા.

જવાહરલાલ મધ્યમ વિદ્યાર્થી હતા. તેઓ પુસ્તકોની પરીક્ષા કરતાં જિવનની પરીક્ષાઓની તૈયારી કરવામાં માનતા. રમત ગમતના ખૂબ જ શોખીન હતા. ઈ. સ. ૧૯૦૬ માં માતા પિતાથી પ્રથમવાર જ એક વર્ષ દૂર રહી લાંબી રજાઓમાં હિંદ પાછા ફર્યા.

ઇ. સ.૧૯૦૭ માં હૅરોનું શાળાશિક્ષણ પૂરું કરી એમણે કૅમ્બ્રિજની જગમશહૂર ટ્રિનીટી કૉલેજમાં પ્રવેશ કર્યો. ત્યાં એમણે શારીરિક સંપત્તિ ઠીક પ્રાપ્ત કરી લીધી. ક્રિકેટ, ફુટબૉલ અને બોટિંગ એમની પ્રિય રમતો હતી. ડૉ. કિચલુ, કે. એમ. ખ્વાજા, અને જે. એમ. સેનગુપ્તા ત્યાં એમના સહાધ્યાયીઓ+ હતા અને લાલા હરદયાલ (જેઓ હાલ યુરોપમાં દેશનિકાલની સજા ભોગવે છે) ઑક્સફર્ડમાં હતા, તે પણ તેમના મિત્ર હતા. કૅમ્બ્રિજમાં આ સૌ સહાધ્યાયીઓએ 'હિંદી મજલીસ' નામની સભા સરસ રીતે જમાવી હતી.

ઈ. સ. ૧૯૦૮ માં ફરીથી ઉનાળાની રજાઓમાં તે હિંદ આવ્યા અને ત્યારબાદ પાછા ફર્યા પછી ત્યાં ઘણા વર્ષો

+ એમના સહાધ્યાયીઓની ગણત્રીમાં ઇંગ્લંડના હાલના પ્રિન્સ ઓફ વેલ્સનું નામ ઉમેરવું જોઈએ. પંડિત પ્રિન્સ વચ્ચે સારી એવી મૈત્રી જામેલી હતી અને જ્યારે પ્રિન્સ અલ્લાહાબાદ આવ્યા ત્યારે પંડિતજીને ખાસ મળવા આવેલા હતા ! ખુબી તો એ હતી કે એ વખતે પંડિતજી એજ પ્રિન્સના બહિષ્કારનો રાજકીય કાર્યક્રમ લઈ બેઠા હતા. એક શાહીવાદનો પ્રતિનિધિ અને બીજો શાહીવાદને જડ-મુળથી ઉખેડવા પ્રતિજ્ઞાબદ્ધ થએલ ભારતીયપ્રજાનો હૃદયસમ્રાટ ! એ મિત્રોનાં કેવાં ' समानशीलव्यसन ' હશે ?

સુધી ડીગ્રી મેળવવા રહ્યા. ઇ. સ. ૧૯૦૯ માં તેઓ નૉર્વેમાં રજાઓ ગાળવા ગએલા. ત્યાં ગ્લૅશીયરના વ્હેણમાં કેટલાક મિત્રો સાથે સ્નાન કરવા ગયા. ઉંચે ચઢી સૃષ્ટિ સૌંદર્ય નીહાળવાની ધગશને પરિણામે પગ લપસ્યો અને જો એક અંગ્રેજ મિત્રે સમયસૂચકતા ન વાપરી હત, તો તેઓ હતા ન હતા થઇ જાત. આમ સાહસપ્રિય હોઇ સંકટોની લવલેશ ભીતિ તેમને નહતી. સંકટોની સામે થવાની વૃત્તિએ તેમનામાં જેલની ધાસ્તિને પ્રવેશવા જ દીધી નથી. 'સંકટ અને હું બન્ને સાથે જન્મ્યા છીએ અને દુઃખ એ મારો મોટો ભાઇ છે' એ જુલીયસ સીઝરનું વાક્ય જવાહરલાલને, જેમ જેમ આપણે એમનું ભાવિ જિવન જોઇશું તેમ તેમ યોગ્ય રીતે લાગુ પડે છે એ નિર્વિવાદ ઠરશે. કોઇ પણ કષ્ટમય કાર્યમાં ઝંપલાવવું એમને મન સહજ સ્વાભાવિક વાત છે.

ઇ. સ. ૧૯૧૦ માં એમણે 'નેચરલ સાયન્સ' 'કૅમિસ્ટ્રી' ને 'બોટની' (વનસ્પતિશાસ્ત્ર)માં સેકન્ડ ક્લાસ ઑનર્સ* પાસ થઈ ડિગ્રી મેળવી.

આમ ભરજુવાનીનાં કિંમતી સાત સાત વર્ષો તેમણે યુરોપીય સંસ્કૃતિ ને તેના બાહ્યાડંબર ભરેલા રીતરિવાજો વચ્ચે

* પાછળથી કૅમ્બ્રિજ વિશ્વવિદ્યાલયે એમને એમ. એ. ની પદવી અર્પણ કરી હતી. જિવનના તદ્દન અણધારેલા ક્ષેત્રમાં ભારતીય મુક્તિના સ્વાતંત્ર્ય યુદ્ધમાં સૈનિક ને સેનાની તરીકે વિહરવા છતાં એમનો વિજ્ઞાન શોખ જિવનના એક અંગ તરીકે કાયમ જ હતો. એ એમણે બાળક સમજે એવી સરળ અને સચોટ શૈલીમાં લખેલ અંગ્રેજી પુસ્તક Latters from a Father to his Daughter (પિતાના પુત્રીને પત્રો) પ્રતીતિ કરાવે છે.

પસાર કર્યાં. તેઓ સંપૂર્ણ યુરોપિયન જ બની ગએલા હતા અને એટલું જ નહિ પણ તેવી જિંદગી જીવવામાં તેઓ અભિમાન પણ લેતા. હિંદ તેમને મન પરદેશ બન્યું હતું. અને ઇંગ્લંડમાં જ જિવન વ્યતીત કરવાની અભિલાષા હતી.

તેમની રહેણી કરણી અતિશય ખર્ચાળ થઈ ગઇ હતી. એક વખત પંડિત મોતીલાલજીએ તેમના કોઈ સગાને માસિક રૂ. ૫૦૦ નો દરમાયો મળવાનું નકકી થયા બાબત જવાહરલાલને પત્રદ્વાર ખબર આપ્યા. આથી સ્વાભાવિક આનંદ ઉત્પન્ન થાય તે બાજુએ રહ્યો, પણ અર્ધ સંતોષી ભર્યા દિલે જવાબ વાળ્યો કે "એ એમના રોટલાપાણી પૂરતું છે.!" આમ ઘડીભર તો લાગતું કે મિ. બ્રુકસના શિક્ષણની અસર તેમનામાંથી લુપ્ત થતી હતી અને અત્યારે આપણને એજ વાત આશ્ચર્યમુગ્ધ કરે છે કે એક માણસને રોટલાપાણી પૂરતા ૫૦૦ રૂપીઆ બસ થાય એમ કહેનાર યુવાન જ અત્યારે સાદી, સરળ ને રાષ્ટ્રપ્રેમથી ધગતી ભાષામાં કબુલત કરે છે કે માણસને જિવન નિર્વાહ માટે રોજના આઠ આના બસ છે!

સાથે સાથે તેઓ લંડનમાં 'ઇનર ટેમ્પલ' માં બૅરિસ્ટરીની ટર્મ્સ ભરતા. ૧૯૧૨ માં એમણે એ પરીક્ષા પસાર કરી. આમ ઇંગ્લંડમાં પ્રાપ્ત એવું ઉચ્ચ શિક્ષણ મેળવી એ જ વર્ષમાં જવાહરલાલ સ્વદેશમાં પાછા ફર્યા.

લંડન જેવાં જ્યાં જગતની ભિન્ન ભિન્ન સંસ્કૃતિના ઉપાસક જોવા, જાણવા ને સાંભળવા મળે છે ત્યાં બૅરિસ્ટરીની પરીક્ષા આપવા કરેલા વસવાટે રાજકારણ વિષેની તેમની શ્રદ્ધા વધારી અને એજ તેમના રાજકીય વિચારોનો પાયો હતો.

વકીલાત અને સમાજ

ઇ. સ. ૧૯૧૨ માં જ્યારે તેઓ હિંદમાં પાછા ફર્યા ત્યારે તેમને પરદેશમાં રહેતા હોય એમ લાગવા માંડયું. તેમને ઇંગ્લંડ પાછા ફરવાનું મન થયા કરતું અને બૅરિસ્ટરીના ધંધા પ્રત્યે અણગમો આવતો હતો. જો ધાર્યું હોત તો તેઓ બાહોશ બૅરિસ્ટર તરીકે પ્રખ્યાત થઈ શકત. તેમનામાં બુદ્ધિશકિત હતી, પ્રતિભા હતી, પિતાની લાગવગ હતી તેમજ એ સૌને માથે ટપે એવી પિતાની કાળજી, અને તેમનાજ હાથ નીચે કેળવણી મળવાની અનેરી તક હતી. પંડિત મોતીલાલજીને પોતાના જેવા જ મોટા વકીલ તેમને બનાવવાની હોંશ હતી. એમણે પિતાની સાથે જ અલ્લાહાબાદમાં વકીલાત શરૂ કરી. પંડિતજીએ એમને કામ સોંપવા માંડયું, પણ એ લહેરી જુવાનનું મન કામમાં ચોંટેજ નહિ. મહેનતનો એમને કંટાળો હતો, દેશ રુચતો નહિ અને પૈસા કમાવાની એમને જરુર લાગતી નહિ. લખીરાજ કેસમાં પિતાએ તેમને સાથે રાખ્યા પણ પંડિતજીને જાણ થઈ કે પુત્ર આ વિષયમાં આગળ ધપશે નહિ. પિતાને તેમણે કહ્યું. "હું રાજકીય ચળવળમાં કામ કરીશ; વકીલાત મને ગમતી નથી." આ રાજકીય ચળવળ એટલે આરામ ખુરશીમાં બેસી

રાજકારણ વિષેનાં ગપ્પાં હાંકવાં એટલું જ તેઓ માનતા. પિતાના આગ્રહને વશ થઈ તે હાઇકોર્ટમાં જતા, પણ ત્યાં મિત્રો સાથે ખુરશીમાં બેઠાંબેઠાં ચાપાણી પીવામાં અને રાજકીય પ્રશ્નોની ચર્ચામાં જ વખત પસાર કરતા.

બાળક હતા ત્યારે પિતાની સાથે એક વખત મુંબઈની મહાસભામાં તેઓ ગએલા. વિલાયતથી આવ્યા તે જ વર્ષે બાંદિપુર ગએલા. ઇ. સ. ૧૯૧૩ માં યુક્તપ્રાંતીય સમિતિમાં નિયમિત સભાસદ તરીકે નોંધાયા. હજુ કંઈ પણ સક્રિય ભાગ રાજકીય પ્રવૃત્તિમાં તેમણે ભજવેલો નહિ.

દક્ષિણ આફ્રિકામાં રંગભેદની હિલચાલ ચાલી રહી હતી. ત્યાં જઇ વસેલા હિન્દીઓને અપમાનિત કરનાર એ કાયદો હતો. તેમના સંકટનિવારણ અર્થે ફંડ કરવા સ્વ. ગોપાળ કૃષ્ણ ગોખલે મુસાફરી કરતા હતા. અલ્લાહાબાદમાં સ્વ. ગોખલેજીના પ્રાઈવેટ સેક્રેટરી તરીકે આ કાર્ય પૂરતું જ જવાહરલાલે કામ કર્યું. આ જ એમનો પ્રથમ સામાજિક કાર્યમાં સક્રિય ફાળો હતો. તે સમયે અલ્લાહાબાદમાંથી ૪૦ હઝાર રૂપીઆનું ઉઘરાણું તેમણે કરી આપેલું હતું.

આ જ સમયે ગોખલેજીના મૃત્યુ-સમાચાર હિંદને ચારેય કોણ ફરી વળ્યા. જવાહરલાલને આ દુઃખદ સમાચારથી આઘાત થયો. પૂ. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ઉપાડેલા સત્યાગ્રહની અદ્વિતીય અને અપૂર્વ લડતને વધારે સારા જુસ્સાથી સર્વ સ્થળેથી ટેકો મળવા લાગ્યો. ભારતમાતાના અણમૂલ દીકરાને ગૂમાવવા

બદલ દિલગીરીનો ઠરાવ પસાર કરાવવા જવાહરલાલે અત્યંત જહેમત ઉઠાવી, અલ્લાહાબાદમાં સાર્વજનિક સભા બોલાવી.

સારાય ભારતને માટે જવાહરલાલનાં આવાં લક્ષણ આદરણીય હતાં, ઉત્સાહપ્રેરક હતાં, પરંતુ નેહરુ કુટુંબના વડીલો માટે તે અક્ષમ્ય થઈ પડ્યાં. તેમને એકનો એક લાડીલો બેટો આમ રાજકીય અને સામાજિક ધમસાણમાં પડે તે જોયું ન ગયું. તરત જ તેને ગૃહબંધનમાં નાખવાનો વિચાર કર્યો. હિંદુઓની પાસે સ્ત્રી કે પુરુષને જકડવાનું, તેના ઉદ્દામ ને સ્વતંત્ર વિચારોને દાબી દેવાનું એક માત્ર સાધન છે, તે લગ્ન. ૧૯૧૬ના એ જમાનામાં, યુક્ત પ્રાન્ત જેવા પડદા પોશી મુલકમાં આ ઇંગ્લંડની હવાવાળા જુવાનને માટે પ્રેમલગ્ન તો અશક્ય હતું. છતાં એમને અતિશય અનુકૂળ, સુશિક્ષિત અને સુંદર જિવન-સહચરી મળી. દિલ્હીના શાહી વહેપારી શ્રી. જવાહરમલ કૌલનાં પુત્રી *કમલાદેવી કૌલ સાથે એમનાં લગ્ન થયાં. જે ઓછાં માણસો પણ પંડિત જવાહરલાલના કૌટુમ્બિક જિવનની પરાગ પામવા ભાગ્યશાળી થયાં છે, તે સૌ જાણે છે કે તેમનું લગ્ન કેવું મધુરું અને ધન્ય નીવડ્યું છે. એ સુશીલ ને દક્ષ મહીલા એમનો જિવન સંદેશ ઝીલી, એમનાં જિવનસહચરી નીવડી અર્ધાંગના કહેવડાવી શકે છે. એમની અગિઆર વર્ષની મનોહર પુત્રી ઇન્દુ બાળઘેલા ગાંધીજીની લાડીલી તરીકે જાણીતી છે.

* શ્રીમતી કમલા નેહરુ સને ૧૯૩૦ના ઑગસ્ટમાં મહાસભાની કાર્યવાહક કમિટિના સભ્ય નીમાયાં છે.

હિન્દના રાજકારણમાં તો એમણે પોતે ઈંગ્લેંડમાં હતા ત્યારથી જ રસ લેવો શરુ કરેલો. સ્વ. લાલાજીના દેશનિકાલના સમાચારે એમને ત્યાં પણ આઘાત પહોંચાડેલો. તે દિવસથી એમના હૃદય મંથનની શરુઆત થઈ. લાલ, બાલ ને પાલની ત્રિપુટી એમના હૃદય દેવો બન્યા. આ ત્રિપુટીના વિચારોએ એમના મનપર ઠીક ઠીક અસર કરેલી. પણ હજુ સુધી એમના રાજકીય બાબતમાં મૌલિક વિચારોને સ્થાન ન હતું.

એટલામાં બેસંટ મયાની અને લોકમાન્ય ટિળકની હોમરૂલની ચળવળમાં એમણે સક્રિય ભાગ લેવો શરુ કર્યો. તેમણે હોમરૂલ લીગની એક શાખા અલ્લાહાબાદમાં સ્થાપી, અને તેઓ જોડીઆમંત્રી તરીકે કામ કરવા લાગ્યા. પંડિત મોતીલાલજી પણ સભ્ય તરીકે કામ કરતા હતા. તે વખતે અવિશ્રાંતપણે એક પહરેણભેર રાત દિવસ રાષ્ટ્રનું કામ કરતા જવાહરલાલમાં આચાર અને હૃદયપલટાની શરુઆત સ્પષ્ટ દેખાતી હતી. તે સમયે ડૉ. બેસંટ તેમના બે જોડીઆ શ્રી. એરૂંડલ અને શ્રી. વાડીઆ સાથે ગિરફતાર થયાં. જેલમાંથી જ્યારે છુટયાં ત્યારે તેમના માનમાં જબરજસ્ત સભા અલ્લાહાબાદમાં ભરવામાં આવી જેમાં મોવડી તરીકે કામ કરનાર જવાહરલાલ પોતે હતા.

૧૯૧૪ના યુરોપીય યુદ્ધમાં સારાયે હિન્દે માણસની અને પૈસાની પુષ્કળ મદદ આપી. તે યુદ્ધ પૂરુ થયા બાદ ૧૯૧૯માં મૉન્ટફર્ડ સુધારાની હિંદને નવાજેશ કરવામાં આવી! અને તરત જ જેમ બાકી હોય તેમ પંજાબમાં ‘ માર્શલ લૉ ’ જાહેર કર્યો.

પંજાબના 'માર્શ્યલ લૉ' એ જવાહરલાલમાં અજબ પરિવર્તન કર્યું. હિંદે મૉન્ટફર્ડ રિપોર્ટ રૂપી લુખ્ખા ટુકડાનો ઇન્કાર કર્યો એટલે રૉલેટ કાયદો અને માર્શ્યલ લૉની હિન્દને ભેટ મળી. જલિયાંવાળાના ભીષણ હત્યાકાંડથી સરકારે રાષ્ટ્રશરીર પર જે ઘા કર્યો તેણે પ્રત્યેક દેશપ્રેમીના દિલમાં હોળી પ્રગટાવી. પંડિતનું પ્રકૃતિથી શાંત ખમીર ઉકળ્યું અને એમણે પંજાબ પ્રતિ પ્રયાણ માંડયાં. આમ કરતા પહેલાં પિતા–પુત્ર વચ્ચે લાંબો એવો મોઠો ઝગડો ચાલ્યો. અંતે જવાહરલાલે પૂજ્ય ગાંધીજીએ આરંભેલા અસહકારના વાતાવરણમાં ઝંપલાવ્યું. ત્યાં એમણે મહાસભાએ માર્શ્યલ લૉના અત્યાચારોની તપાસ કરવા નીમેલી સમિતિના કાર્યમાં મહાત્માજીને પડખે રહી ખડે પગે કામ કર્યું. ત્યાંના નિર્દોષ દેશ બાંધવોની કમકમાટી ભરી કૈફિયતો સાંભળી, એમણે નિશ્ચય કરી લીધો કે આ શાસનપ્રણાલિને કાં તો સુધારવી અથવા વધેરવી.

ઇ. સ. ૧૯૨૦ માં જવાહરલાલ પોતાનાં માતા બિમાર હતાં તેમને લઇને પોતાનાં પત્ની સાથે મસુરી હવા ફેર માટે ગએલા. ત્યાં જે 'હૉટેલ સેવૉય'માં ઉતર્યા હતા એ જ હૉટેલમાં સુલેહ પરિષદ માટે આવેલા અફઘાન પ્રતિનિધિ પણ ઉતરેલા. સરકારને શંકા પેઠી કે જવાહર રખે એમને મળી કાંઇ કાવતરૂં રચે! સરકારે મનાઇ હુકમ કાઢ્યો કે 'તમારે અફઘાન પ્રતિનિધિઓ સાથે મળવું હળવું નહિ' અને તેમ નહિ કરો એવી બાંહેધરી આપો. જવાહરે કહ્યું હું તેમને પિછાનતો નથી, ત્યાં આવી વિચિત્ર બાંહેધરી કેમ આપું? થયું. ચોવીસ કલાકમાં એમને મસુરીથી હદપાર કરવામાં આવ્યા. ફરી એમણે સરકારને

જણાવ્યું કે મારાં માતા બિમાર છે અને મારે મસુરી આવવું જોઈશે. તમે મારી સામેનો હદપારીનો હુકમ ખેંચો યા નહિ, પણ હું તો આવવાનો. સરકારને પાછળથી સદ્‌બુદ્ધિ સુઝી ને હુકમ પાછો ખેંચી લીધો. આ બધા પ્રસંગો એમનો હૃદયપલટો વધુને વધુ તીવ્ર કરતા જતા હતા.

આ નાનકડા દાખલામાં સરકારની બીન જરૂરીઆત વહેમી માનસિક સ્થિતિનું અને જોહુકમીનું દર્શન થાય છે, જ્યારે બીજી બાજુ જવાહરલાલનો કાયદા અને વ્યવસ્થા તરફનો સદ્‌ભાવ અને શાંત પણ સ્વમાન અને સ્વાતંત્ર્યપ્રિય સ્વભાવ દૃષ્ટિગોચર થાય છે.

અસહકારનાં પૂર જેમ જેમ વધવા લાગ્યાં તેમ તેમ એક સ્વતંત્ર તેમજ કડક લખાણવાળા દૈનિકની જરુર જણાઇ. જવાહરલાલની જહેમતના પરિણામે ૧૯૧૯ ના ફેબ્રુઆરીની નવમી તારીખે 'ઇન્ડીપેન્ડન્ટ' પત્ર વસંતપંચમી એટલે સરસ્વતીના જન્મ દિવસે પ્રકટ થયું. તેના ડાયરેકટર તરીકે પંડિત મોતીલાલજી, જવાહરલાલ, મહમુદાબાદના મહારાજા, વગેરે હતા. આ પત્રનો ઘણો ખરો મૂખ્ય કામનો બોજો જવાહરલાલને શિર હતો. નોકરશાહીના લોખંડી પંજાએ એને બંધ કર્યું અને ત્યારબાદ ટાઇપ કરેલી નકલો બહાર પડતી ત્યાંસુધી જવાહરલાલના લખાણોથી અવાર નવાર ઝગારા મારતું. તેના તંત્રીમંડળમાં મિ. હૉર્નીમન, સૈયદ હુસેન, રંગા આયર, અને જ્યોર્જ જોસેફની નામાવલી ખાસ ધ્યાન ખેંચે છે.

ખેડુતોની ખાતર

ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયાજીએ સને ૧૯૧૫માં યુક્ત પ્રાંત અને ઔધના ખેડુતોની સ્થિતિ સુધારવા 'કિસાન–સભા'ની સ્થાપના કરી કે જેથી તેઓ ધનપતિઓના અત્યાચારમાંથી મૂક્તિ મેળવે. ગામડાઓમાં ફરી કામ પૂરતું ખેતીવાડીનું શિક્ષણ આપવું, કો-ઓપરેટીવ સોસાએટીઓ ઉઘાડી વ્યાજખાઉ મખ્ખીચૂસોના પંજામાંથી તેમને છોડવવા અને સૌથી મહત્ત્વનું કામ તેમની વચ્ચે ઐક્ય સ્થાપી સંગઠન કરવાનું જેથી તેઓ જમીનદારોના અત્યાચારોને એક હાથે પહોંચી વળે. તેમાં મુખ્ય કાર્યકર્તા તરીકે બાબા રામચંદ્ર, બાબુ પુરુષોત્તમદાસ ટંડન, પંડિત ગૌરીશંકર મિશ્ર વગેરે હતા.

ઇ. સ. ૧૯૧૮ માં જવાહરલાલ 'કિસાન–સભા'ના ઉપપ્રમુખ નીમાયા. ટુંક સમયમાં ખેડુતોના દુઃખથી તેઓ વાકેફ થઇ ગયા. તેમની આંખ સદાને માટે ખુલી કે કિસાન ને ગામડાના ગરીબોના પૈસા ઉપર બહારની દુનિયા તાગડધિન્ના કરે છે. તેમને અફસોસ થયો કે આટલા લાંબા સમય સુધી પોતાની પડોશના નિર્માલ્ય ગરીબો કે જેમને એક ટંકના પણ સાંસા છે તેમને વિષે કંઇ પણ ન કર્યું. આ હતાશની પાછળ જેમ

હતું. નિરાશાથી એ ઘેરાએલા ન રહેતા. તે ધગશને પરિણામે તેમાં મન મૂકીને તેમણે કામ કર્યું. આવા લોકોમાં કામ કરી હિંદના રાંકને ટાઢ તડકામાં કામ કરવા છતાં પણ એક ટંકના સાંસા પડે એવા ભાઇઓને જોઈને આ સરકારની રાજ્યનીતિના તેઓ કટ્ટર વિરોધી બન્યા.

હવે તેમણે ઔધનાં ગામડાંઓમાં પ્રરિભ્રમણ કરવા માંડ્યું. તેઓ મોતીલાલજીના નબીરા તરીકે આનંદભવનના રહીશ જવાહરલાલ ન રહ્યા પણ ખરા કિસાન બન્યા હતા. કિસાનોને તેમના જ પગ ઉપર ઉભા રહેવાનું તેઓ શીખવવા લાગ્યા. માઇલોના માઇલો તેઓ ઉઘાડા પગે કાંટામાં અને ખાડા ટેકરાઓમાં દોડતા નજરે પડતા અને જે કંઇ ખેડુતોનાં ઝુંપડામાંથી ખાવાનું મળી રહેતું તે પર નીભાવી લેતા. હવે સેજ પલંગ ન હતા. પણ કોઈ ઝુંપડીમાં એક ધાબળો પાથરવાનો અને એક ઓઢવાનો એટલું રાત કાઢવા તેમને પૂરતું થઇ રહેતું.

ગામે ગામ 'પંચાયત' સ્થપાઇ ગએલી હતી. હવે ખેડુતો કોર્ટ કરતાં 'પંચાયત'ને વધારે માનતા. દરેક ખેડુત પોતાનું અને 'પંડિતજી'નું ભાથું બાંધી ટુંક વખતની ખબર મળતાં એકત્ર થઈ શકતા હતા. પણ આવા પરસેવાના પૈસા ખોટી રીતે પડાવી તેની ઉપર જીવતા, હરામનું ખાનારા અને શોધનારા ધનવાનો, અને બીજી બાજુ સરકારથી આ જાગૃતિ સાંખી શકાઈ નહિ. કેટલાક પૈસાદારોએ તો શહેરોનો આશરો લીધો!

રાયબરેલી જિલ્લામાં ઉંચાહર ગામમાં સને ૧૯૧૯ માં કિસાન પરિષદ્ ભરાવાની હતી. નોકરશાહી સરકારને ગમે તે

કારણે ઝગડો ઉત્પન્ન કરવો હતો. ખેડુતોનાં ટોળેટોળાં પરિષદની તારીખ અને સ્થળની ખબર પહોંચતાં ઉભરાવા લાગ્યાં. સરકારે, હિંદી જનતાના સ્વતંત્ર વિચાર અને આચારને દબાવવા ઈ. પી. કોડની ૧૪૪ કલમનો ઉપયોગ કર્યો. મામલો ગંભીર બનતો જતો હતો. પંડિત જવાહરલાલ અને ગૌરીશંકર ત્યાં હાજર હતા. સરકારી હુકમનો અનાદર કરી નાહકના ખેડુતોને પાયમાલ કરવાનો તેમનો વિચાર ન હતો. ઉંચહરમાં લગભગ ૫૦ હઝાર ખેડુતો જમા થએલા હતા અને એટલા બીજા રાયબરેલીમાં હાજર હતા.

ખેડુતોને શાન્ત પાડવા બનતો પ્રયત્ન કર્યો પણ જેઓ સો સો ગાઉ પગે ચાલીને આવેલા તે તો કહેવા લાગ્યા કે "નેહરુજી'નાં દર્શન કરાવો. પછી અમે ચાલ્યા જશું." પણ તેમને કોણ સમજાવે કે તેમની જ વચ્ચે પહેરણ ને ધોતીયું પહેરી ફરી રહેલ યુવાન જ 'નેહરુજી' છે? લાખોનો આશ્રયદાતા અને દુઃખ હર્તા એક ઉછરતો જવાન હોય એ જ એમની કલ્પના બહાર દેખાવા લાગ્યું ! અથાગ મહેનતને પરિણામે ગોળીબા'ર અટક્યો.

રાયબરેલીનો પ્રસંગ છે. ત્યાંનો એક તાલુકદાર પોતાની સ્ત્રીને અતિશય કનડગત કરતો. ઘણી સમજાવટ કર્યા છતાં પણ તે બંધ ન રહ્યો. એટલે સ્ત્રીએ 'પંચાયત' આગળ ફરિયાદ નોંધાવી. 'પંચાયતે' તાલુકદાર વિરુદ્ધ પોતાનો મત આપ્યો અને સ્ત્રીની ફરિયાદ સાચી ઠેરવી. તાલુકદારે આ ચૂકાદો ઘડીભર તો માન્ય રાખ્યો પણ પાછળથી પંચીઓની વિરુદ્ધ ફરિયાદ

નોંધાવી. સરકારને તો 'ભાવતું'તું ને વૈદ્યે કહ્યું' એના જેવું થયું. તરત જ પંચીઓને ગિરફતાર કર્યા. વાયુ વેગે ગપ ઉડી કે બાબા રામચન્દ્ર ગિરફતાર થયા છે. આટલી નાનકડી વાત કિસાનોનાં લોહી તપવવા બસ હતી. જેણે જેણે આ સમાચાર સાંભળ્યા તે સહુ રાયબરેલીમાં હાજર થયા અને એમ કરતાં ત્યાં જબર જસ્ત ખેડુતોનો જમાવ થઇ ગયો. સરકારથી આ તે કેમ સહ્યું જાય ? નદીને સ્હામે કાંઠે મિલિટરી ગોઠવાઇ ગઇ. ટોળાએ બાબા રામચંદ્રની અને પંચીઓના છુટકારાની માગણી કરી. જ્યારે સરકારી અફસરોએ જો તેઓ વેરાઇ નહિ જાય તો ગોળીબા'ર કરવાની ધમકી આપી. જવાહરલાલને તારથી ખબર મળતાં વિના વિલંબે તેઓ હાજર થયા હતા. પોલિસે ધાર્યું કે જવાહરલાલ સ્હામી બાજુએ જઇને ખેડુતોને ઉશ્કેરશે ! 'નેહરુજી' ને ખેડુત ભેગા ન થવા દીધા. ખોટી પ્રતિષ્ઠા રાખવા ખાતર સરકારી અમલદારોએ ગોળીબા'ર જાહેર કર્યો. કેટલા મર્યા ને કેટલા ઘવાયા તેની સંખ્યાની જાણ નથી. પણ જવાહરલાલને બંદુકમાંથી છુટતી દરેક ગોળી પોતાની છાતી ઉપર લાગતી હોય અને નોકરશાહીના કફનમાં વાગતી હોય એમ હરઘડીએ લાગતું. આ કમકમાટી ભર્યા દશ્યે તેમના ઉપર ઉંડી અસર કરી. ઘવાએલાઓની માવજત માટે તેઓ જાતે રાયબરેલી રોકાયા અને જ્યારે અલ્લાહાબાદ પાછા ફર્યા ત્યારે તેમની માવજત માટે ફંડ કરી મોકલાવ્યું.

ઔધનું આખુંય કિસાન આન્દોલન કોમલ અને કર્ત્તવ્ય-કઠોર યુવકની મહેનતનું પરિણામ હતું.

અસહકારનાં આંદોલનમાં

જલિયાંવાલા બાગમાં સરકારના પ્રતિનિધિ ડાયર–ઑડવાયરે નાદીરશાહી ચલવી. નિર્દોષ આબાલવૃદ્ધોના દેહ ગોળીથી આરપાર વિંધી નાખ્યા. નાસનાર ઉપર મશીનગનો ચલાવી. પાણીના અને વીજળીના સંબંધ કાપી નાંખ્યા. ભારતની આપણી માબેનોને નળનાં પાણી બંધ થવાથી કુવા કાંઠડે જતાં લશ્કરી સિપાઇઓએ અપમાનિત કરી. આ અમૃતસરનું અપમાન નહિ, પંજાબનું નહિ પણ સારાય ભારત વર્ષનું અપમાન હતું. તેને દાઝયા ઉપર ડામ હતો.

જગદ્ યુદ્ધ પુરૂં થયાને હજુ થોડો સમય થયો ન થયો ત્યાં મોન્ટફર્ડ રિપોર્ટથી હિંદને નવાજ્યો. જાણે એ અંગ્રેજ વેપારીઓ યુદ્ધ દરમિયાન આપેલી મદદના બદલામાં એટલું કાગળનું ફોતરૂં આપતા હોય એમ ઠાવકાં મોં રાખી વાતો કરવા લાગ્યા. પણ અક્કલ ગરાણે મૂકી હોય એમ વિચારી ન શક્યા કે એનો બદલો આવા ફરફરીઆથી ન વળે પણ હિંદની ચૂસણનીતિ બંધ કર્યે જ એ ઋણ ફીટે.

મહાત્માજીએ અસહકારનો કાર્યક્રમ દેશ આગળ ધર્યો. મહાસભાની કાર્યવાહક સમિતિની ખાસ બેઠક કાશીમાં મળી

ત્યાર બાદ મહાસભાની ખાસ બેઠક કલકત્તામાં મળી જ્યાં પંજાબ-સિંહ લાલાજીએ પ્રમુખસ્થાન લીધું. ત્યાં મહાત્માજીએ ત્રિવિધ માગણી રજુ કરી કે પંજાબમાં ગુજરેલા અત્યાચારના કરનારાઓને શિક્ષા થાય, ખિલાફતના પ્રશ્નને ન્યાય મળે અને હિંદમાં સ્વરાજ્ય સ્થપાય. આમ કરવાને દેશને હાકલ કરી કે સરકારી નોકરોએ નોકરીઓ છોડવી, વિદ્યાર્થીઓએ શાળા કૉલેજોનો ત્યાગ કરવો અને સરકારની તિજોરીમાં કર ન ભરવો. પરદેશી માલનો બહિષ્કાર અને ખાસ કરીને બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાની પણ તેમની સૂચના હતી.

ઇ. સ. ૧૯૨૩ ની યુકતપ્રાન્તીય પરિષદ્‌ના પ્રમુખપદેથી જવાહરલાલે ઉચ્ચાર્યું હતું કે " અસહકારનો વિચાર એ તદ્દન સાદો છે, સ્હેજ પણ બુદ્ધિવાળાને સ્હમજાય તેવો છે પણ આપણામાંથી ઘણા થોડાએ તેને કર્ત્તવ્યમાં મૂકી ફળ ચાખી જોયું છે. આપણે સહન કરીએ છીએ અને સાથ આપીએ છીએ તેથી સેતાન ફાવે છે. અતિશય જુલ્મી અને નિર્દય સત્તા રાજ ચલાવે છે, કારણ કે જેના ઉપર રાજ્ય ચલાવવાનું છે તે લોકો તેને મદદગાર નીવડે છે. ઇંગ્લંડ હિંદને પરતંત્રતાની બેડીઓમાં જકડી રાખે છે કારણ કે હિંદીઓ અંગ્રેજો સાથે સહકાર સાધે છે અને તેથી કરી અંગ્રેજી અમલને પુષ્ટિ આપે છે. એ સહકાર ખેંચી લ્યો કે તરતજ પરદેશી સત્તાનો તાંતણો તૂટી જશે." આમ અસહકારની તેમને મન પૂરેપૂરી કિંમત અંકાએલી હતી.

આખરે કલકત્તામાં મહાત્માજીનો કાર્યક્રમ માન્ય થયો.

પણ બિપિનચન્દ્રપાલ અને ભા. ભૂષણ માલવીયાજી તેમાં ન ભળ્યા. ઇ. સ. ૧૯૨૧ માં નાગપુરની મહાસભાએ આ કાર્યક્રમને બહાલ રાખ્યો અને મહાત્માજી ચળવળના ધુરંધર બન્યા. કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને દ્વારકાંથી દિબ્રુગઢ સુધી નાના મોટા, ગરીબ તવંગર સૌ આ ચળવળને સાથ દેવા તત્પર હતા.

જવાહરલાલે વકીલાત જેવું ખાસ કંઈ કર્યું નથી. પંડિત મોતીલાલજીએ અસહકારમાં, પોતાની બાદશાહી ઉપજની ધીકતી અને જામી ગએલી વકીલાત છોડી ઝંપલાવ્યું. પિતા, પુત્રને લઈને આમાં જોડાયા એમ કેટલાકનું માનવું છે. પંડિત કુટુંબના ખાસ સંબંધમાં આવનાર એક ભાઈ લખે છે: 'પિતા–પુત્રનો સ્નેહ તો ઘણાને માલૂમ છે. મહમૂદાબાદના મહારાજા જેવા તાલુકદારને ત્યાં એશઆરામ અને આસાયશની જિંદગી ગુજારનાર મોતીલાલજી, કેવળ પોતાના એકના એક પુત્રના સ્નેહથી ખેંચાઈને અસહકાર આન્દોલનની આંધીમાં આવી લાગ્યા. ત્યારથી સ્વભાવ અને પ્રકૃતિમાં ભિન્ન હોવા છતાં આઝાદીના યુદ્ધમાં તેઓ આગળ ને આગળ કૂચ કરતા રહ્યા છે. " આમ પણ બને એમાં નવાઈ નથી.

જે કંઈ થોડી ઘણી વકીલાત પ્રત્યે ચિંતા હતી તેને ઉંચી મૂકી હવે અસહકારની–હિંદની આઝાદીની–ચળવળમાં જવાહરલાલે ઝંપલાવ્યું. તેઓ યુક્તપ્રાંતીય મહાસભાના મંત્રી હતા અને તેથી કાર્યભાર તેમને માથે આવી પડયો. તેમનો ઘણો ખરો વખત તો મહાસભાનાં થાણાં જુદે જુદે સ્થળે નિયત

કરવામાં જતો. આને અંગે તેમને રખડપટ્ટી પણ ખૂબ જ ચાલતી. સવારના પાંચથી રાતના અગીઆર સુધી તેઓ કામની જ ધમાલમાં પરોવાએલા રહેતા. ત્રિવિધ બહિષ્કારનું-ખાદી પ્રચારનું, દારૂનિષેધનું, ગ્રામપંચાયતનું-કાર્ય પૂર જોશથી ચાલી રહ્યું હતું. ક્ષણેક્ષણે લાગતું કે ભારત મૈયાની બેડીઓ તૂટી રહી છે.

સરકારે ચારેય બાજુ દમનનીતિનાં પૂર વહેતાં મૂક્યાં. કોઈપણ ઉપાયે આ ચળવળને ગમે તે ભોગે–પ્રજાના જ ભોગે–દાબી દેવી હતી. મૌ. મહમદઅલ્લી જેવા લોકનેતાને પકડી હિંદભરમાં સણસણાટી ફેલાવી દીધી.

પંડિત મોતીલાલજીએ શરુ કરેલા રાષ્ટ્ર દૈનિક 'ઇન્ડીપેન્ડન્ટ' માં જવાહરલાલનો હાથ ન હોય એ કેમ બને ? દેશદાઝથી ધગી રહેલા એમના અંતરની જવાળાઓ એ પત્રને પાને પાને આલેખાએલી આજે પણ જોઇ શકાય છે. સરકારને એ લખાણમાં ફીતુરીપણાની ગંધ આવી. તે આરોપસર જવાહર પાસે માફી મંગાવવાનાં ફાંફાં માર્યાં. પણ આવી સ્વાર્થી સરકાર હિંદના આ સાચા નબીરાની દેશદાઝને પીછાની શકી ન હતી. માફી શાની માગે ? એણે તેમને કંઈ ન કર્યું પણ પત્રના તંત્રી ગા આયરને એક વર્ષની સખ્ત મજુરી સાથેની કેદ આપી.

આમ અસહકારની જવાળાઓ ચારેય બાજુ પ્રસરી રહી હતી. નોકરશાહીની સત્તાનો મૃત્યુઘંટ સંભળાતો હતો. આવા અવસરે પ્રિન્સ ઑફ વેલ્સ હિંદની મુલાકાતે આવ્યા. હિંદીઓ બીજી કયી રીતે એમનું સ્વાગત કરે ? તેમની પાસે એક માત્ર

સાધન હતું. જે પ્રદેશમાં થઈ તેઓ પસાર થાય ત્યાં હડતાલ પાડી નગરમાં સ્મશાનવત્ શાંતિ દેખાડી એ પાટવી કુંવરનું સ્વાગત કરવું. નોકરશાહીએ પણ આ હિલચાલને ફિતુરી અને ગેરકાયદેસર ઠરાવી, બહિષ્કાર સૈન્યના સ્વયંસેવકો પર દરેક સ્થળે દમનનીતિ માંડી. જવાહરલાલે પણ અલ્લાહાબાદમાં પોતાના શાળા જિવનના સહાધ્યાયીનું ઉપર પ્રમાણે સ્વાગત કરવા ભારે તૈયારી આરંભી, મહાસભાના સ્વયંસેવક બનીને તેમણે ભાષણો અને પત્રિકાઓથ' જોશભેર પ્રચારકાર્ય આરંભ્યું. ૧૯૨૧ ની છઠ્ઠી ડિસેમ્બરે અલ્લાહાબાદ ઉપર સરકારનો ખોફી પંજો પડયો ને નેહરુ કુટુંબમાંથી મોતીલાલજી, જવાહરલાલ, શ્યામલાલ, મોહનલાલ અને બીજા નેતાઓમાંથી શ્રી. પુરુષોત્તમદાસ ટંડન, ગૌરીશંકર મિશ્ર વગેરે નેતાઓને ગિરફતાર કર્યા. અસહયોગના સમયમાં કેદનું વૉરંટ લઇને પોલિસ ઑફિસરે આવી જવાહરલાલને ૧૦-૧૫ મિનિટ કુટુંબમાં સહુને મળી વાતચીત કરવાનો વખત આપ્યો, ત્યારે તેમણે તેમના સાથીને બોલાવી કહ્યું, 'લાવો જરુરી પત્રોના ઉત્તર લખાવી દઉં.' આમ જ્યારે બીજો કોઇ માણસ સગાં વ્હાલાંને મળવામાં અને આંસુ ખેરવવામાં ગૂંથાય ત્યારે એમણે સ્વદેશના કાર્યની મળતી ૧૦-૧૫ મિનિટ પણ અર્પણ કરી. વૉટર્લુના યુદ્ધમાં જતાં જતાં નૅપોલિયને એક સ્રીને ગ્રામ્ય શાળાની યોજના વિષે પત્ર આવેલો તેનો જવાબ લખાવ્યો હતો. આ વાત બન્ને નરોની કર્ત્તવ્ય પરાયણતા દેખાડનાર છે.

જવાહરલાલની ગિરફતારીના સમાચાર નગરમાં પ્રસરી

ગયા. લોકોનાં ટોળેટોળાં 'આનન્દભવન'ને બારણે ઉભરાયાં. જતાં જતાં સંદેશો આપ્યો. " હું જેલમાં મહા આનન્દ સાથે જાઉં છું. હું ખાસ માનું છું કે આથી આપણા કાર્યને લાભ છે અને વિજય ત્વરિત ગતિએ આવશે. યાદ રાખજો કે ૧૨ મી એ હડતાલનો દિન છે અને તમારામાંના દરેક બહિષ્કાર સૈન્યમાં સૈનિક બને. તમારી સૌથી પહેલી ફરજ શાન્તિ જાળવવાની છે. હવે અલ્લાહાબાદની આબરૂ તમારા હાથમાં છે."

તેમનો કેસ ચલાવવા લખનૌ લઈ જવામાં આવ્યા. બીજા સર્વેને અલ્લાહાબાદમાં કેસ ચલાવી સજા ફરમાવી લખનૌ મોકલાવી દીધા. જવાહરલાલને છ માસની શિક્ષા ફરમાવી તે બધા કેદીઓને રાજદ્વારી કેદીઓના ખાસ વર્ગમાં મૂકવામાં આવેલા હતા. તેમને દરેક પ્રકારની સગવડ આપવામાં આવતી. રોજના વ્યવસાય તરીકે પ્રાર્થના અને કાંતણ એ નિયમિત હતાં. જેલ સુપ્રિન્ટેન્ડન્ટ સાથે કંઈ ગેરસમજને લીધે તે સર્વેએ પોતપોતાના ભંગી બની જાજરુ સાફ કર્યાં હતાં. જવાહરલાલે જેલ જિવનનું આબાદ શિક્ષણ લીધું જ્યારે પંડિત મોતીલાલજી હરહંમેશ પુત્રના શારીરિક અને માનસિક શ્રમની ચિંતા જ કરતા હતા. પણ પુત્રે તો શ્રીમંતાઈની સુંવાળપ કે દહાડાની ફગાવી દીધી હતી. અરધીય સજા પૂરી નહિ થઈ હોય ત્યાં તેમને છોડી મૂકવામાં આવ્યા.

બહાર આવ્યા ને સાંભળ્યું કે સરકારે પંડિત મોતીલાલજી છૂટે તે પ્હેલાં મહાત્માજીને કેદ પકડ્યા છે. જવાહરલાલ સીધા અમદાવાદ આવ્યા અને મુકદમો ચાલતા સુધી ગાંધીજીની

ભલામણો લેવા અમદાવાદ રહ્યા. નોકરશાહીના અત્યાર સુધીના વર્તનમાં મહાત્માજીની ગિરફતારી એ ગહન ફેરફાર લાગ્યો અને તે દિવસથી આ જન્મ પર્યંતનાં નોકરશાહીને દફનાવવાનાં તેમણે વ્રત લીધાં.

રાત દિવસ અપરિમિત શક્તિ ખર્ચી રાષ્ટ્ર કાર્યક્રમને પાર પાડવા તેમણે મહાભારત શ્રમ ઉઠાવ્યો. સારાય યુક્ત પ્રાંતમાં વિદેશી કાપડ બહિષ્કારની ચળવળ ઉપાડી અને ખાસ કરીને અલ્લાહાબાદમાં ખૂબ જોશથી કામ ચલાવ્યું. ત્યાંના વ્યાપારી-ઓએ 'વ્યાપારી મંડળ' નામની સંસ્થા સ્થાપી, અને ૧૯૨૨ સુધી વિદેશી કાપડ આયાત ન કરવું એવો ઠરાવ પસાર કર્યો. જે કોઈ તેનો ભંગ કરે, તેને આંગણે ચોકી કરવાનું ઠરાવ્યું. ઘણી વખત આવી ચોકી મૂકવી પડી અને તેનું સંતોષજનક પરિણામ પણ આવ્યું. આ ચોકી તદ્દન શાંત અને અહિંસક હતી.

સરકારથી આ શી રીતે સહન કર્યું જાય ? જવાહરલાલને ગિરફતાર કર્યા. મેની સત્તરમી તારીખે તેમને ૧૮ માસની સજા ફરમાવવામાં આવી. ત્યાં તેમણે એક ચૂસ્ત અસહકારી તરીકે પોતાનો બચાવ ન કરતાં સ્ટેટમેન્ટ રજુ કર્યું. પોતાના સ્વદેશપ્રેમી ભાવથી તેઓ કહે છે કે "હું મ્હારા સારા કિસ્મતને જોઇ આશ્ચર્ય પામું છું. મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ ભારતમાતની સેવા કરવી એ એવડું નશીબદારપણું છે. પણ વ્હાલી માતૃભૂમિને માટે કષ્ટ પામવું એ! દેશને માટે દેહ અર્પણ કરવો અથવા મહાન્ સ્વપ્ન ફળીભૂત કરવા કરતાં

હિન્દી માટે બીજુ કયું સારૂં કિસ્મત હોઇ શકે ?" મુકદ્દમો ચાલતો હતો ત્યારે કચેરીમાં તેમણે કહ્યું હતું કે, "અહીં બહાર ! અહીં તો અજબ સુનસાન લાગે છે. બધાય સાથી જેલમાં છે. હું પણ ત્યાં જવા ઇંતેજાર છું." આમ બીજી વખત જેલમાં ગયા. ફ્જુ પણ જ્યાં તેમના સગાવ્હાલા કેદની શિક્ષા ખમી રહ્યા હતા તેમની સાથે તેમને લખનૌની જેલમાં લઇ ગયા.

૧૯૨૩ ના જાન્યુઆરીમાં હજી આઠ માસની પણ સજા ભોગવી ન ભોગવી ત્યાં બીજા રાજદ્વારી કેદીઓ સાથે તેમનો છુટકારો કરવામાં આવ્યો. ફરીથી તેઓ યુક્ત પ્રાંતીય સમિતિના મંત્રી ચૂંટાયા અને સ્વાભાવિક ઉત્સાહ અને રાષ્ટ્રપ્રેમથી કાર્ય શરૂ કર્યું.

કેદી જિવન

આમ અત્યાર સુધી બબ્બે વખત નોકરશાહીનાં નોતરાં સ્વીકારવાનો અવસર આવી ચૂક્યો. જવાહરલાલ જ્યારે ગામડાં કે પોતાની ઑફિસમાં કાર્ય કરે છે ત્યારે તે સંપૂર્ણ શિસ્તથી ભરપુર, કડક નિયમપાલનમાં માનનાર અને સ્હેજ પણ દીલ ચોર્યા વિના સ્વદેશના કાર્યમાં રાતદિન અણનમ ખંતથી ઝુકાવનારા દેશસેવકની આપણને પ્રતીતિ કરાવે છે.

બહાર જે નિયમપાલન ને ચીવટથી કામ કરવાની ટેવ હતી તે જેલમાં પણ કાયમ જ રહેલી હતી. તેમના જેલનિવાસ દરમ્યાન તેમના ગાઢ પરિચયમાં આવેલો એક 'સિપાહી' એ ભવ્ય કેદીની કાર્યદક્ષતા, સુવ્યવસ્થા અને તેમનું નિયમિત જીવનચક્ર તેમજ આજ્ઞાપાલન જોઇને આશ્ચર્યમુગ્ધ બનેલો. તેણે 'પ્રતાપ' માં તેમના આંતરજીવનની ઝાંખી કરાવતું નીચેનું સુંદર બયાન આપ્યું છે: 'જવાહર જેવો કર્મનિષ્ઠ યુવક આજ સુધી મારા જોવામાં કદી આવેલો નથી. પ્રાતઃકાળના પાંચથી તે રાતના દશ વાગતા સુધી પોતાના જિવન કાર્યમાં મચી રહેલા જવાહરલાલના હું ઘણા નિકટ પરિચયમાં રહેલો છું. ઝીણી ઝીણી બાબતોમાં પણ તેમની કાર્યદક્ષતા ઝળકી રહે છે. એકાદ

દિવસ ભોજન વિનાનો જાય, પણ રેંટિયો કાંત્યા વિનાનો હરગીઝ ન જાય. આળસ, સુસ્તી કે બીજો કોઈપણ પ્રમાદ એમના નિયમિત અધ્યયનમાં કદિ ડખલ ન કરી શકે. સુવ્યવસ્થા અને જિવનમાં અનુશાસનની ભાવના એ તો એમનાં ખાસ લક્ષણ છે. તેમની બેસવાઉઠવાની જગ્યા તદ્દન ચોકખી રહેતી. ત્યાં આગળ એક પણ રખડતા કાગળની ચબરખી કે તરણું સરખું ન મળે. વાળ ઓળવાના સામાનથી માંડીને તે રોજના વ્યવસાયની તમામ ચીજો (વાસણ કુસણ, લુગડાં લત્તાં) જ્યારે જુઓ ત્યારે એક જ ઢબથી મુકરર કરેલી જગ્યાએજ વ્યવસ્થિત પડયાં હોય. દરેક ચીજ સ્વચ્છ અને સફાઇ બંધ ગોઠવેલી હોય. પોતાનું કામ તો જાતે જ કરવાનો તેમનો ખાસ આગ્રહ. તેમાં બીજા કોઈની સહાયની અપેક્ષા સુદ્ધાં રાખે નહિ કદાચ કોઈ તેમનું કામ કરવાની ઇચ્છા બતાવે તો ગંભીર સુખમુદ્રાથી પણ મધુર કંઠે તેનો તરત અસ્વીકાર કરી લે.

જવાહરે આ પહેલાં ઘણા સમયથી પોતાની જાતને de-class કરવાના—એટલે કે શ્રીમંતાઈની નાતમાંથી નીકળી જઇ સર્વસામાન્યના સમાન ભેરૂ બનવા પ્રયત્નો આરંભેલા તે અહીં પણ ચાલુ જ હતા. પોતાનાં કપડાં જાતેજ ધોવાં, જાતે જ પોતાની પથારી તડકે નાખવી, પુસ્તકો ગોઠવવાં, સામાન સાફસુફ કરવો તથા વાસણો પણ જાતે જ માંજવાં—વગેરે બધું પોતાના હાથે જ કરતા.

એ જ ' સિપાહી ' તેમની જેલમાંથી સેનાની કવાયતનું વર્ણન કરે છે; ' જેલમાં અમે ધીરેધીરે એક નાની સરખી

લશ્કરી ટુકડી ઉભી કરી. એ ટુકડી દરરોજ કવાયત કરતી. હું પણ એ ટુકડીમાં દાખલ થયો. કવાયતમાં મારી બાહોશી જોઇને જવાહરે કૅપ્ટનની પોતાની માનનીય પદવી મને સોંપી દીધી અને પોતે સાધારણ સિપાઈમાં ભળી ગયા. ત્યાં એ સૌ પેઠે મારો હુકમ માથે ચડાવતા. મારો રૂઆબ ઘણો પડતો. હું કડક થઈ કહેતો 'સ્કવાડ અટેની......શન!' અને સાચા સિપાઇની જેમ જવાહર તરત સાવધાન બની અક્કડ થઇ ઉભા રહેતા. 'સ્કવાડ ડબલ......માર્ચ' નો હુકમ છુટે ને ભારતના ભાવી રાષ્ટ્રપતિ જવાહરલાલ એક નાચીઝ કપ્તાનના હુકમને માથે ચડાવી જાય દોડયા! એક મામુલી સિપાહીને પોતાનું કપ્તાનપદ સોંપીને પોતે આમ સાધારણ સિપાઇ બની ગયા, એ જ જવાહરલાલનું ગૌરવ હતું, એ જ એમની મહત્તા હતી. ભલે 'સિપાહી' સાહેબ! આપને એ કપ્તાનપદ માટે મુબારકબાદી! પણ આજે આપનો એ સિપાઈ ફીલ્ડ માર્શલ બની ગયો છે; માટે ધ્યાન રાખજો. આવતી લડાઇમાં એ હવે અનેકગણી કવાયત વસુલ કરશે!"

આ ઉપરાંત નીચેનાં શ્રી. મહાદેવભાઈનાં જેલનાં નાનકડાં સંસ્મરણો અહીં અસ્થાને નહિ ગણાય.

" જેલમાં અમે સાથે હતા ત્યારે બીજાની પાસે તો કામ કરાવી શકતા હતા. પણ પોતાનું જ કામ બધું જાતે કરી લેવાનો એમનો (જવાહરનો) આગ્રહ અનુકરણીય હતો. કપડાં ધોવાં એ રમતવાત હતી, પણ એક દિવસ ખાટલાની આખી પાટી કાઢી, એને બાફી અને એને ધોવા ઉપર કેટલાયે કલાક આપ્યા તે

હું ભૂલી શકતો જ નથી. આટલું કામ કરતાં જ્યારે સાંજ થતી ત્યારે તોફાન મસ્તી કરતાં તે ચૂકતા નહિ. જોસફ અને એ બંને તો વિલાયતવાસી ખરાને, એટલે વિલાયતના દિવસોનાં અનેક સ્મરણો કરે અને હાથમાં હાથ મેળવીને નાચે ! છતાં આ નાચથી તેઓ જેલમાં છે એ ભાન ભૂલી ગયા હતા કે શૂળીને માંચડે ચડવાનું આવ્યું તો તેની તૈયારી ન બતાવત એમ કોઇ ન કહેશે. ”

× × × “ જેલમાં હતા ત્યારે કોઈ ટહાર ચાલતો હોય તો તેને પાછળથી ધક્કો મારીને કહે, ‘ આમ શું ચાલે છે ? છાતી કાઢીને ચાલની ! ’ દોડતા હોય તો દોડવામાં ‘ શાન ’ જોઇએ, ગધેડા દોડે તેમ નહિ પણ શૂરા સિપાહી દોડે એવું દોડવું જોઇએ એમ કહીને દોડી બતાવે. ”

રાજકીય જિવન

જવાહરલાલ જેલમાંથી છુટી બહાર આવ્યા ત્યારે રાજકીય વાતાવરણમાં અવનવા ફેરફારો થયેલા હતા. મહાત્માજીના જેલમાં ગયા પછી કોઇ સારાય હિંદને દોરનારી શક્તિ નહિ હોવાને સબબે અસહકાર આંદલનની ઓટ ચાલતી હતી. મહાસભામાં બે ભાગલા પડેલા હતા. પંડિત મોતીલાલજી અને સ્વ. દેશબન્ધુ દાસના ભગીરથ પ્રયત્નને પરિણામે 'સ્વરાજ્ય પાર્ટી'ની સ્થાપના થઈ. ગયાની મહાસભામાં ફેરવાદીઓની સખત હાર થઈ. જવાહરલાલ તે સમયના વાતાવરણનું નીચે પ્રમાણે શબ્દચિત્ર દોરે છે: "જુનામાંથી વિશ્વાસ ઉઠી ગયો અને સાથે સાથે આપણે પણ આત્મવિશ્વાસ ગૂમાવી બેઠા. પછીનું એક વર્ષ આપણે આપણા ભેરુઓ સાથે કજીયા કંકાસમાં ગૂમાવ્યું. નાફેરવાદી અને ફેરવાદીઓ વચ્ચે કજીયા જામ્યા. આપણો મિજાજ આપણા કાબુમાં ન રહ્યો. પછી સાચો ન્યાય આપવાની તો વાત જ શી પૂછવી? એ રીતે ધીરે ધીરે શાંતિમય અસહકારે પોતાનાં કેટલાંક મૂળ તત્ત્વોને ગૂમાવવાનું શરૂ કર્યું અને કેટલાકને માટે તે સત્ત્વવિહીન થૂલા જેવો થઇ પડયો." સાથે સાથે તેઓ પોતાનો શાંતિમય અસહકારમાં અડગ આત્મવિશ્વાસ

જાહેર કરતાં કહે છે કે, "દિલ્હીની મહાસભા એ અસહકારનું સીમાચિહ્ન છે, એવી કોઈએ ટીકા કરી છે. હિંદમાં છેલ્લાં ત્રણ ચાર વરસથી રહેતો મનુષ્ય ભાગ્યે જ એને વજુદ આપે. આવી મહાભારત ચળવળને એક મહાસભાનો ઠરાવ દફનાવો દે એ જ મને કલ્પનાતીત લાગે છે. સારાય ભારત વર્ષે જો મહાત્મા ગાંધીના શિક્ષણને અપનાવ્યું હોય કે જો એ મંત્રને નાનકડો એવો લોકસમૂહ સાચો નીવડે તો અસહકાર કદી મરી શકતો નથી. આપણે એ શિક્ષણને માટે નાલાયક અને અશક્તિમાન નીવડશું તો પણ આપણા વારસો એ મહાન શસ્ત્રને વાપરશે અને સારીય આલમને દેખાડી આપશે કે સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું ને કલહનો નાશ કરવાનું એ એક માત્ર સાધન છે. શાંતિમય અસહકાર ચિરંજીવી છે. તેણે ભારત વર્ષની સીમા વટાવી છે અને હવે તે જગત આખાની મિલ્કત બનેલો છે."

તેમને માટે બે માર્ગ ખુલ્લા હતા. એક તો અસહકારમાં ન માનનારની પાછળ આંધળીઆં કરી ચાલવું અગર બન્ને બાજુની વચ્ચે સમાધાની કરી દેશના નાવને વિના હરકતે યોગ્ય માર્ગે નિર્વિઘ્ને ચલાવવું. પાછળનો માર્ગ શરુ કર્યો.

૧૯૨૨ ની મહાસભા સ્વ. દેશબન્ધુદાસના પ્રમુખપણા નીચે ગયામાં ભરવામાં આવેલી. સ્વ. દાસ કૌન્સિલમાં જવાના તેમજ સભ્ય તરીકે ત્યાં ઉભા રહેવાના મતના હતા. જ્યારે નાફેરવાદીઓએ તેમનો સખ્ત વિરોધ કર્યો. પ્રમુખની લઘુમતિથી હાર થઈ. તેમણે રાજીનામું આપ્યું અને ફેબ્રુઆરીની ૨૨ માએ મહાસભાની બેઠક સમાધાનીનો પ્રશ્ન ચર્ચવા મળી. આ

અણીને પ્રસંગે જવાહરલાલ જેલમાંથી છુટીને આવેલા. ખાસ કરીને તેમના અને મૌ. અબુલકલામ આઝાદના પ્રયત્ને સમાધાની થઇ. કમિટિએ તે બન્નેનો ઉપકાર સૂચવતી દરખાસ્ત પસાર કરી.

આ બે પ્રતિપક્ષીઓના ઝગડાને કારણે અલ્લાહાબાદમાં 'મધ્યસ્થ મંડળ'ની સ્થાપના થઇ. તેઓનું મન્તવ્ય એમ હતું કે બન્ને મંડળ પોત પોતાના સિદ્ધાન્ત સાથે દેશને ઉપયોગી છે. પણ તેમની સમાધાની લાંબી મુદત ન ટકે તેથી દેશને હાનિ થવાનો સંભવ છે. આથી આમણે ત્રીજું મંડળ સ્થાપ્યું. તેમણે મહાસભાની કાર્યવાહક સમિતિ પાસે મુંબાઇમાં મળેલી ૨૫ મીથી ૨૮ મી સુધીની મહાસભાની બેઠકનો કૌન્સિલ બાબતનો ઠરાવ પસાર કરાવ્યો. આથી મહાસભાની ચાલુ કાર્યવાહક સમિતિએ રાજીનામું આપ્યું. તેમને વિનતિ કર્યા છતાં રાજીનામુ પાછું ખેચ્યું નહિ એટલી નવી સમિતિ ડૉ. અનસારીના પ્રમુખપણા નીચે અને પંડિત જવાહરલાલના મંત્રીપણા નીચે સ્થાપવામાં આવી.

નાફેરવાદીઓએ કૌન્સિલ બહિષ્કારની ચળવળ ચાલુ રાખી, જેથી નાગપુરમાં તે વિષે વિચાર કરવા મહાસભાની કાર્યવાહક સમિતિ બોલાવવામાં આવી. જેમાં નાફેરવાદીઓની જીત થઈ. જેને પરિણામે જવાલરલાલે અને તેમની સાથે કામ કરનારાઓએ રાજીનામાં આપ્યાં. નાફેરવાદીઓના હાથમાં ફરી સત્તાની લગામ આવી.

દિલ્હીમાં મહાસભાની ખાસ બેઠક બોલાવવામાં આવી જેમાં સ્વરાજ્ય પક્ષના સભ્યો કૌન્સિલમાં જઇ શકે એવી

મતલબનો ઠરાવ પસાર કરી સમાધાન કરવામાં આવ્યું. તેણે રાજ્યબંધારણમાં ફેરફાર સૂચવવા એક કમિટિ નીમી જેમાં જવાહરલાલને કમિટિ બોલાવવાની પરવાનગી આપવામાં આવી. અકાલીઓ અને સત્યાગ્રહી સંબંધી નિરાકરણ લાવનાર સમિતિના સભ્ય તરીકે તેમની નિમણુંક કરવામાં આવી.

નભા રાજ્યમાં અકાલી શીખો પર સીતમ ગુજર્યો અને જવાહરલાલ પ્રો૦ કૃપાલાની તથા શ્રી. સંતાનમની સાથે તેમની વ્હારે ધાયા. પરંતુ પંડિતજીની હાજરી સરકાર કોઇ પણ રીતે સહન કરી શકે એમ ન હતું. એટલે જઈતુ પહોંચતાં જ તેમને રાજ્ય છોડી જવાનો હુકમ મળ્યો. જવાહરલાલને મન એ મનાઈહુકમની ચીથરા કરતાં વધારે કિંમત જણાઈ નહિ. તેમણે શહેરમાં પ્રવેશ કર્યો. પોલિસે તેમને હાથકડી કરી જેલમાં પૂર્યા અને હુકમના અનાદર માટે ૭ માસની અને કહેવાતા કાવત્રામાં ભાગ લેવા માટે ૧૮ માસ બીજી એમ સજા કરી. બીજે જ દિવસે તેમને ફરમાવવામાં આવ્યું કે તેમને સજા ભોગવવાની નથી પરંતુ ભવિષ્યમાં નભા સ્ટેટમાં લેખિત હુકમ સિવાય તેમનાથી દાખલ થવાશે નહિ. હજુય સરકાર માનતી હશે કે તે મનાઈ હુકમ તેમને બંધન કર્તા છે!

ટુંક મુદત પણ આવી ખરાબ જેલમાં રહેવાથી જવાહરલાલ ટાઇફોઇડ તાવના ઝપાટામાં આવી પડયા અને પથારીવશ થયા.

જ્યારે તેઓ નભા જેલમાં હતા ત્યારે તેમને યુક્ત પ્રાંતીય પરિષદના પ્રમુખ નીમવામાં આવેલા. તેમણે ત્યારબાદ ભાષણ તૈયાર કરેલું પણ માંદગીને સબબે હાજરી નહિ આપી શકેલા એટલે તે ભાષણ વાંચી સંભળાવવામાં આવેલું.

કોકનાડા મહાસભા સને ૧૯૨૩ માં મૌ. મહમદઅલીના પ્રમુખપણા નીચે મળી. ત્યાં નાફેરવાદીઓ હાર્યા અને સ્વરાજીસ્ટ જીત્યા. ત્યાં અખિલ ભારતીય સ્વયંસેવક દળની પરિષદ પ્રથમ વાર જવાહરલાલના પ્રમુખપણા નીચે મળી. મહાસભામાં મહાસભા સ્વયંસેવક દળ (Congress Volunteers Corps) સ્થાપવાનો તેમણે ઠરાવ રજુ કર્યો જેને બહાલી આપવામાં આવી. 'હિંદુસ્તાની સેવાદળ' અસ્તિત્વમાં આવ્યું જેના પ્રમુખ તરીકે જવાહરલાલની નિમણુંક થઈ. તેઓ મહાસભાના મંત્રી નીમાયા, ત્યારથી તે લાહોર મહાસભામાં તેઓ પ્રમુખ ચૂંટાયા ત્યાં સુધી સને. ૧૯૨૬–૨૭ માં જ્યારે તેઓ યુરોપની મુસાફરીએ ગયા તે સમય બાદ જતાં એકધારૂં મંત્રીપણું તેમણે સાચવ્યું.

હિંદી નવજવાનોને તેમના ધ્યાનમંત્ર Live dangerously —અગ્નિજિવન જીવો—ની પ્રતીતિ તેઓ દરેક ક્ષણે કરાવી રહ્યા છે, અને તેનું જ સિંચન યુવાન હૃદયોમાં હરહંમેશ પોતાની કર્તવ્ય-પરાયણ સ્વદેશપ્રેમની ધગશથી કરી રહ્યા છે.

સાહસ ખેડવાની તેમનામાં અજબ્ય શક્તિ છે. સાહસ ખેડી જાણે છે એટલુંજ નહિ પરંતુ મુખ ઉપર ગ્લાનિની એક પણ રેખા દષ્ટિગોચર થતી નથી. આપત્તિની સામે તેમનું હૃદય બંડ જગાવે છે અને બંડની ભાવનામાંથી અદ્ભુત શક્તિથી તેની સામે ટક્કર ઝીલી વિજયવંત નીવડે છે." સાહસ એ એમનો યૌવન–ધર્મ છે. જ્યાં વિપત્તિઓ વધારે હોય, બલિદાન દેવાનો સમય હોય, ત્યાં એ આપમેળે ખેંચાઇને હાજર થાય છે. પારકાનું દુઃખ દૂર કરવામાં ખર્ચાતી શક્તિના પ્રમાણમાં ઓછો લાભ જોતાં કેટલાક 'સ્થિતપ્રજ્ઞો' પાછા ભાગે છે તેવા મનુષ્યોની

ગણત્રીમાં તેઓ નથી. તેમનું જિવન બલિદાન સારુ જ છે." ઉપર પ્રમાણે તેમના સ્વભાવનું તેમના અંગત પરિચયમાં આવનાર એક ભાઈ વર્ણન આપે છે.

૭ વર્ષના લાંબા ગાળા પછી ઈ. સ. ૧૯૨૪ માં હિંદુસ્તાનનો મહાન કુંભમેળો ભરવાનો હતો. લાખોની સંખ્યામાં હિંદુ ભાવિક યાત્રાળુઓ ત્રિવેણીસંગમ ઉપર પુણ્ય મેળવવા જમા થવાના હતા. ત્રિવેણી સંગમના પવિત્ર સ્થાન આગળ પાણી ઉંડું હતું. સરકારની કાર્યવાહક સમિતિએ એ જગ્યા ભયવાળી હોવાથી તેની ચારેય બાજુ વાડ કરી લીધી, જેથી યાત્રાળુનો જાન જોખમાય નહિ. આથી યાત્રાળુઓની ધાર્મિક વૃત્તિને અપમાન દેવા જેવું થયું. બીજી બાજુ તે પવિત્ર મનાતી જગ્યાએ રેતી વગેરે નાખવાથી તેને છીછરી બનાવી શકાય તેમ હતી. તે માટે ખુબ પૈસા અને મહેનતની જરુર પડે તેમ હતું. આમ થાય તો યાત્રાળુઓ જે દૂર દૂરથી આવનાર હતા તેમની ધાર્મિક વૃત્તિને તૃપ્તિ મળતે. ભારતભૂષણ માલવીયાજીએ આ બાબતમાં સરકાર સાથે લાંબો પત્રવ્યવહાર કર્યો. પરિણામ શૂન્ય આવ્યું. જવાહરલાલથી આ સહ્યું જાય તેમ ન હતું. તેઓ ત્યાં ધાર્મિક વૃત્તિથી પ્રેરાઇને નહિ પણ પોતાના દેશબાંધવોના હક પર ખોટી રીતે મરાતી ત્રાપ જોઈ તે દૂર કરવા મહાસભાનું સ્વયંસેવક દળ લઈ દોડી આવ્યા. માલવીયાજી તોડ લાવવાને મથતા હતા, તે દરમ્યાન તો આ નવજવાને સત્યાગ્રહ આરંભવાનો નિર્ણય જાહેર કર્યો. ચારેય બાજુ ઘોડેસ્વાર અને પાયદળની વાડ બાંધી લીધી હતી. કલાકો પર કલાક વીત્યા. સમાધાની તો ઉડી ગઈ.

જવાહરલાલે આવા કટોકટીના પ્રસંગે અજબ નિરાકરણ શક્તિનો ઉપયોગ કર્યો. એક પળના વિલંબ સિવાય તેમણે હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે આડા ઉભા કરેલા બંધની દરકાર કર્યા વગર નદીમાં ઝંપલાવ્યું. પાછળ સ્વયંસેવકો ને તેમની પાછળ ધર્મ-ઘેલાં યાત્રાળુઓની હારની હાર તૂટી પડી! સરકારની ઘોડેસ્વાર પોલિસ અને પાયદળ તો ક્ષણભર પત્થરવત બની ઉભાંજ રહ્યાં. ક્ષણમાં શું પરિવર્તન થયું તેની તેમને સમજણ ન પડી. આવા સત્યાગ્રહ સામે ગમે તેવી સરકાર સમાધાન ન કરે તો શું કરે? થોડા સમયમાં રેતી વગેરે નાંખી તે જગ્યા છીછરી બનાવી દીધી. ધર્મપ્રેમી ભાવિક યાત્રાળુઓને ત્રિવેણી સ્નાન કરાવ્યાનું ફળ બાંધી જવાહરલાલ ને સ્વયંસેવકો પાછા ફર્યા.

જેલમાંથી પાછા આવ્યા બાદ શ્રી. પુરુષોત્તમદાસ ટંડનના પછી અલ્લાહાબાદ મ્યુનિસિપાલિટિના પ્રમુખ તરીકે તેમની વરણી કરવામાં આવી. એ ખુરશી માટે એવો જ નર જરુરનો હતો. હિંદુ મુસલમાનના ઝગડા હતા, અને તેઓ એક બીજા તરફ શંકાની નજરથી જોતા. આવા સ્વભાવના પ્રમુખ મેળવવાથી એ સહુ વાતનો નીકાલ આવવાની આગાહી કરવામાં આવી. શ્રી. ટંડને જે સરકાર સામે લડત ઉપાડેલી તેને આ રાષ્ટ્રપ્રેમી યુવાને શરુ રાખી. અહીં તેમણે અનેક જુના કુધારા કાઢી નાખ્યા. ખાદી અને ચરખાને પ્રાધાન્ય આપ્યું અને ત્યાંની મહિલા વિદ્યાલયને સારી એવી મદદ આપી.

ભાગ્યેજ પોતાની સેવા ત્રણેક વર્ષ અલ્લાહાબાદ મ્યુનિસિપાલિટિને આપી હશે ત્યાં તો તેમનાં પત્નીની બિમારીને કારણે તેમને યુરોપનો પ્રવાસ કરવો પડયો.

યુરોપને પ્રવાસે

૧૯૨૫ની આખરમાં શ્રીમતી કમલા નહેરુની તબીયતે ચિંતાજનક સ્વરૂપ લીધું. સ્વીટ્ઝર્લેન્ડમાં તે રોગના ખાસ નિષ્ણાતની તબીબી સારવાર નીચે તેમને રાખવાં એવી દાક્તરી સલાહ મળી. ૧૯૨૬ ના માર્ચમાં જવાહરલાલ તેમનાં પત્ની સાથે યુરોપ જવા ઉપડયા. માસની આખરે તેઓ વેનિસ પહોંચ્યા. જીનેવા અને મોન્ટેનામાં તેમનાં પત્નીની સારવાર કરવાની હતી. એક બાજુ પત્નીની તબીયતની ચિંતા અને બીજી બાજુ હિંદ મૈયાનો પોકાર. આમ ચિત્ત દ્વિધાવૃત્તિ તરફ આકર્ષાતું હતું. તેમણે હિંદી પ્રશ્ન ચર્ચંતા કેટલાય લેખો યુરોપનાં સામાયિકોમાં લખ્યા. હિંદી સામાયિકોમાં પણ લેખ મોકલતા.

જયારે તેઓ સ્વીટ્ઝર્લેન્ડમાં રહેતા ત્યારે કેટલીકવાર તેમને ફ્રેન્ચ નવલકથાકાર અને મહાન વિચારક રોમાં રોલાંની મુલાકાત થએલી. મોં. રોલાં એ હિંદી સંસ્કૃતિના ઉપાસક છે અને સારાય હિંદનું ભલું ઇચ્છનાર છે. મહાત્માજીના તેઓ ભક્ત છે અને અસહકારની ચળવળના ખાસ પ્રશંસક છે. મહાત્મા ગાંધી ઉપર તેમણે એક પુસ્તક+ લખ્યું છે. ઈટલિમાં તેઓ ફેસીસ્ટ

+ Mahatma Gandhi the man who became one with the Universal Being (1924)

ચળવળના કેટલાક નેતાઓને મળ્યા. પત્નીની તબીયત સુધરી એટલે ફ્રાંસ, હૉલંડ, જર્મની, બેલ્જિયમ અને ઈંગ્લંડમાં ભ્રમણ કરવાની સાથે સાથે ભાષણો અને લેખો દ્વારા હિંદના પ્રશ્નનો યુરોપીય દેશોને પરિચય કરાવવામાં એમની લેખિની અને કંઠ વિરમ્યા નથી. આ સફરમાં તેમને દેશવટો ભોગવતા હિંદીઓ, વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય, સ્વ. રાજા મહેન્દ્રપ્રતાપ, સ્વ. મૌલવી બરકતુલ્લાહ, સ્વ. શ્યામજી કે. વર્મા, ચંપક રામન પિલે વગેરેની મુલાકાત થઈ.

યૂરોપની તેમની આ સફર દરમ્યાન બીજી પણ એક અગત્યની કાર્યવાહીમાં એમણે સાથ પૂર્યો. ૧૯૨૮ ના ફેબ્રુઆરીમાં 'સામ્રાજ્યવાદ વિરોધી આંતર રાષ્ટ્રીય મહાસભા' International Congress against Imperialism નું પહેલું અધિવેશન ભરાયું. તેમાં હિંદી મહાસભા તરફથી તેઓ પ્રતિનિધિ ચૂંટાયા હતા. આ મહાસભામાં જગત ભરની પરતંત્ર અને કચડાતી પ્રજાઓના પ્રતિનિધિઓએ ખુબ ભાગ લીધો હતો. જવાહરલાલનો કાર્યવાહક સમિતિમાં પણ હિસ્સો હતો. અને એક બેઠકના તો તે પ્રમુખ પણ નીમાએલા. એ મહાસભાની પાંચ નાની નાની બેઠકો ઠરાવાઇ હતી અને તેના પાંચ જુદા જુદા માનદ પ્રમુખો નીચે મુજબ ચુંટાયા હતા (૧) જવાહરલાલ નેહરુ–હિંદ, (૨) એઇન્સ્ટીન–જર્મની, (૩) રોમાં રોલાં–ફ્રાંસ, (૪) શ્રીમતી સન્ યત્સેં–ચીન, (૫) જ્યોર્જ લૅન્સબરી–ઇંગ્લંડ. આ નામાવલિમાં જવાહરલાલનું નામ તેમની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો સંપૂર્ણ ખ્યાલ આપે છે. ત્યાં તેમણે હિંદ અને પૂર્વના દેશોના દર્દનો તાદશ્ય ચિતાર રજુ કર્યો અને જ્યાં

સુધી તેમને આઝાદી નહિ મળે ત્યાં સુધી એ દુઃખનો અંત પણ નથી એમ સ્પષ્ટ સ્પષ્ટ સંભળાવી દીધું.

બ્રસેલ્સથી તેઓ જર્મની ગયા. સારી આલમને પોતાના પરિવર્તનના બળે ચકિત કરી રહેલા રશિયાની મુલાકાત લીધી. સોવીયેટ સરકારની સ્થાપનાના પ્રથમ દસકાની ઉત્સવ ઉજવણીમાં ભાગ લેવા તેમને આમંત્રણ હતું. એ મુલાકાતનું પરિણામ તે તેમણે હિંદને રૂસની રાજ્યક્રાન્તિનો પરિચય કરાવવા લખેલો 'સોવીયેટ રશિયા'નો નાનકડો ગ્રંથ.

રશિયન રાજ્યક્રાંતિએ ઝારના વખતના રાજ્યની કરેલી ફેરફારી ખાસ ધ્યાન દોરે તેવી હતી. ગગન ચુંબિત મહાલયને ઑફિસ રૂમ, હૉટેલ, કિન્ડર ગાર્ટનની શાળાઓ અને એવાં બીજાં લોકોપયોગી કામ કરતી સંસ્થાઓના આલય તરીકે ફેરવી નાખ્યો હતો. દેવળની બહાર પડતી ભીંત ઉપર લખેલું હતું. "જનતાને માટે ધર્મ એ અફીણ સમાન છે.!" જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં ત્યાં તે સહુ સોવિયેટ સરકારના મ્હેમાન બનતાં. દરેક સ્થળે તેમણે કારીગર, કિસાન કે અફસરની વચ્ચે ભેદભાવ ન જોયો. સહુ એક બીજાને ભેરૂબંધ (Comrade–Towarish) કહી બોલાવતા. કારખાનાંઓ પણ સરકાર નીભાવતી અને હથોડો અને દાતરડાના ચિહ્નથી સુચિત થએલો બૅજ પહેરવામાં દરેક અભિમાન લેતા. સીનેમાઓ પણ પ્રજાની કેળવણી અર્થે વાપરવામાં આવતા. ત્યાં ઝારના પતનનો અને લેનિનની ઉજવળ કારકિર્દીના ઇતિહાસનો ચિતાર દેખાડવામાં આવતો. (જ્યારે

આપણા પરાધીન દેશમાં પરદેશીઓ ક્રાઇસ્ટનો અવતાર માને છે એવા પૂ. મહાત્માજીની સ્વાતંત્ર્ય કૂચના દેખાવો બતાવવા દેવામાં નથી આવતા, અને જો એનો નિયમભંગ થાય છે તો સરકારની જેલ ઉઘાડી હોય છે. એ આશ્ચર્યની સાથે વધુ આશ્ચર્ય તો એ છે કે આથી સરકારની મૂર્ખાઈનો છેડો મપાઇ જાય છે. મહાત્માજીની જીવતી જાગતી કૂચને—જંગમ સત્યાગ્રહ આશ્રમ–ને ઠેઠ નિર્ધારેલે સ્થાને પહોંચવા દીધી અને તેની છબીઓ ચિત્રપટ ઉપર નહિ! બુઝાતા દિપકની એ છેલ્લી ઝાગ નહિ તો બીજું શું?)

આ સર્વ દશ્યોએ જવાહરલાલનામાં રાજકીય અને સામાજિક ક્રાન્તિના વિચારોને જન્મ આપ્યો.

છેવટે તેમનો વિચાર ત્યાંનાં કેદખાનાં જોવાનો હતો. તેમણે મોસ્કોની જેલ જોઈ. ત્યાં કેદીઓને મારી મારીને, સીમેંટના રોટલા ને કાંકરીવાળુ ગોતાબાફણું આપીને કે ગમે તેવાં હલકટ કામ નિર્દય રીતે માર મારીને કરાવવામાં નથી આવતાં પણ કેદીઓ ઉંચા પ્રકારનું ગૃહજિવન જીવતાં શીખે છે. તેમને સર્વ પ્રકારની, 'સદ્‌ગૃહસ્થ' થઈ બહાર નીકળે તેટલા સારૂ તાલીમ આપવામાં આવે છે. આ તો સામાન્ય કેદીઓ તરફના વર્તનની વાત છે. જે વર્તન અત્યારના આપણા રાજકીય કેદીઓ તરફ દર્શાવવામાં આવે છે તેના કરતાં ત્યાંનું સામાન્ય કેદી તરફનું વર્તન હઝારો બલ્કે લાખો દરજ્જે ચઢિયાતું છે.

મદ્રાસમાં મહાસભા ભરાવાનો સમય જલ્દી પાસે આવતો હતો એટલે તેમને હિંદ પાછા ફરવું પડયું. તેમને થોડો સમય રશિયામાં રોકાવાની ઇચ્છા હતી છતાં ફરજ એટલે ફરજ.

રાજકારણપટુતા

પંદરેક વર્ષ ઉપર જ્યારે જવાહરલાલ યુરોપથી પાછા આવ્યા ત્યારે યુરોપીયન સંસ્કૃતિના ખાસ પ્રશંસક તરીકે પોતાને ગણાવવામાં અભિમાન લેતા. આ સમયે એથી જુદી મનોવૃત્તિ સાથે તેઓ યુરોપથી પાછા ફર્યા.

અત્યાર સુધી રશિયા વિષે તેમણે સાંભળેલું અને વાંચેલું. કંઇક અંશે તેઓ બૅાલ્શેવિઝમના પક્ષપાતી બનેલા. આ વખતે સામ્યવાદ તેમની રગેરગમાં પ્રસરી ગએલો હતો, અને એક ચૂસ્ત સામ્યવાદી તરીકે તેઓ હિંદ પાછા ફર્યા. હવે તેમને લાગ્યું કે હિંદને મુક્તિ પંથે દોરવામાં કારીગર અને કિસાનનો ઉદ્ધાર કર્યા વિના છુટકો નથી. યંત્રવાદની વિરુદ્ધનો તેમનો મત ઉડી ગયો હતો અને તેઓ માનતા કે સ્વરાજ્ય–સરકાર તરફથી દેશભરમાં મોટાં કારખાનાં ખોલવામાં આવે. તેઓ કહેતા કે "યંત્ર માણસની સેવા કરે, પણ તેના ઉપર સત્તા જમાવે એ ન બનવું જોઇએ." 'હવે હિંદનું ધ્યેય પૂર્ણ સ્વરાજ્ય હોવું જોઇએ' એમ તેઓ માનવા લાગ્યા, અને રાષ્ટ્ર કાર્યમાં કારીગર અને કિસાનનો પણ ફાળો હોવો જોઇએ એવો તેમનો દૃઢ મત બંધાયો.

મદ્રાસ મહાસભામાં તેમણે બે અગત્યના ઠરાવો પેશ કર્યા.

એક 'યુદ્ધનો ભય' ને બીજો 'પૂર્ણસ્વરાજ્ય'નો. આ બન્ને ઠરાવો રજુ કરતાં યાદગાર ટુંકાં ભાષણો તેમણે આપ્યાં. તેને પરિણામે મહાસભાએ 'પૂર્ણસ્વરાજ'નો હિંદના આખરી ધ્યેય તરીકે સ્વીકાર કર્યો. આ ઠરાવોએ સારાય હિન્દનાં આંખ જવાહરલાલ તરફ આકર્ષી. હવે તે નવજવાનોના હૃદયમાં નિત્યવાસ કરવા લાગ્યા.

મદ્રાસની મહાસભાએ તેમની કર્મસચીવ તરીકે વરણી કરી તેમનામાં વિશ્વાસ પ્રદર્શિત કર્યો.

૧૯૨૮ ના માર્ચના અંતમાં દિલ્હીમાં ભરાનાર 'સર્વ પક્ષ પરિષદ્' સમક્ષ હિંદનું બંધારણ શું હોવું જોઇએ એ કાર્યવાહક સમિતિએ દરેક પક્ષના પ્રતિનિધિને પૂછી, નકકી કરી તેનો રિપોર્ટ રજુ કરવો જોઈએ એવો મહાસભાએ ઠરાવ પસાર કર્યો. હુકમ મુજબ જવાહરલાલે ધાર્મિક, સામાજિક, રાજકીય, ઔદ્યોગિક તેમજ મજુર પક્ષ વગેરેના પ્રતિનિધિઓ સાથે પત્ર વ્યવહાર કરી 'સર્વપક્ષ પરિષદ' જેમ બને તેમ વહેલી ભરવાને પ્રયત્ન કર્યો. ઘણાખરા પક્ષે નિમંત્રણ સ્વીકાર્યું અને ફેબ્રુઆરીની ૧૨ મી તારીખે દિલ્હી મુકામે પરિષદ મળી. કાર્યવાહક સમિતિના સભ્ય અને કર્મસચીવ તરીકે તેમને અથાગ જહેમત ઉઠાવવી પડેલી. મુસ્લીમ લીગે પાંચ શરતો મૂકી. જેનો નિકાલ થયે તેઓ પરિષદ્‌માં આવે એવું તેમણે જાહેર કર્યું. કામ વિકટ થયું. બે પેટા કમિટિઓ નીમાઇ. એકે સિંધને છુટું પાડવું કે નહિ તે સંબંધી તપાસ કરી રિપોર્ટ કરવો અને બીજાએ સપ્રમાણ પ્રતિનિધિત્વ મુસ્લીમો મળે એ બાબતની તપાસ કરી રિપોર્ટ કરવો એમ નકકી થયું. ફરીથી મુંબાઇમાં તે જ પરિષદ

મળી. આટલા વખતમાં તો હિંદુ મહાસભાએ મુસ્લીમ માગણીઓ વિરુદ્ધ કેટલાય ઠરાવો પસાર કરેલા, જેથી વાતાવરણ ખૂબજ કટોકટીને મામલે પહોંચ્યું હતું. હવે પરિષદ્ બોલાવ્યે કંઈ વળશે નહિ એમ ધારી દરેક જુદા જુદા વિચાર ધરાવતાં મંડળોના પ્રતિનિધિ વાળી એક કમિટિ, હિંદનું ભાવિબંધારણ નક્કી કરવા પંડિત મોતીલાલજીના પ્રમુખપણા નીચે નીમી. આ કમિટીએ જે રિપોર્ટ બહાર પાડ્યો તે 'નેહરુ કમિટિ રિપોર્ટ' તરીકે પ્રશંસા પામ્યો છે. 'નેહરુ કમિટી'એ ખાસ કરીને જવાહરલાલને તેમના અથાગ પરિશ્રમ, અદમ્ય ઉત્સાહ અને સહૃદય સાથ માટે અભિનન્દન આપ્યાં છે.

આમ હોવા છતાં જવાહરલાલ તે રિપોર્ટને સંપૂર્ણ માન્ય ન રાખી શક્યા. સાંસ્થાનિક સ્વરાજ એ હિંદનું ધ્યેય ન હોવું જોઇએ પણ પૂર્ણ સ્વરાજ હોવું જોઇએ એમ તેઓ માનતા હોવાથી તેમનાથી તેઓ વિરૂદ્ધ પડયા. લખનૌના સર્વપક્ષ પરિષદમાં તેઓ ભારત ભૂષણ માલવીયાજીની વિરુદ્ધ આ કારણે જ પડયા અને પોતે અને પોતાના જેવા વિચારવાળા સાથીઓનો જુદો મત નોંધાવ્યો. જે પૂર્ણ સ્વરાજવાદી હતા, તેમણે શ્રી. શ્રીનિવાસઆયંગરના પ્રમુખપણા નીચે જુદું હિંદી પૂર્ણ સ્વરાજ મંડળ–Independence of India League સ્થાપ્યું. જવાહરલાલ તેના કર્મસચીવ નીમાયા. ૧૯૨૮ ના નવેમ્બરની ત્રીજી અને ચોથી તારીખે તેમણે પોતાનું બંધારણ ઘડી કાઢ્યું, અને પૂર્ણ સ્વરાજની પ્રાપ્તિ અર્થે હિંદભરમાં પોતાની ઘડી કાઢેલી ચળવળ શરૂ કરવા પ્રયત્ન કર્યો.

૧૯૨૮ ની કલકત્તા મહાસભા પંડિત મોતીલાલજીના પ્રમુખપદે મળી પિતા પુત્ર વચ્ચે હિંદનું ધ્યેય શું હોવું જોઈએ તે સંબંધી મીઠી ઝપાઝપી ચાલી.

જવાહરલાલમાં જેટલી સિદ્ધાંત પ્રિયતા છે તેટલો ભારોભાર વિનય પણ ભરેલો છે. ઉચ્છૃંખલતા સ્હેજ પણ નથી. મહાત્માજી મહાસભામાં નેહરુ રિપોર્ટ બાબતનો ઐતિહાસિક ઠરાવ રજુ કરવાના હતા તે વખતે એક વિનયની ખાતર તેઓ ગેરહાજર રહેલા. સિદ્ધાન્તની સમાધાનીમાં માનતા નહિ અને પોતાની પાર્ટીએ સમાધાની કરી તેથી તેમને ઘણું જ લાગી આવેલું. મહાત્માજીને તેમને વિષે તેમના વર્તનથી ઘણો ઉચ્ચ અભિપ્રાય બંધાયો. તેમનામાં સૈનિકના સર્વ ગુણોનો સમાવેશ જોયો.

મહાસભા જો બ્રિટિશ સરકાર ૧૯૨૯ ના ડિસેમ્બરની ૩૧ મી તારીખ સુધીમાં સાંસ્થાનિક સ્વરાજ હિંદને ન આપે તો ૧૯૩૦ ના જાન્યુઆરીની પહેલી તારીખથી પૂર્ણ સ્વરાજવાદી તરીકે જાહેર થશે એવો ઠરાવ, મહાસભાએ પસાર કર્યો.

મદ્રાસ મહાસભાએ 'સાઈમન કમિશન'નો દરેક સ્થળે અને દરેક રીતે બહિષ્કાર થવો જોઈએ એવો ઠરાવ પસાર કરેલો. અલ્લાહાબાદમાં ૧૯૨૮ ની ૩ જી ફેબ્રુઆરીએ સાઈમન સાતડીનો સંપૂર્ણ બહિષ્કાર થાય તે માટે જવાહરલાલે અથાગ પ્રયત્ન કરી હેતુ પાર પડયો. મુશળધાર વરસાદમાં પ્રજાએ હજારોની હાજરીમાં એ ઠરાવ પસાર કરવા હાજરી આપી. અને જાણે એ પ્રજાનો અવાજ સાઈમનને કાને પડયો હોય તેમ તેમણે અલ્લાહાબાદ જવાનો પોતાનો કાર્યક્રમ ઉડાડી દીધો!

સાઈમન કમિશનના બહિષ્કારનો વિધિ આટલેથી ન અટકયો.

લખનૌમાં નવેમ્બર માસમાં જવાહરલાલે પણ ઠીક ઠીક ભાગ ભજવ્યો હતો. નોકરશાહીએ નિર્માણ કરેલું કે બહિષ્કાર ત્યાં કોઈ પણ સબબે ફળિભૂત થવોજ ન જોઈએ. તેમ થાય તો તેમનું નાક કપાઈ જ જાય ! ત્યાંના કાર્યકર્તાઓ ખૂબ પ્રચાર કરી રહ્યા હતા અને નવેમ્બરની ૨૬ મી તારીખે જબર જસ્ત સરઘસ કાઢવાનું નક્કી કરવામાં આવેલું હતું. અણધાર્યા જુસ્સાથી સરકાર ભડકી અને ગુસ્સામાં આવી ગઈ. સત્તા ઉપર જ્યારે ક્રોધનાં રાજ્ય જામે છે ત્યારે તે આંધળી બને છે અને જંગલી કૃત્ય કરી બેસે છે. સરકારે સરઘસ વિખેરવા લાઠીમાર ચલાવ્યો. તેમાં ઘણાખરા કાર્યકર્તાઓ અને લોકો ઘાયલ થયા. જવાહરલાલને ફોનથી ખબર આપ્યા કે તરત જ તેઓ દોડી આવ્યા. ત્યાં બે સભા ભરવાનું નક્કી કર્યું. પહેલાં એક નાની સભા ખતમ થયા બાદ સર્વને મોટી સભામાં અમીનુદૌલા બાગમાં ભેળા મળવાનું નક્કી કરેલું હતું. જ્યારે આમ સરઘસ જતું હતું ત્યારે મોખરે ચાલનારમાં જવાહરલાલ ને ગોવિંદ વલ્લભપંત હતા. તેમના ઉપર પોલિસે લાઠી વડે હિચકારો હુમલો કર્યો. આમ થોડો સમય ચાલ્યા બાદ પોલિસ કમિશ્નર આવી લાગ્યા. તેમણે કહ્યું કે જો નેહરુ લેખિત રજા માગે તો પછી લોકોને જવા દેવામાં તેને કંઈ બાધ ન હતો. એમ ક્યાં રજા માગવાની હતી ? કદાચ જવાહરલાલે એમ કર્યું હોત પણ પાછલા બે દિવસની પોલિસ વર્તણુક જોઈ તેમણે તે પર લક્ષ ન આપ્યું. આમ ન બન્યું ત્યારે પોલિસ અફસરે જો જવાહરલાલ મૌખિક રજા માગે તો તે આપવાનું કહ્યું. પોતાના ઘરમાં વળી રજા માગવાની વાત શી ? એટલામાં લોકોનો સમૂહ ઉભરાવા

લાગ્યો. આમ જવાહરલાલ ને તેમના સાથીની એકાદ કલાક રૂકાવટ થઇ, ત્યાં પોલિસોએ બુદ્ધિથી કે કોઈ પણ કારણથી સરઘસને સભાસ્થાને જવામાં વાંધો ન લીધો પણ સાથે સાથે વળાવવા ઠેઠ સભાસ્થાન સુધી ગયા! હવે પ્રજાએ આટલેથી કામ અધુરૂં નહિ રાખવાનો નિશ્ચય કર્યો. બીજે દિવસે જ્યારે સાઇમન કમિશન સ્ટેશને ઉતરે ત્યારે તેનો બહિષ્કાર કરવા લોકો ત્યાં ભેગા થયા. ૫૦ હઝારની માનવમેદની હતી. પોલિસે તેમને બે ફર્લાંગ દૂર ઉભા રહેવા સુચના કરી પણ નેતાઓએ ચસક ન આપી ફરીથી લાઠીમાર શરુ થયો. જવાહરલાલને બીજી વખતે સાઇમન કમીશનની પધરામણીનો વિરોધ કરવા બદલ લાઠીમાર પડયો.*

નોકરશાહીના આ બુદ્ધિવિહોણા અને પશુને પણ લજાવે એવા પગલાથી બહિષ્કારની ચિનગારીમાંથી હવે મોટી જ્વાળા ફેલાવા લાગી. પ્રિન્સ ઑફ વેલ્સે અને ડયુક ઑફ કૅનોટે હિંદને સ્મશાનભૂમિ સમ દેખેલું તેનાથી આ સાત લેભાગુઓની જાણે કે આંખ ન ઉઘડી હોય તેમ જાતે તેનો સ્વાદ ચાખી લીધો. ઠેરઠેર તેમના નામના બહિષ્કારની ગગનભેદી ગર્જનાઓ અને કાળા વાવટાવાળાં સરઘસો તેમણે જોયાં.

યુરોપથી પાછા ફર્યા બાદ તેમણે ઘણીખરી પ્રાંતીય પરિષદોને પોતાના નેતૃત્વથી દોરેલી છે. તેની નામાવલીમાં પંજાબ પરિષદ, દિલ્હી પરિષદ, કેરાલ પરિષદ, યુક્ત પ્રાંતીય પરિષદ અને કાઠિઆવાડ પરિષદ આવે છે.

* પરિશિષ્ટ ૧ જોશો.

વ્યાપાર સંગઠન મહાસભા'એ તેમને તે પછી નાગપુરમાં મળનારી તેની બેઠકના પ્રમુખ ચુંટયા. ૧૯૨૮ ની આખરમાં 'યુક્તપ્રાંતીય વ્યાપાર સંગઠન મહાસભા'એ પોતાની વાર્ષિક બેઠક ઉજવી ત્યારે પણ તેઓ ચેરમેન હતા.

છેલ્લાં ત્રણેક વર્ષોથી તેઓ યુવકોના પ્રાણ અને નેતા બન્યા છે. હાલ યુવકોનો ધ્રુવતારો એટલે જવાહરલાલ. તેમણે સારાય ભારતવર્ષમાં યુવક આંદોલનને વેગ આપ્યો છે, તેને પ્રેરણાનાં અમૃત સીંચ્યાં છે અને 'અગ્નિ જીવન જીવવાનો' પ્રેરક મંત્ર ઝીલાવ્યો છે. તેઓ યુકત પ્રાંતીય યુવક સંઘના પ્રાણરૂપ છે.

'સામ્યવાદી યુવક પરિષદ'માં, 'બંગાલ વિદ્યાર્થીપરિષદ', કલકત્તામાં; અને 'મુંબાઇ યુવક પરિષદ,' પુનામાં તેઓ પ્રમુખ હતા. અલ્લાહાબાદ યુવક સંઘને તેઓએ અપરિમિત શકિત અર્પી છે.

આમ આજ સાઇમનના બહિષ્કારમાં તો કાલે કોઇ પરિષદમાં પ્રમુખપદ લેતા જવાહરલાલ મહાસભાનાં કાર્યને ભૂલ્યા ન હતા. કલકત્તા મહાસભાના આદેશ અનુસાર હિંદને તૈયાર કરવાની જરુર હતી. તેઓએ પોતાને સારુ ત્રિવિધ કાર્યક્રમ યોજ્યો હતો; મહાસભાના સભ્યો વધારવાનું, અને ખાદી ને રેંટિયા પ્રચારનું એમ ત્રિવિધ કાર્યક્રમ હાથ ધર્યો હતો.

રાષ્ટ્રપતિ

૧૯૨૯નું વર્ષ ઝપાટાભેર પસાર થતું હતું. તે પછીનું વર્ષ હિંદને માટે કેવું નીવડવાનું હશે તેના તર્ક વિતર્કથી વાતાવરણ ભરપુર હતું. મહાસભા લાહોરમાં ભરાવાની હતી. તેનો સમય પણ પાસ આવતો હતો, એટલે પ્રમુખની વરણી કરવાનો પ્રશ્ન હિંદના એકથી બીજા ખુણા સુધી ચર્ચાતો હતો.

જુદી જુદી પ્રાંતિક સમિતિઓએ ત્રણ નામ સૂચવ્યાં હતાં. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ અને જવાહરલાલ નેહરુ. આખાય હિંદને અત્યારના કપ્તાન તરીકે મહાત્માજીની જરુર જણાતી હતી, કારણ કે સ્વરાજનૌકા ખરાબે ચઢી ભાંગી જવાની ડગલે ને પગલે આગાહી થતી હતી. મહાત્માજી લાહોર મહાસભાના પ્રમુખ બને એમ એક જ અવાજ સંભળાતો હતો. પણ પૂ. ગાંધીજીને આવે વખતે રાષ્ટ્રધુરા ધારણ કરવી ન હતી. તેમને જવાહરલાલમાં અઢળક વિશ્વાસ હતો. તેમના હાથમાં નાવ સહીસલામત રહેશે એને વિષે એમને લવલેશ પણ ચિંતા ન હતી પોતાનું નામ વારંવાર બોલાયા છતાં તેમણે નવજવાન, રાષ્ટ્રપતિ થાય એમ જ ધાર્યું.

નવજુવાનો, જવાહર—જુવાનોનો પ્રતિનિધિ—પ્રમુખ બને એમ ઇચ્છતા હતા. જવાહરલાલ પ્રમુખપદે આવે એ સંબંધી ટીકા

કરતાં ' પાયોનીયર ' પત્રે લખેલું કે " તેઓ જો પ્રમુખ થાય તો ઉત્તમ પરિણામ એ આવે કે આ જુવાન સ્વદેશપ્રેમીનો વધારે પડતો ઉત્સાહ અને બેજવાબદાર વચનો ઠીક ઠીક સંયમિત બનશે. આવો ફેરફાર એ જવાહરલાલ અને દેશ બન્ને માટે ઉત્તમ નીવડશે. " " પાયોનિયર " ના અધિપતિની આંખે તેમનાં વચનો ને ઉત્સાહ બેજવાબદાર લાગ્યાં પણ ભારતવર્ષને તો તેમાં સંપૂર્ણ જવાબદારી સાથે તે ઉચ્ચારનાર, ડગલે ને પગલે પોતાની જાતને દેશના મુક્તિયજ્ઞમાં હોમવાને તલપે છે તેનાં દર્શન થતાં.

તેઓ જ પ્રમુખ ચૂંટાય અને મહાત્માજીનું પોતાનું નામ ભૂલાઈ જાય એ સંબંધી *નવજીવનમાં પૂ. ગાંધીજીએ ખૂબ જ સ્પષ્ટ કારણો આપી સમજાવેલું છે.

હવે શું કરવું એ વિચાર કરવા તેમજ બને ત્યાં સુધી મહાત્માજીને મહાસભાનું પ્રમુખપદ લેવા વિનંતિ કરવા નવેમ્બર માસમાં મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક લખનૌમાં મળી. સઘળા દેશનેતાઓએ મહાત્માજીને વિનંતિ કરી પણ તેઓ ન ચળ્યા અને આખરે એ 'કાંટાળોતાજ' જવાહરલાલને શિરે પહેરાવ્યો. ‡

જવાહરલાલની લાહોર મહાસભાના પ્રમુખ તરીકે જે વરણી થઇ, તેને યુવકોએ, હિંદુઓએ ને મુસલમાનોએ, ફેરવાદી ને

* પરિશિષ્ટ-૨ જોશો.

‡ પરિશિષ્ટ-૩ ને ૪ જોશો.

નાફેરવાદી, સહુએ વધાવી લીધી. સહુને તેમની કાર્યદક્ષતા, ધીરજ અને રાજકારણ પટુતામાં સંપૂર્ણ વિશ્વાસ હતો.

મહાસભા પોતાના ૪૫ વર્ષના આયુષ્ય દરમ્યાન ૪૦ વર્ષનો નવજુવાન પ્રમુખ મેળવવા બીજી વખત ભાગ્યશાળી નીવડી હતી પ્રથમ વાર સ્વ. ગોખલેજી પૂરા ચાલીશ વર્ષના ન હતા ત્યારે પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. આ વખત પ્રમુખ સ્થાનથી ઇતિહાસમાં નહિ સાંભળેલો એવો દાખલો એ છે કે પિતા પછી તરતજ પુત્ર રાષ્ટ્રપતિ બને છે. એ પણ કુદરતની અને નશીબની બલિહારી જ છે ના?

લાહોરમાં

મહાસભાની ૪૫મી બેઠક લાહોરમાં* મળી. એનું ધુર્યપદ નવજવાન રાષ્ટ્રપતિ જવાહરલાલના હાથમાં હતું. પ્રમુખની પધરામણીને દિવસે જાણે લાહોર રાષ્ટ્રોત્સવ ઉજવતું ન હોય એવું ઘડીભર પ્રેક્ષકને લાગતું. સ્ટેશનથી માંડી ઠેઠ તેમના ઉતારા સુધી માનવમેદની ચિકાર હતી. આબાલવૃદ્ધ નરનારી જ્યાં જગ્યા મળી ત્યાં, એક માત્ર પ્રમુખને જોવા જ ઉભાં હતાં. પંજાબીઓનો પ્રેમ આજે ઉભરાતો હતો. સરઘસમાં લશ્કરી પોષાકમાં સજ્જ અને લશ્કરી ઢબે ચાલતા સૈનિકોની હરોળે પંજાબીઓમાં ઉતરી આવેલા સૈનિકપણાનો સારો એવો ખ્યાલ આપ્યો હતો. એક એક સ્વયંસેવકની પીઢ છાતી, ગુલાબી બદન અને ભરેલા ચહેરા જોતાં ઘડીભર લાગે કે ભારતમાતને માટે મંડાનારા મુક્તિયજ્ઞમાં આવાં બલિદાન દેનાર છે ત્યાં સુધી આઝાદી અશક્ય નથી.

ત્રીજા વર્ગની મુસાફરીથી જવાહરલાલનો ચહેરો શ્રમિત લાગતો હતો.

નવજવાન રાષ્ટ્રપતિ ઘોડા ઉપર સ્વાર હતા. ઠંડી પુષ્કળ હતી. કાશ્મીરી ઘેરા તપખીરીઆ પટુનો જામો ને તેવા રંગની ટોપી,

---

* પરિશિષ્ટ ૫ જુઓ.

સૂરવાળ ને મોજડીઓ પહેરેલો જુવાન ઘડીભર વૃદ્ધોના મનને હસાવતો અને આશ્ચર્ય પમાડતો, તો યુવાનોનાં હૃદયને ઉછાળતો; સરઘસમાં રાષ્ટ્રની જવાબદારી માથે લઇને સહુની નજરે પડતો હતો. કોઈ અક્ષતે, કોઈ કુંકુંમે તો કોઇ પુષ્પે તેને વધાવતું. કોઇ અત્તર છાંટતું, તો કોઇ ગુલાબજળની ધારા કરતું. આમ સરઘસે જ્યારે અનારકલિમાં પ્રવેશ કર્યો ત્યારે તે બજારના શણુગારમાં અધિકતર વધારો થયો.

વચમાં જ્યારે પિતા પંડિત મોતીલાલજી, પુત્ર જવાહરને પુષ્પથી વધાવી આશીર્વાદ આપે છે ત્યારે ઘડીભર દૃશ્ય દૈવી બને છે.

તા. ૨૮ ડિસેમ્બર–'૨૯ ને રોજ મહાસભાની બેઠક શરુ થઇ. તે પહેલાં વિષય વિચારીણી સભામાં કેટલીય રસાકસી ચાલી. બંગાળ નેતાઓની કડવી મીઠી તકરારોએ તો વાતાવરણ ગંભીર બનાવી મૂકેલું. કોઈ ઉદ્દામ પક્ષવાદી હોય, તો કોઇ મધ્યસ્થ સ્થિતિમાં રહેવા ઇચ્છનાર હોય. કોઈ મોળા હોય તો કોઈ તપી ઉઠનાર હોય. આમ બધાની વચમાં પ્રમુખે જે કાર્યશક્તિ, ધીરજ, આનન્દ અને ઉત્સાહ દાખવ્યાં તે અપૂર્વ હતાં.

મહાત્માજી તરફની તેમની પુત્ર ને સેવક તરીકેની ભાવના ને કર્તવ્ય મહાસભામાં દૃષ્ટિગોચર થતાં. મહાત્માજી ભાષણ કરવા વ્યાખ્યાનમંચ ઉપર આવે એટલે સ્વયંસેવકની જગ્યાએ જવાહરલાલ ખડા થઇ જાય. Loud Speaker (લાઉડ સ્પીકર)નું યંત્ર સ્થિર ન રહે અને વ્યાખ્યાન બરાબર પ્રેક્ષકોને ન સંભળાય એટલે કેટલીયવાર રાષ્ટ્રપતિ તેને હાથમાં પકડી પૂ. ગાંધીજીના મૂખ સન્મુખ રાખી ઉભા રહે.

પોતાનાથી વડીલની વચ્ચે આવી જવાબદારી ભરી ફરજ બજાવતાં કોઇ વખત તેમના ઉપર શરમની છાંય આવી જતી ત્યારે નવવધુના જેવું શરમાળપણું તેમના ગૌર મુખ ઉપર દૃષ્ટિ-ગોચર થતું.

આમ ૧૯૨૯ના ડિસેમ્બરની ૩૧ મી તારીખની મધ્ય રાત્રિએ 'મુકમ્મીલ આઝાદી'—પૂર્ણ સ્વરાજ એ હિંદનું ધ્યેય છે એમ જાહેર થયું. અને સ્વરાજ્ય ધ્વજ તેમને હાથે મહા-સભાના મેદાનમાં 'વન્દેમાતરમ્' ને 'ઇન્કીલાબ ઝિન્દાબાદ'ની ઘોષણા વચ્ચે ફરકવા લાગ્યો.

શ્રી. મહાદેવભાઇએ તે સમયને અનુસરી લખેલું કે 'ખાધા-પીધાની દરકાર કર્યા વિના કલાકના કલાકો વિષયવિચા-રિણી સભાની ચર્ચાઓમાં તેઓ (જવાહરલાલ) માથું કૂટતા છતાં તેઓ બહાર પણ સભાઓ ભરતા, અને પોતાને મુકામે મધરાત અને તેથીયે વધારે સમય સુધી મુલાકાત માટે આવ-નારાઓ સાથે વાતો કરતા.' + + + + 'આની સાથે સાથે, અથવા આ ઝિંદાદીલીમાંથી જ ઉત્પન્ન થતી આત્મશ્રદ્ધાનો એમનામાં પાર નથી. મહાસભાનું ધુર્યપદ એમના ઉપર નાંખ-વામાં આવ્યું ત્યારે ગાંધીજીએ એમને પૂછેલું અને એમણે કહેલું: 'તમે ભાર નાખશો જ તો હું હઠી જાઉં એમ નથી.' અને લાહોરમાં ભેગા થયેલા સૌએ જોયું કે પ્રમુખપદે બિરાજતા એ યુવાન પ્રમુખ જાણે અનેક પ્રમુખપદનો અનુભવ લઇને બેઠા હોય એવી રીતે પોતાનું કામ ચલાવતા હતા. બેકાયદે વર્તનારને દાબી દેતા, આદરપાત્રની ઇજ્જત કરતા, તોફાનીને કોઇવાર

દબાવતા તો કોઇ વાર મશ્કરી કરીને ઉડાવતા; એમને જોઇને સૌને એમ થતું કે 'આ માણસ આવી ગાદીને માટે સર્જાયેલો છે."

આગ્રાની રાજકીય પરિષદમાં ભાષણ આપતાં તેમણે કહ્યું હતું કે "જ્યારે હું વિલાયતમાં અભ્યાસ કરતો હતો ત્યારે મ્હારા દેશની ગુલામીનો વિચાર કરતાં કરતાં અનેક પ્રકારના મનસુબા કર્યા કરતો હતો કે 'એવો આનંદનો' દિવસ ક્યારે આવશે કે જ્યારે હું દેશની ગુલામી દૂર કરવાને માટે ખડે પગે તૈયાર હોઇશ." બેશક લાહોર મહાસભાનું ધુર્યપદ સ્વીકાર્યું તે જ તેમણે ભવિષ્યમાં આશા રાખેલો આનન્દનો દિવસ હોય એ બનવા યોગ્ય છે.

મહાત્માજી સંપૂર્ણ આશાવાદી છે. બ્રિટિશ ન્યાયવૃત્તિમાં તેમને અથાગ શ્રદ્ધા હતી અને છે. તેઓએ અંગ્રેજોના હૃદય-પલટાની આશા રાખી હતી. તેમ ન બન્યું. અને કલકત્તા મહાસભામાં કર્મસચીવ તરીકે જવાહરલાલ જે ન જોઇ શક્યા તે અહીં પ્રમુખ* તરીકે તેમણે મહાત્માજીને પૂર્ણ સ્વરાજવાદી તરીકે જાહેર થએલાં જોયા. આ જ એમનો વિજય.

* પરિશિષ્ઠ ૬ જોશો.

જેલમાં

ફેબ્રુઆરી માસમાં મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક અમદાવાદમાં 'ઉદ્યોગ મંદિર'માં મળી. ત્યાં દેશભરમાં પૂર્ણ સ્વરાજનું ધ્યેય પ્રાપ્ત કરવા સત્યાગ્રહની લડત શરુ કરવાનો ઠરાવ કર્યો. સવિનય કાનુનભંગ કરવો પણ એ સર્વ મહાત્માજીના નેતૃત્વ નીચે થવું જોઇએ એમ સૌએ બહાલી આપી.

આમ મહાત્માજીએ વૉઇસરોયને ૨ જી માર્ચ–'૩૦ ના રોજ પોતાનું ધર્મકૃત્ય બજાવવા પત્ર લખી મોકલ્યો. તેમાં તેમણે જો તેઓને હિંદની મહાસભાની માગણી પૂરી ન પાડવામાં આવે તો મીઠાનો કર નાબૂદ કરવા દાંડી મૂકામે નિમકના કાયદાનો ભંગ કરવા પોતાના સાથીઓ સાથે ઉપડવાનું લખેલું હતું. 'સત્યાગ્રહીના સરળ અને પવિત્ર ધર્મના પાલનને અંગે' લખાયલા આ પત્રનો જવાબ 'પાંચસેમે મજલે'થી લાટ સાહેબે આપ્યો કે "........તમે એવું કાર્ય ઉપાડવા ધારો છો કે તેને પરિણામે સુલેહશાંતિનો ભંગ થવાનો તથા કાયદાનો અનાદર થવાનો ભય ચોકખો રહેલો છે......"

બસ. મહાત્માજીને હવે પોતાના કર્ત્તવ્યપંથની વાટ સ્પષ્ટ જણાઇ. તા. ૧૨ મી માર્ચ–'૩૦ ને રોજ મહાત્માજીએ પોતાના ચૂનંદા ૭૯ આશ્રમવાસીઓને લઇ ને ઐતિહાસિક કૂચ આરંભી.

૬ઠ્ઠી એપ્રિલે દાંડી મૂકામે મહાત્માજીએ મીઠાના કાયદાનો ભંગ ત્યાંની ખાડીમાંથી મીઠું ઉપાડી કર્યો. સારાય દેશે આવો ભંગ કરવાનું બીડું ઝડપ્યું.

અલ્લાહાબાદમાં તા. ૧૩ મી એપ્રિલને દિવસે મીઠાના કાયદાનો સવિનય ભંગ શરુ થયો.

પંડિત જવાહરલાલ તા. ૧૪ મી એપ્રિલે રાયપુર (મધ્ય-પ્રાંત)માં યુવક સંઘની સભામાં હાજરી આપવા અલ્લાહા-બાદથી નીકળ્યા. ત્યાં તો રસ્તામાં જ ચેઓકી સ્ટેશનથી એમને ગિરફ્તાર કરી નૈનીતાલની જેલમાં લઇ જવામાં આવ્યા. જેલમાં જ એમનો મુકર્દમો ચાલ્યો અને મીઠાના કાયદાની ૯ મી કલમ મુજબ તેમને આરોપી ઠરાવી છ માસની સાદી સજા ફરમાવવામાં આવી.

આ પ્રમાણે સારાય હિંદના બેતાજ બાદશાહને જેલની કોટડીમાં પૂર્યા. દેશનેતાઓ જેલમાં હોય તે જ અંગ્રેજ રાજ્યના અસ્તિત્વની સૂચના છે. મહાત્માજીએ કહ્યું છે તેમ આ લડત એ તેમને માટે તો 'આખરી ફેંસલા'રૂપ છે.

રાષ્ટ્રપતિની ગિરફ્તારીના સમાચાર મહાત્માજીને મળ્યા. પંડિત મોતીલાલજીને અભિનન્દન આપતાં તેમણે લખ્યું, "તમને અને સ્વરૂપાણીને એક સુખી માતાપિતા તરીકે મારાં અભિ-નન્દન પાઠવું છું. અલ્લાહાબાદમાં તેનું સ્થાન તમારે હવે જાળવવાનું રહેશે."

આમ જવાહર પિંજરે પડયા પણ એ નરસિંહ છે. એમને કેદ કરવા તો ખાલી રાજ્યકર્ત્તાઓનાં ફાંફાં છે. આખુંય રાષ્ટ્ર અત્યારે કેદખાનું બનેલ છે ત્યાં હવે રાષ્ટ્રપતિનો પેગામ શિરોમાન્ય કરવો એ સહુનું ધ્યેય બનવું જોઈએ.

જિવનમાં ડોકિયું

પિતા-પુત્રની—મોતી જવાહર—ની જોડી જોઇ કોઈ પણ માણસના મોંમાંથી ધન્ય ધન્ય, એવા ઉચ્ચારો સહેજે બહાર નીકળી આવે છે. એશઆરામ, પિતા, માતા, ભગિની; શ્રી અને સરસ્વતીના આશીર્વાદ વગેરે ભારોભાર ભરેલું હતું. તોપણ જવાહર અત્યાર સુધી જનતાને કાને કેમ નહિ આવ્યા હોય? ત્યાં સુધી એક ઉણપ હતી. તે ઉણપ તેમનામાં ભારોભાર ભરેલી સેવા, આત્મભોગ આપવાની ઉત્સુકતા અને રાષ્ટ્રપ્રેમે પૂરી. અત્યારે તે અમીરી ભોગવતા શા જવાહરલાલ ફકીરીમાં આનંદ મા'ણે છે. એક વખત સમૃદ્ધિની વિપુલતામાં આળોટતો આ લક્ષ્મીપુત્ર આજે સામાન્યમાં સામાન્ય હિંદીજનની માફક સાદાઇમાં રહે છે. ટુંકી બંડી અને ખાદીના પહેરણમાં સજ્જ થતા આ અમીરની અમીરી આજે તો એના દેશના દુઃખે દુઃખી એવા અંતરમાં રહી છે. કામદારો અને દેશને માટે મરી ફીટતો, જગતને દુઃખે દુબળો આ મુઠ્ઠીભર હાડકાંનો માણસ આજે રાષ્ટ્રપતિ તરીકે નાઇની જેલમાં બીરાજે છે.

આમ કેમ બન્યું?

પરાપૂર્વથી ઉતરી આવતી કૌટુમ્બિક સંસ્કૃતિ, ધનવાનને છાજે એવો દોર દમામ ને સંયમ, સંસ્કારિતા



ફકીર બનેલા અમીર પિતા-પુત્ર

જહાંગીરી-ફકીરી

ને સરસ્વતી, આમ સર્વનો મેળ જવાહરલાલમાં જામ્યો હતો. પિતા એક અગ્રગણ્ય દેશનેતા હતા, પ્રખર ધારાશાસ્ત્રી હતા. અસહકાર યુગે હિંદના નબીરાઓમાં આત્મત્યાગની જ્યોત પ્રગટાવી, ને ભલભલા એમાં હોમાયા. એશઆરામી અમીરોએ ફકીરી ધારણ કરી. તેમાં સંયુક્ત પ્રાંતના પ્રખર ધારાશાસ્ત્રી, સુખી અને સમૃદ્ધ એવી આ પિતા પુત્રની જોડલીએ ફકીરી લીધી. ભલભલા રાજા મહારાજાઓનાં માન મૂકાવે એવી સમૃદ્ધિમાં રાચતા પિતાના પુત્રે દેશને માટે કફની સ્વીકારી ત્યારે ઘડીભર કુમાર સિદ્ધાર્થ યાદ આવે છે. સાબરમતીના સંતે આવા કેટલાય અમીરોને ફકીર બનાવી સ્વદેશ પ્રેમની ધૂનને અને આત્મત્યાગની ઝબકે એ ફકીરીમાં અમીરી મ્હાલતા બનાવી મૂકયા છે!

પતિ–પત્ની

જેવું ઉત્તરોત્તર એમનું શ્રીમંતાઇ ભરેલું ગાર્હસ્થ્ય જિવન હતું તેવું હાલ પણ છે. હાલનું તેમનું કૌટુમ્બિક જિવન પણ મધુર છે. પતિ–પત્ની, ભાઇ–ભગિની, પિતા–પુત્રનો સંબંધ આનંદમય છે પણ સહુ એકઠા મળી એ આનંદની લૂટ ચલાવતાં નથી. દરેક પોતપોતાના કાર્યમાં મશગૂલ હોય છે અને ત્યાંથી જ આનંદનું અમૃતપાન કરે છે. જ્યારે જવાહરલાલ કિસાન ચળવળમાં ખેતરોમાં, વનવગડે અને ઝુપડીઓમાં આથડતા ત્યારે આનન્દભવનમાં સાધ્વી કમલા નહેરુનું જિવન ચિંતાતુર રહેતું. જવાહરલાલ જ્યારે જેલમાં હતા તે વખતનું તેમના સાથી વર્ણન કરે છે કે, "એક વાર જ્યારે હું જેલમાં

હતો ત્યારે બેન કમલાને જોયાં. તે અમને મળવા આવી હતી. હું જોઈને ચોંકી ઉઠયો. નેહરુ કુટુમ્બની આ દેવી કેવી સૂની, કેવી ગંભીર અને ભોળપણની દુનિયામાં વિચરનાર દેખાતી હતી ? એક બાજુ કઠોર કર્તવ્યથી ઉત્પન્ન થતી વેદના અને બીજી બાજુ પતિની શુભાકાંક્ષા ઉત્પન્ન થતી ગરિમા. તેનું હૃદય જવાહરલાલ તરફ ગર્વમય રહે છે પણ સદૈવ તેને તેમની ચિન્તા રહ્યા જ કરે છે. તે પૂરેપૂરી રીતે સમજે છે કે જે રસ્તો તેમણે લીધો છે તે ડગલે ને પગલે કઠિનતાઓથી ભરપુર છે. ગિરફતારી અને જેલની કઠોરતાની તેને પૂરી ખબર છે પણ દિલ માનતું નથી. મમતા માનવા દેતી નથી. એ ગૌરવાન્વિત પુરુષને જોઇ હૃદય અપરંપાર ફુલાઇ પણ જાય છે. એ પ્રેમની નિશાની છે. તેની પર કર્તવ્યે ભારે કર નાખ્યો છે. કરના ભારથી પ્રેમમાં કમીના રહેતી નથી કારણ કે એ દિલનો સોદો છે, એ બન્ને જાણે છે. ફરી પણ કમલાબેન એ સંઘર્ષણોમાં ઘસડાવાથી ક્ષીણ થતી ચાલી છે. પાછલી સાલ તેને રાજયક્ષ્માનો રોગ લાગુ પડેલો અને જવાહરલાલને તેમને સ્વીટ્ઝર્લેન્ડ લઈને જવું પડેલું, જેનું ફળ એ આવ્યું કે ઘણાખરાની નજરમાં જવાહરલાલ વધારે ' ભયંકર ' બનીને સ્વદેશ પાછા આવ્યા. "

આમ કમલાદેવીની મૂર્તિનું—એ ભારતની દેવીનું રેખાચિત્ર આપણને જોવા મળ્યું. જવાહરલાલની ગેરહાજરીમાં ગૃહભાર ઉપર તેમણે રાષ્ટ્રભાર પણ વહન કરવા માંડયો છે. મહાસભાની કાર્યવાહક સમિતિમાં તેઓ સભ્ય છે અને અથાગ પરિશ્રમ લઇ રહ્યાં છે.

પિતા-પુત્રી

જવાહરલાલ બહારની દુનિઆમાં તલ્લીન હોય છે પણ એમને વારસામાં મળેલો અપત્યપ્રેમ અનન્ય છે. તે પ્રેમ 'પિતાના પુત્રીને પત્રો' નામના પુસ્તકના શબ્દે શબ્દે ટપકતો માલમ પડે છે. પોતે અલ્લાહાબાદ હતા ને પુત્રી મસુરી હતી. ત્યાંથી તેમણે એ પત્રો બન્નેને જુદા છીએ એમ ન લાગે અને તે સાથે વિજ્ઞાનનો, ખગોળ શાસ્ત્રનો ને ભૂગોળનો શોખ પુત્રીમાં ઉત્પન્ન થાય એ દૃષ્ટિથી લખાએલા છે.

પિતા-પુત્ર

તેમના ગાઢ સંબંધમાં આવેલા એક ભાઈ લખે છે: "પિતા પુત્રનો સંબંધ ઘણાખરાને માલમ છે. મહમુદાબાદના મહારાજાના જેવા તાલુકદારને ત્યાં આરામ અને આસાએશની જિન્દગી ગુજારવાવાળા મોતીલાલજી, કેવળ પોતાના એકના એક પુત્ર જવાહર તરફના સ્નેહથી ખેંચાઇને અસહકારની આંધીમાં આવી ચઢયા છે ત્યારથી સ્વભાવ અને પ્રકૃતિમાં ભિન્નતા હોવા છતાં તેઓ આઝાદીની લડાઇમાં આગળ પડયા છે. જવાહરલાલનાં કષ્ટ જોઈને કેટલીય વાર તેમની આંખોમાંથી આંસુ વહે જાય છે. જવાહરના રૂપમાં તો મોતીલાલજીએ પોતાનું કલેજું રાષ્ટ્રવેદી પર કાઢીને ચઢાવી દીધું છે. આ સર્વ રીતે બનતું હોવા છતાં જવાહરલાલને ખેતરોમાં આમ તેમ નાસતા અને પોતાના શરીરની બેપરવાઈ કરતા દેખી કદી કદી મોતીલાલજી ગભરાઇ જાય છે, અને કેટલીક વખત જાતે લઢીને અથવા મહાત્માજીને પંચ બનાવીને પ્રેમની પ્યાસ છીપાવી લે છે."

પિતા પુત્રનો આવો પ્રેમ એ આમના સંબંધમાં સ્હેજ પણ નવાઇ પમાડનાર નથી. નાનપણથી એમનું લાલનપાલન માતપિતાએ શી રીતે કર્યું તેની આપણને જાણ છે. પુત્રને એકલો વિલાયત ન મોકલાય તેટલા માટે માતાપિતા જવાહરલાલને શાળાએ મૂકવા ઈંગ્લંડ ગયા હતા! તેને પૈસાની કમીના આવવા નથી દીધી. તેના ભાવિ કાર્યક્રમની અને ગાર્હસ્થ્ય જિવનની તેઓ આપમેળે તૈયારી કરે છે. પુત્રની ચારેય બાજુની ચિંતા બુઝર્ગ મોતીલાલજી રાખે છે. પુત્ર પણ એ સર્વથી અજ્ઞાન નથી.

પિતા રાષ્ટ્રપતિ અને પુત્ર એ જ સંસ્થાના કર્મશચીવ! બીજે જ વર્ષે લાહોરના બજારમાં પિતા, પુત્ર ઉપર પુષ્પવૃષ્ટિ કરી સિત્તેર વર્ષની ઉંમરે પોતાના નવજવાન રાષ્ટ્રપનિ પુત્રને હરખભરી આંખે આશીર્વાદ આપે એ દૃશ્ય જોવા દેવોનાં વૃન્દ આવે એમ કહેવામાં અતિશયોકિત ન હોય. લાહોર મહાસભાના મંડપમાં મોતીલાલજી જવાહરલાલની દરેક ક્રિયાને સંતોષાએલ હૃદયે નિહાળતા ને પુત્રની કર્તવ્યનિષ્ઠાથી તેમનો અંતરાત્મા શાન્ત ને આનન્દિત દૃષ્ટિગોચર થતો.

પિતા–પુત્રના મુકત કંઠે વખાણ કરવાની નામાવલીમાં શ્રી. મહાદેવભાઈનું નામ પણ હોય જ. તેમણે દોરેલું પિતા પુત્રનું રેખાચિત્ર પ્રસ્તુત લાગવાથી નીચે આપ્યું છે.

“ મહાસભાઓના ઈતિહાસમાં પંડિત મોતિલાલજી અને પંડિત જવાહરલાલ, એ નેહરુ પિતાપુત્રનાં નામ સદાકાળ સુધી સ્મરણીય રહેશે. પંડિત મોતીલાલજી જેવા મગરુર પિતા ભાગ્યેજ કોઇ હશે. પંડિત જવાહરલાલનો પક્ષ તેમને પસંદ

નહોતો, એ પક્ષના સમર્થ ખંડનથી તેમણે પોતાનું આખું ભાષણ કરી દીધું હતું, પણ પોતાના સામાપક્ષના નેતા પોતાના પુત્ર હોય એ વાતથી તેમને લગારે દુઃખ કે રોષ નહોતો. ગાંધીજીની સાથે વાત કરતાં મોટા પંડિતજી કહે. "જવાહરલાલે આખી ફિલસુફી બહુ દીર્ઘ વિચાર કરીને ઘડી રાખી છે. એ વિષે શંકા નથી, પણ પોતાના પક્ષની નબળાઈ એ સમજતો નથી તેથી મને આશ્ચર્ય થાય છે. એવો સંભવ છે કે તેની સાથે એકે માણસ આખરે ન રહે, અને એને એકલાને બધું સોસવું પડશે. પણ ગાંધીજી, એ બાબતમાં એણે પ્રેરણા તમારી પાસેથી લીધી છે. તમે કહોછો ને એકલો માણસ પોતાના સત્યને માટે ઝુઝે તો તે લાખની બરાબર છે. એમ એ જે વસ્તુ માને છે તેને માટે ખપી જવાની એનાં તૈયારી છે."

જો ગાંધીજીનો ઠરાવ-એટલે મોતીલાલજીનો ઠરાવ ઉડી જાય તો પંડિતજીએ રાજીનામું આપવું પડે અને જવાહરલાલે અથવા તેમના પક્ષના કોઈ પ્રમુખસ્થાન લેવું પડે એવી સ્થિતિ હતી. પંડિતજી એ સ્થિતિ વિષે સંપૂર્ણ તૈયાર હતા. એમને તો 'पुत्रादिच्छेत्पराभवं' ની પ્રાચીન કહેવત માન્ય હતી.

પંડિત જવાહરલાલની મહાનુભાવતાનાં ગાંધીજીએ મહા સમિતિમાં મુક્ત કંઠે વખાણ કર્યા. ક્ષણે ક્ષણ સ્વાતંત્ર્યને માટે જ શ્વાસ લેતા જવાહરલાલને એકે જાતની સમાધાની પસંદ ન પડે એ સ્વાભાવિક છે, એમ તેમણે જણાવ્યું હતું. પાપી સામ્રાજ્યની સાથે ઘડીભર સંબંધની કલ્પના પણ મારી આખી શક્તિ હરી લેવાને પુરતી છે. એમ પંડિત જવાહરલાલે જણાવ્યું હતું. ગાંધીજીના ઠરાવનો વિરોધ કરતાં ગાંધીજીને મોટામાં

મોટા બળવાખોર તરીકે વર્ણવ્યા છતાં ગાંધીજીના નામની ખાતર તેમના ઠરાવને ન સ્વીકારવાની ભલામણ કરી હતી, પણ મર્યાદાનું ભાન પોતાના પક્ષમાં સૌથી વધારેમાં વધારે પોતાને હતું, એમ પણ એમને અનેક પ્રસંગે સાબિત કરી આપ્યું. મહાસમિતિએ ગાંધીજીના ઠરાવનો પ્રથમ ભાગ પસાર કર્યો. તે પછી ગાંધીજીના ઠરાવનો બીજો ભાગ સમિતિ આગળ રજુ થયો. આ ભાગમાં પણ સુધારા વધારા સ્વાતંત્ર્યવાદીઓએ રજુ કર્યા. તેથી ખિન્ન થઇને પંડિત જવાહરલાલે પોતાના જ પક્ષને કહ્યું: "ગાંધીજીના ઠરાવનો પહેલો ભાગ પસાર થયો, એજ ઠરાવમાંથી એનો બીજો ભાગ નીપજે છે હવે એ ગાંધીજીના ઠરાવેલા કાર્યક્રમમાં સુધારો સુચવવો એ આપણને શોભતું નથી."

બીજો પ્રસંગ મહાસભામાં જ્યારે ઠરાવો ઉપર મતો લેવાયા તે વેળાનો હતો. બંગાળ પ્રાંતના જે પ્રતિનિધિઓ ગાંધીજીના તરફ મત આપતા હતા તેમને સામાપક્ષવાળા 'શરમ' 'શરમ' ના અને 'દેશદ્રોહી'ના પોકારથી શરમાવવાનો પ્રયત્ન કરતા હતા. પંડિત જવાહરલાલે આ શોચનીય પ્રસંગ વિષે પ્રમુખ મહાશયનું દુઃખથી ધ્યાન ખેંચ્યું હતું.

મહાસભાનો ભાવિ ઇતિહાસ તો અનેક સ્મરણીય પ્રસંગોથી ભરેલો થશે. પણ પિતા–પુત્ર–પ્રમુખ મંત્રીની આ જોડી ક્ષણે ક્ષણે પિતા મોટા કે પુત્ર મોટા, પિતા વધારે ઉદાર કે પુત્ર વધારે ઉદાર, એવી શંકા કરાવતી આ અદ્વિતીય જોડી હિન્દુસ્તાનના સ્વાતંત્ર્યના ઇતિહાસમાં સદા કાળ માટે જાણીતી રહેશે.

૧૯૨૯ ના ડિસેમ્બરની ૩૧ મીની મધ્યરાત્રિ હતી. અંગ્રેજોનો હૃદયપલટો ન થયો. મહાત્માજી પૂર્ણ સ્વરાજવાદી જાહેર થયા. સ્વરાજડંકા બજ્યા. નિશાન ગડગડયાં. ભારત મહિલાઓએ રાષ્ટ્રગીત ગાયાં, સૈનિકોએ બુલંદ અવાજે રાષ્ટ્રગીત ગાઈ મંડપને ગજવી મુકયો. મધ્યરાત્રિએ આપણા ભારત વર્ષનો ચિરંજીવ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો કાર્યક્રમ હતો મહાસભાના મંડપ બહાર ચોગાનમાં ઉંચો ધ્વજદંડ ઉચ્ચાસને રોપેલો હતો. 'વન્દે માતરમ્' 'ઇન્કીલાબ ઝીન્દાબાદ' અને 'રાષ્ટ્રધ્વજકી જય'ના હૃદય ચીરી નાંખે એવા પોકારો વચ્ચે નવજવાન રાષ્ટ્રપતિ જવાહરલાલે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. સહુએ સ્વાતંત્ર્યનો શ્વાસ લીધો, સહુ જીવે છે એમ લાગ્યું. એ બધાની દોરી ખેંચનાર સંતના સૌને આશીર્વાદ હતા. જવાહર સૈનિકોની બન્ને બાજુની હારમાળા વચ્ચે થઈને પોતાના શિબિર તરફ જાય છે. પાછળ તેમની આગળના વર્ષના રાષ્ટ્રપતિ મોતીલાલજી ચાલે છે, એ વખતનો મોતીલાલજીનો આનંદ, ઉત્સાહ અને જોમ અહીં અક્ષરમાં ન ઉતારાય. એનાં દર્શન તો પ્રત્યક્ષ જેણે કરેલાં તેણે એ પુત્રપ્રેમ શું છે તે જાણ્યું. નમન હો એ પિતા પુત્રની જોડીને.

પંડિતજી પુત્રના ગુણોથી વાકેફગાર છે અને પોતે પ્રખર રાજનીતિજ્ઞ હોઈ પુત્રના સાહસની વચમાં નથી આવતા. એક વખત જવાહરલાલ જેલમાં જતા હતા ત્યારે પંડિત મોતીલાલજીએ કહ્યું હતું કે "બકરાની મા કેટલો વખત સુધી પોતાના બાળકની આશા રાખી શકે?" આમ પુત્રની નીડરતા તેમણે કહેવતદ્વારા રજુ કરી હતી.

આમ પિતા, પુત્રના; અને સંત પોતે ચૂંટેલા 'ઘોડેસ્વાર રાષ્ટ્રપતિ'ના ગુણગાનથી ઘડીભર આનન્દિત થાય એ સ્વાભાવિક છે.

"જવાહરલાલનો સંયમ અને ગંભીરતા અપૂર્વ છે. 'જવાન શરીર પર ઘરડું મસ્તક' ટુંકામાં જવાહરલાલનો પરિચય કરાવે છે. તેમનામાં બ્રાહ્મણત્વનો ત્યાગ છે અને તે સ્વાભાવિક હોવાથી તેમાંથી પ્રતિભાનાં કિરણ ઝળકે છે. પિતા મોતીલાલજીનામાં ત્યાગની સાથે ક્ષત્રિયત્વનું અભિમાન અને ક્રોધ છે. જવાહરલાલમાં ત્યાગ કરવો એ સ્વભાવજન્ય બની ગયું છે......

શ્રી. ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિએ કે જેમણે 'જવાન શરીર પર ઘરડું મસ્તક' કહી જવાહરલાલની ઓળખાણ આપી છે તે 'અર્જુન'માં લખે છે કે, "બડે નેહરુ (મોતીલાલજી)ની બુઢ્ઢી છાતીમાં આજ પણ જવાન દીલ ખેલે છે. બોલતાં બોલતાં તેઓ બચ્ચાંઓની માફક હસે છે. જ્યારે હસે છે ત્યારે હસવાને દબાવતા નથી—પણ છુટથી હસે છે—હસવાને હસવાનું જ સમજી હસે છે, પરન્તુ છોટે નેહરુ (જવાહરલાલ) બોલે છે ત્યારે હસવાનું નામ નહિ. ચહેરો જોતાં માલમ પડે છે કે જાણે સારાય જગતની જવાબદારીનો બોજો તેમના શિર ઉપર લદાવાથી તેઓ દબાઈ ગયેલા છે, અને જો કદાચ હસી દેવાયું તો જાણે પાપ ન થયું હોય ? હસી પડાયું તો તેને પાપ સમજી તે દાબી દે છે......સભામાં ગંભીરમાં ગંભીર બની જાય છે. છોટા નેહરુજીની પુત્રી મહાસભાના મંડપમાં પોતાના દાદાની ટોપી ઉતારવાનું સાહસ કરે છે પણ પિતાની ટોપીનું

નહિ. જાણે કે છોટે નહેરુજી હિંસા, હાસ્ય અને હુલ્લડને મહાપાપ સમઝે છે !......આ વિશેષતાઓના કારણે મૌ. મહમદઅલી બડે નેહરુને 'જવાન બુઢ્ઢા' અને છોટે નહેરૂને 'બુઢ્ઢા-જવાન' કહેલું યાદ આવે છે."

આમ પિતા પુત્ર વચ્ચે ફેર અને સામ્ય છે.

સાદાઈ અને મિલનસારપણું

આનન્દભવનમાં જવાહરલાલની યુરોપમાં હતા ત્યારની છબી લટકાવેલી છે. જોઈને કોઇ તો માને કે એ કોઇ રાજવંશી નમીરો છે. પણ અત્યારના જવાહરલાલ એટલે પહેરણ ઉપર બાંડીયું, ચારેય છેડે પહેરેલું ખાદીનું ધોતીયું, પગમાં ચંપલ અને માથે ચાર આનાની 'ગાંધી ટોપી' પહેરેલ નવયુવાન. જેમ પોષાકમાં બાહ્ય પરિવર્તન થયું છે તેમ આંતર વિચારોમાં પહેલાંના કરતાં આજે આભ જમીનનો ફેર પડયો છે. બાહ્ય સાદાઇ એ અંતરના વિચારોને અનુસરીને આવે છે. જે સર્વદા ટકનારી વસ્તુ હોય છે એમાં ડોળ ને દંભ નથી હોતાં. તે સ્વાભાવિક રૂપ ધારણ કરે છે.

આ સાદાઇએ તેમને ગામડાની વચમાં જવા પ્રેર્યા. ખેતરોમાં, ખાડા ટેકરાઓમાં, ટાઢ તડકામાં પણ તેઓ નાસતા, કુદતા, કાંટા કાંકરાની તેમને દરકાર ન રહેલી. ઝુંપડીમાં એક કામળો પાથરી અને એક ઓઢી નિરાંતે આનન્દભવનમાં ન મળતી એવી દિવસના પરિશ્રમને અંતે ઉંઘ કાઢતા. સૂકોપાકો રોટલો ચલાવી લેતા. સાદાઇમાંથી સંયમ કેળવ્યો છે. સાધારણ માણસ તો સાદાઇ રાખે પણ આ લક્ષ્મીના ખોળામાં જ

ઉછેરેલા જવાહરલાલ જ્યારે આટલી સાદાઇ રાખે ત્યારે તો હદજ કહેવાય! અત્યારના કહેવાતા જવાન તો પરદેશી કાપડમાંથી સ્વદેશી પહેરતાં અને સ્વદેશીમાંથી ખાદી પહેરતાં જાણે માતૃભૂમિ ઉપર ઉપકાર કરતા હોય એમ દેખાવ કરી કશુંય દેશનું કે જાતનું ધોળતા નથી.

તેમની સાદાઇમાં સુઘડતા અને સ્વચ્છતા છે, તેમની પહેરેલી ખાદી ચાંદની શી ઉજ્જવળ હોય છે, પછી ભલે તે ફાટલી અગર ખરબચડી હોય. સ્વચ્છતામાં તેમની બરોબરી કરી શકે એમ જો કોઇ હોય તો તે મહાત્માજી જ છે.

લખનૌમાં સાયમન કમિશનના બહિષ્કાર પછી ડૉ. બેસંટ ત્યાં 'નેહરુ રિપોર્ટ' માટે પ્રચાર કાર્ય કરવા ગયાં હતાં. તે સારુ મેયો હૉલમાં એક સભા ભરવામાં આવી હતી. જવાહરલાલ પણ સભામાં ગએલા પણ નેતાઓના બેસવાના મંચ ઉપર નહિ બેસતાં જમીન ઉપર એક બાજુ મિત્રો સાથે બેસી ગયા. બીજાઓને માટે શેતરંજી પાથરવામાં આવેલી હતી જ્યારે એમની બેસવાની જગ્યા એ જમીન જ હતી. મંચ ઉપર તેમને બોલાવવામાં આવ્યા પણ તેમને પોતાની જગ્યા વધુ પ્યારી હતી કારણ કે તે સપાટી ઉપર સહુ કોઇ સંમિલિત થઈ શકે.

સ્વામી રામતીર્થે કહ્યું છે કે:—

"When shall I be free?
When 'I' shall cease to be"

" હું કયારે મુક્ત થઇશ ?
'હું' પણું મટશે ત્યારે. "

આ તદ્દન સત્ય છે. એ પોતાપણું ભૂલી જઈ વિદ્યાર્થીઓમાં, યુવકોમાં, સૈનિકોમાં, રાજનાતિજ્ઞોમાં આમ દરેક વર્ગમાં સારી પેઠે હળી મળી શકે છે. કેટલાક મહિના પહેલાની વાત એક ભાઇ લખે છે. "એમનાં પ્યારી પત્ની, ભારતીય સ્ત્રીત્વની મૂર્તિસમી કમલા બિમાર હતી. એક દિવસ તબીયત એકાએક બહુ જ બગડી ગઇ. બીજે દિવસે હું મારા નાના એવા અસ્તિત્વથી સંકોચાતો તેમના આનન્દભવનમાં એક જરુરી વાત કરવા ગયો. દરવાન તરફથી મને ખબર મળી કે તેઓ તેમનાં પત્નીની બિમારીથી દીલગીરીમાં અને તેમની શુશ્રુષામાં છે. પંડિત મોતીલાલજી આવીને બેઠા. આવેલી ટપાલમાંથી મહત્ત્વવાળા પત્રો વાંચી વાંચી એક બાજુ મૂકતા જતા હતા. હું ચાલી નીકળ્યો. ન જાણે નોકરે શુંય વિચાર કરી મારા આવ્યાની જાણ જવાહરલાલને કરી. તેઓ ઝટ દવાદારુનું કામ પડતું મૂકી નીચે દોડી આવ્યા અને મારી સાથે પ્રેમથી વાત કરી. મને જબરજસ્તીથી તેમના કોચ પર બેસાડ્યો અને લાંબા સમય સુધી સાહિત્ય અને સમાજની વાત કરી. મને ફરીથી લાગી આવ્યું કે આ માણસમાં કેવી બેપરવાઈ છે ? જવાહરલાલ એ નથી ભૂલતા કે તેઓ પ્રથમ મનુષ્ય છે, અને પછીથી દેશ સેવક છે. કોઇ નેતાની સાથે આમ દીર્ઘકાળ પર્યંત નિરાંતે બેસીને વાતચીત કરવાનો સંભવ નથી. મેં તેમને કૉલેજના વિદ્યાર્થીઓ સાથે હળીમળીને તેમના અંગરૂપ બની હસી ખુશીથી વાતો કરતા જોયા છે. એ યૌવનનો ગુણ છે.

જેથી તે પ્રેમ અને ભાવની આગળ પોતાની મર્યાદા અને પોતાના મહત્વને ભૂલી જાય છે."

લાહોર મહાસભામાં મોડા સુધી કામ ચાલતું તેથી તેમને માટે ખાવાનું મંચ પર લાવવામાં આવેલું તે ન ખાતાં સૈનિકના હાથના ચણા અને ગોળ ખાધાં. આમાં તેમનો સહુને એક ગણવા એ સિદ્ધાન્ત દૃષ્ટિગોચર થાય છે.

કઠોર કર્તવ્યનિષ્ઠા

તેઓ કઠોર કર્તવ્યનિષ્ઠ છે. સવારના પાંચથી તે રાતના અગીઆર સુધી અદમ્ય ઉત્સાહ સાથે તેઓ કર્તવ્યમાં મચેલા રહી શકે છે. તેમનામાં 'ઝિન્દાદીલી' ભરપૂર છે પણ 'મુર્દાદીલી' ને સ્થાન નથી. નિર્દય નિયમપાલન, તપસ્યા અને ગંભીર મુદ્રાને કારણે પાંચ સાત વર્ષમાં જવાહરલાલ શારીરિક દૃષ્ટિએ બહુજ નીચોવાઇ ગએલા લાગે છે. તેમણે પોતાના શરીરની સારી સંભાળ ન લીધી તેથી તે સુંદર દેહ અત્યારે સુંદર વિધવાના કરુણ અને ગંભીર દેહની યાદ લાવે છે.

એ કર્તવ્ય પરાયણતામાંથી મિનિટે મિનિટનો સદુપયોગ થવોજ જોઇએ એમ તેમનો મત બંધાયો છે. જો કોઇ સભાના પ્રમુખ હોય ને તે કામ પાંચવાગે શરુ કરવાનું હોય તો પછી સભામાં હાજર રહેલાઓની સંખ્યાની પરવા કર્યા વગર તેઓ નિયત સમયે કામ શરુ કરવામાં જ માને છે. કાર્ય મુલતવી રાખવામાં તેઓ માનતા નથી. રાત્રે દિવસના આદરેલાં કામ પૂરાં કર્યા પછીથીજ તેઓ ઉંઘે છે. સવારમાં ઉઠતાં વેંત જ તેઓ પોતાના આખા દિનનો કાર્યક્રમ નક્કી કરી નાખ્યા પછીથી

બીજા કામમાં લાગે છે. તે એક કઠોર કામ લેનાર સાથી Hard Task Master છે. તેમના હાથ નીચે કામ કરનારને એની પ્રતીતિ થએલી છે. સાથે સાથે તેઓ સુવ્યવસ્થાના ખાસ હિમાયતી છે. મહાસભાનું દફતર તેઓએ એવું વ્યવસ્થિત કરેલું છે કે સરકારી દફતર પણ એના આગળ ઝાંખું લાગે છે.

શિઘ્ર નિર્ણય ને નિર્ણતા

જવાહરલાલમાં આ શકિત અદ્ભુત છે. દીર્ઘસૂત્રીપણું તેમનામાં નથી. બહુ જ ઝડપથી નિર્ણય કરે છે એટલું જ નહિ પણ નિર્ણયને કાર્યમાં મૂકતાં પણ બીલકુલ સમય લેતા નથી. વધારે વાદવિવાદ કે તર્ક વિતર્ક તેમને રુચતા નથી. લાંબી ટુંકી વાતો તેમને ભારે આઘાત પહોંચાડે છે. સ્વરાજદળના જન્મ વખતે બુઢ્ઢા નેતાઓની અંદર શબ્દયુદ્ધ જામ્યું ત્યારે તેમના મોંના ભાવ ઉપરથી જણાતું કે " જ્યારે મા ગુલામીની પીડાથી રીબાય છે ત્યારે તમે લોક વ્યકિતગત મહત્તા ને સિદ્ધાંતોમાં શું રચ્યા પચ્યા રહેતા હશો ? "

એમના શીઘ્રનિર્ણયની અને તે નિર્ણયને કાર્યમાં મુકવાની સંપૂર્ણ માહિતી તેમની કુંભમેળા વખતે બતાવેલી અપૂર્વ કાર્યદક્ષતામાંથી મળી રહે છે. આ સાહસમાં તેમની નિર્ભયતા દૃષ્ટિગોચર થાય છે. દેશભરમાં કોઇપણ જગ્યાએથી સંકટની વાત સાંભળતાં દોડી જવું એ તેમના મનને હવે સહજ થઈ પડયું છે.

તેમની નિર્ભયતા અને બુદ્ધિચાતુર્યનો એક દાખલો લઇએ. મિરતના રાજદ્વારી ખટલાના મૅજીસ્ટ્રેટે પંડિત જવાહરલાલ

ઉપર નોટિસ મોકલી કે તેમણે યુરોપના સામ્રાજ્યવાદી વિરોધી સંઘ તથા બીજા મનુષ્યોના જે પત્રો તેમના ઉપર આવ્યા હોય તે બધા મૅજીસ્ટ્રેટ ઉપર મોકલી આપવા. ઉત્તરમાં જવાહરલાલે જણાવ્યુ; " હું દિલગીર છું. કાગળોની બાબતમાં આપે વિશેષ ખુલાસાવાર લખવું જોઇએ. મ્હારા અંગત પત્રો જ જોઇએ છે કે મહાસભાના જનરલ સેક્રેટરી તરીકે મ્હારા ઉપર આવેલા બધા પત્રો જોઇએ છે ? આ બાબતમાં તમારે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખની રજા લેવી જોઈએ. "

આમ જેલમાં કે જેલની બહાર સંકટોની તેમને પરવા ન હતી. સંકટ કે દુઃખને તે લવલેશ ગણુકારતા નથી. જુલિયસ સીઝરનું કહેવું તેમને લાગુ પડે છે, કે " સંકટ અને હું બન્ને સાથે જન્મ્યા છીએ અને દુઃખ એ મારો મોટો ભાઈ છે. " આ વૃત્તિને પરિણામે તેમનું જિવન બલિદાનમય થએલું છે.

સાક્ષરતા

છેવટે તેમના લેખન વાંચન સંબંધી ઉલ્લેખ કરી આ પ્રકરણુ પૂરૂં કરીએ.

" જગતના સાહિત્ય સ્વામીઓના તેઓ અચ્છા અભ્યાસી છે. શેલી, કિટ્સ અને બાયરન તેમના પ્રિય કવિઓ છે. ફિટઝિરાલ્ડે અનુવાદેલી ઉમર ખય્યામ રૂબાઇયાત તેમને પૂરેપૂરી કંઠસ્થ છે અને શેલીના ' એલાસ્ટર ' ની કડીઓની કડીઓ એમને જીભને ટેરવે રમે છે. નવલિકાઓ, નાટકો, કાવ્યો વગેરે સાહિત્યની બધી દિશાઓ પ્રત્યે જવાહરનો અદ્‌ભુત પ્રેમ છે. ગેટેનું

ફાઉસ્ટ એમને ઘણું પ્રિય છે. ટોલ્સ્ટોયથી માંડી તુર્ગેનેવ સુધાંના રશિયન નવલનવેશો એમના પ્રિય લેખકો છે. એમની સંસ્કારિતા પર પશ્ચિમની છાપ જરુર છે પણ તેનો અર્થ એમ નહિ કે તેઓ પૂર્વની સંસ્કૃતિથી બીલકુલ વંચિત છે. એકવાર પંડિત મોતીલાલજીએ કહેલું કે ' જવાહર હેરોમાં અભ્યાસ કરતો ત્યારે રોજ રાત્રે સૂતી વખતે ગીતાસ્તવન કરીને પુસ્તક ઓશીકા નીચે રાખીને જ સૂતો. ' તેમનામાં પૂર્વની સેવા-ભાવના અને પશ્ચિમની કર્મશીલતાનું સુંદર સંમિશ્રણ થયું છે " તેઓ જબરા વાંચનાર છે અને ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેઓ વાંચનને પોતાનો પ્રિયમિત્ર ગણે છે. હિન્દી સાહિત્યનું અધ્યયન પણ શરુ છે. બર્ટ્રેન્ડ રસેલના તેઓ અચ્છા અભ્યાસી છે. તે તેમનો પ્રિય લેખક છે. ' ઇન્ડિપેન્ડન્ટ ' પત્ર ચલાવવામાં તેમનો કંઈ ઓછો હાથ ન હતો. તેમની કલમના ચમકારા હજુ એની ફાઇલોનાં પાનાં ફેરવીએ તો આપણને જણાય છે. યુરોપની મુસાફરી દરમિયાન તેમણે ત્યાંના અને હિંદી સામા-યિકોમાં કેટલાએ પ્રશ્નો ઉપર અજવાળું ફેંકતા લેખો લખ્યા છે.

તેમના પુસ્તક 'પિતાના પુત્રીને પત્રો' એ વિષે બીજી જગ્યાએ ઉલ્લેખ આવી ગયો છે. તેમનાં ભાષણો પણ એવાં જ સચોટ ને સીધી સાદી શૈલી સાથે, ઉદ્દામ વૃત્તિની સંમિશ્રણ લાગણી સાથેનાં માલમ પડે છે. તેમના લાહોર મહાસભાના ભાષણ વિષે મહાત્માજીનો અભિપ્રાય બસ થશે. "એમનું ભાષણ ટૂંકું ટચ, મુદ્દાસર અને જોરદાર હતું. એ ભાષણના ઉગ્ર વિચારો તેમણે સૌમ્ય ભાષામાં ઉતાર્યા હતા. પોતાના વિચારો ઉગ્ર હોવા

છતાં દેશે શું કરવું જોઇએ તે સંપૂર્ણ તટસ્થપણે રહીને જણાવવાની એમની શક્તિ છે એમ એ ભાષણ બતાવી આપતું હતું. પોતે તો પાકા 'સોસ્યલિસ્ટ' છે, પણ દેશથી જેટલું પચાવી શકાય તેથી વધારે તે માગતા નથી. દેશને ખાતર આદર્શ હળવા કરતાં છતાં આદર્શોનો પોતાના જિવનમાં સંપુર્ણ અમલ કરવાનો એમનો સતત પ્રયત્ન રહ્યો છે.''

પહેલાં પણ મહાત્માજીએ જવાહરલાલને માટે 'વ્યાવહારિક આદર્શવાદી' શબ્દપ્રયોગ કરેલો અત્યારે સાખ પુરે છે.

ઇન્કિલાબ ઝિન્દાબાદ

હાલમાં નાનકડા ગામડાની ભાગોળે કે શેરીએ, શાળામાં કે રમતાં ભમતાં નાનાં છોકરાં પણ તોતલી ભાષામાં 'ઇન્કીલાબ ઝિન્દાબાદ' બોલે છે. મને એક સ્મરણ તાજું થાય છે આ ઘોષણનું ગુજરાતમાં આવતા પહેલાં જન્મસ્થાન કયું?

લાહોર મહાસભાના વ્યાખ્યાનમંચ ઉપરથી જવાહરલાલે પ્રમુખ તરીકે પોતાનું ભાષણ પુરૂં કર્યું. જ્યાં છેલ્લો શબ્દ ભાષણનો પુરો થયો કે તરત જ તેઓ કંઇક બોલ્યા જેને ત્યાં હાજર રહેલી અમારા જેવા થોડા સિવાયની માનવ મેદનીએ ઝીલ્યો. ગુજરાતીઓ તો ન સમજી શકયા. કંઇક 'ઇન્કીલાબ' શબ્દ સંભળાયો પણ અર્થ ન આવડે. એક હિંદી જાણનાર ભાઇને એ શું બોલ્યા તે પૂછયું. તેઓએ છુટક છુટક 'ઇન્કીલાબ' એટલે ક્રાન્તિ અને 'ઝિન્દાબાદ' એટલે અમર રહો એમ અંગ્રેજીમાં સમજાવ્યું. 'અમર

રહો ક્રાન્તિની ઘોષણા હિન્દી શબ્દ યુગલમાં અતિ પ્રતિભાવાન દેખાતી તેને અમે કંઠસ્થ કરી એમ કહું એ જેટલું હસવા જેવું છે તેટલું જ સાચું છે.

ત્યાર પછી તો અત્યારે ગરીબ તવંગર, જુવાન વૃદ્ધ, સ્ત્રી ને બાલક, સૌ એ શબ્દ યુગલની ઘોષણા ઠેર ઠેર કરતાં જણાય છે. અને આનન્દની વાત તો એ છે કે એની ઘોષણા કરી હિન્દને ક્રાન્તિ અપાવવાને મહાત્માજીને પંથે યુવકો અત્યારે ઠેકઠેકાણે નીકળી પડયા છે.

પરિશિષ્ટ

(૧)

ફેલાયેલી જાળ

[લખનૌમાં સાયમન કમિશનનો બહિષ્કાર કરવા સ્ટેશન બહાર ૫૦ હજારની માનવમેદની જમા થએલી હતી. તેના અગ્રણી જવાહરલાલ નેહરુ હતા. પોલિસે પોતાની ગુંડાશાહી દેખાડવા બીજી વખત નેહરુજીને લાઠીનો સપાટો લગાવ્યો. લાઠીમાર શાંત પડયા પછીથી જે ઘટના બની તેનું વર્ણન પત્રદ્વારા જવાહરલાલે મહાત્માજીને લખી મોકલ્યું. મહાત્માજીની અગત્યની ટીકા સાથેનો ભાગ નવજીવનમાંથી નીચે આપેલો છે.]

જ્યાં જુઓ ત્યાં આ સરકારે આપણે સારુ જાળો પાથરી રાખેલી હોય છે. એકમાં નહિ તો બીજામાં આપણે ફસાયા જ છીએ. કોઈ ખુલ્લી છે, કોઈ છુપી છે, કોઈ લલચાવનારી છે. શરાબખાનાં ખુલ્લી જાળ છે, છુપી પોલિસ છુપી જાળ છે. નિશાળો, ધારાસભા, અદાલતો વગેરે લલચાવનારી જાળ છે. આવી અનેક ત્રિવિધ જાળોમાંથી કોણ બચવા પામ્યું છે ? લલચાવનારી શોભિતી, માયાવી જાળમાં નાના મોટા બધા ફસાએલા જ છીએ. મેં તો નમુના આપ્યા છે. કાંઈ બધી જાળોની ફેરેસ્ત નથી આપી. એ આપવી મારી શકિતની

બહાર છે. હું એટલું જાણું છું કે તેમાંથી આપણને પ્રભુ બચાવે તો જ બચીએ અને પ્રભુની પાસેથી રક્ષા માગનારમાં અનન્ય શ્રદ્ધા ને અપૂર્વ દઢતા જોઈએ.

આ જાળનું સ્મરણ પંડિત જવાહરલાલ નેહરુનો મારી ઉપર આવેલો કાગળ દેવરાવે છે. તેમાંના પ્રસ્તુત ભાગનો તરજુમો નીચે આપું છું.

" ગઈકાલે (લખનૌમાં બનાવ બન્યો તે દહાડે) એક બનાવ બન્યો. એ તમે જાણવા ઇચ્છશો ? એ મેં મારી અખબારોને આપેલી હકીકતમાં નથી જણાવ્યો. અમને ઘોડેસ્વારોએ હઠાવી દીધા કે તુરત એક નવજવાન મારી સન્મુખ ઉભો રહ્યો. મેં તેને વિદ્યાર્થી માન્યો. તેણે મને કહ્યું; ' તમારે જોઈએ તો હમણાં હું તમને બે રિવોલ્વર આણી આપું.' ..... પોલિસના દંડુકાના મારથી અને ઘોડેસ્વારોના હુમલાથી અમે ધુંધવાઈ તો રહ્યા જ હતા. સૌના ચ્હેરા ઉપર ગુસ્સો છવાઈ રહ્યો હતો. આથી એ નવજવાને પોતાની મદદ આપવાની સારી તક માનેલી હોવી જોઇએ. પણ મેં તો ' મૂર્ખો, થા મા. ' કહી તેને મારી નજર બહાર કર્યો. આ બનાવ પછી તુરત મને અનાયાસે ખબર પડી કે આ ભાઈબંધ છુપી પોલિસનો નોકર હતો. "

પંડિત જવાહરલાલ પાકા હૈયાના નિર્ભય દેશભકત છે. એ જાળમાં ફસે તેવા નથી. તેને રિવોલ્વરની જરુર જણાય ત્યારે ઉઘાડી રીતે પોતાની સાથે રાખે તેવા અને વાપરે એવા છે. અત્યારે તો તેમણે શાન્તિનો માર્ગ ગ્રહણ કર્યો છે એટલે પચાસ રિવોલ્વરવાળાની મદદની વાતથી પણ તેઓ ફસાય

તેવા નથી. અને જ્યાં લગી મહાસભાનું સ્વરાજ મેળવવાનું સાધન સત્ય અને શાન્તિનું યુગલ છે ત્યાં સુધી મહાસભાના માણસોને આવી જાળમાં ફસાવવાનો ભય નથી પણ મહાસભાએ ઘણા કાળથી પોતાની પાસે કાંઇ ખાનગી વાતો કે કામો રાખ્યાં જ નથી. તેથી છુપી પોલિસનો ધંધો મહાસભાના ગઢમાં હાલ બહુ ચાલી શકે તેમ નથી.

× × × ×

પણ મોટી સલ્તનતો કયી રીતે કાવત્રાં કરે છે, જુઠું બોલી જગતને અને પોતાની રૈયતને પણ કેવી રીતે ભમાવે છે, તેની પૂરી માહિતી તો હાલમાં પ્રગટ થએલું પુસ્તક આપે છે. તેનું નામ ‘ લડાઇને સમયે ચાલતું જુઠાણું ’ છે. તેના કર્તા આમની સભાના જાણીતા લેખક સભ્ય પોન્સોલિ છે. તેમણે દાખલા પૂરાવાની સાથે લડાઇમાં જુઠાણાનો ઉપયોગ થયો તેનો આબેહુબ ચિતાર આપ્યો છે તે જોઈને આપણે આશ્ચર્ય પામીએ; ને ઇશ્વરના સત્યની ઉપર ભરોસો ન રાખવાવાળા તો એમ જ માને કે દુનિયામાં સત્ય નથી પરંતુ, જુઠ જ તરે છે. આ જુઠાણામાં મોટો હિસ્સો અંગ્રેજી સલ્તનતનો છે, એમ કહી શકાય. એ સલ્તનતે લડાઇમાં પડતી વેળા ડોળ કર્યો હતો પરમાર્થનો; પણ તે ડોળ કરતી વખતે પ્રધાનો જાણતા હતા કે એ લડાઇમાંથી અંગ્રેજી સલ્તનતને મોટી કમાણી કરવી છે, પારકા મુલક પચાવવા છે, તુર્કીના ભાગલા પાડવાના છે. જો ધારત તો બ્રિટન આ લડાઈને અટકાવી શકત. પણ તેને તો ભાવતું હતું ને વૈદે બતાવ્યું. તેને લડાઈ જોઇતી હતી. તેણે તેની તૈયારીઓ વર્ષો અગાઉ કરવા માંડી હતી.

× × × ×

(૨)

મુગટ કોણ પહેરે ?

[૧૯૨૯ ની લાહોરમાં મળનારી મહાસભા વખતે પ્રમુખ કોણ થાય એ વિષે મહાત્માજીએ પોતાના સ્પષ્ટ વિચારો જનતા સમક્ષ તા. ૪ થી ઑગસ્ટ—'૨૯ ના રોજ નવજીવનમાં અગ્રલેખ લખી દર્શાવેલા તે નીચે પ્રમાણેઃ]

મહાસભાના પ્રમુખની ગાદી ઉપર બેસવું એ દર વરસે વધારેને વધારે અઘરૂં થતું જાય છે. અને આ વરસે તો આ મુગટ કોણે પહેરવો એ એક વિકટ પ્રશ્ન થઈ પડયો છે. મહાસભાના પ્રમુખના મુગટમાં હવે ગુલાબનાં ફૂલ નથી રહ્યાં. તેમાં કાંટા જ છે. પ્રમુખપદને સારૂ જે નામો સૂચવવામાં આવ્યાં છે તેમાં હું મારું નામ પણ જોઉં છું. જ્યારે કોઇ સમિતિએ મારૂ નામ સૂચવ્યું ત્યારે તે ઉપર મેં ધ્યાન નહોતું આપ્યું. પણ હવે મિત્રો આગ્રહ કરી રહ્યા છે કે આ વર્ષે તો મારે પ્રમુખપદ લેવું જ જોઇએ, એટલું જ નહિ પણ જરુર હોય તો તેને માટે મારે માગણી કરવી. આ ભાઈઓની દલીલોમાં હું અહીં નહિ ઉતરું. તેમની કેટલીક દલીલો વજનદાર છે એ મારે કબુલ કરવું જોઈએ, તે ઉપર મેં ખૂબ વિચાર કર્યો છે. પણ આ બોજો ઉપાડવાની શક્તિ અને

હિમ્મત મારામાં નથી. જો હું પ્રમુખપદ સ્વીકારું તો મારે મારા સ્વભાવ પ્રમાણે મહાસભાના દફતર કામની ઝીણી વિગતોમાં પણ ઉતરવું પડે. અને મારી હાલની સ્થિતિમાં આમ કરવાને માટે હું અસમર્થ છું. હું એ પણ જાણું છું કે આજકાલ દેશમાં નવયુવકોમાં ચાલતા પવનને હું પહોંચી શક્યો નથી. એટલે તેઓ અને મારી વચ્ચે કંઇક અંતર હોવાનો આભાસ આવે છે. નવયુવકોના ટોળામાં હું મુદ્દલ શોભતો નથી, હું પછાત પડેલો જણાઉં છું. હું પોતે પછાત પડયો છું એમ નથી માનતો પણ મને લાગે છે કે નવયુવકવર્ગને આજે તેની મરજી પ્રમાણે કામ કરવા દેવું જોઈએ. મારા જેવાથી તેમાં આગળ પડતો ભાગ ન લઇ શકાય. ચાલુ પવન સાથે હું ઘસડાવવા માગતો નથી એટલે પ્રમુખપદ સારુ મને પોતાને હું તદ્દન નાલાયક માનું છું. બીજાં કારણો છે પણ ઉપલાં એ સબળ છે.

મારા મત પ્રમાણે આ વર્ષ પ્રમુખનું સ્થાન પંડિત જવાહરલાલ દીપાવી શકશે. જો મારું ચાલત તો ગયે વર્ષે જ તે પ્રમુખની ગાદી ઉપર બેસત. પણ બંગાળાના અત્યાગ્રહને લીધે પુત્રને બદલે તે પદનો પિતાને સ્વીકાર કરવો પડયો હતો.

વડિલ વર્ગે ઘણા વર્ષો ગાદી શોભાવી છે, પણ હવે વારો યુવક વર્ગનો છે. ભાવીનું યુદ્ધ નવયુવકોએ લડવાનું છે એટલે તેમાંનો જ કોઈ નેતા થાય એ ઇષ્ટ અને યોગ્ય જ છે. વડિલ વર્ગે યુગને સમજવો જોઇએ. પરાણે પુણ્ય કરવાનો સમય આવે તેના પહેલાં તે સ્વેચ્છાએ કરવામાં શોભા છે. જવાબદારી માથે આવવાથી યુવકો ઘડાશે, તેમનું અતિસાહસ

બોજો પડશે; તેમને ગાંભીર્ય અને ધીરજનો પાઠ મળશે, અને ભવિષ્યમાં જે બોજો તેમને ઉપાડવાનો છે તેને માટે તેઓ તૈયાર થશે. પંડિત જવાહરલાલમાં આ પદને સારુ જોઇતી બધા પ્રકારની યોગ્યતા છે. જે કાબેલિયતથી વર્ષો થયાં મહાસભાના મંત્રી તરીકે તેમણે કામ કર્યું છે તે સૌ જાણે છે. વીરતા, પરિશ્રમ, દઢતા, પ્રામાણિકતા, નિર્મળતા, અને હિમ્મતથી તેમણે યુવકવર્ગનું મન હર્યું છે. તે મજુરવર્ગ અને ખેડુતવર્ગના નીકટ સંબંધમાં આવ્યા છે, વળી યુરોપના રાજકારણનો તાજો પરિચય કરવાથી હિંદુસ્થાનની રાજ્યપ્રકરણી સ્થિતિનો આંક તે મૂકી શકે છે.

પણ કોઇ કહે છે: "આ વર્ષે તો આપણે મહાસભાની બહારનાં અનેક દળો સાથે કેટલાયે નાજુક અને માર્મિક મામલાઓ સંબંધી મસલતો ચલાવવી પડશે. અંગ્રેજી મુત્સદ્દીપણાનો મુકાબલો કરવો પડશે. હિંદુ મુસ્લીમ પ્રશ્નના ઘુંચવાએલા કોકડાનો ઉકેલ પણ હજુ કરવાનો છે. એટલે તમારા જેવી કોઇ વ્યક્તિએ અગ્રેસર થવું જોઇએ." હું નથી જાણતો કે આ બધાં કામોને સારું મારામાં કોઈ એવી વિશેષ યોગ્યતા છે કે મારા વિના ચાલી જ ન શકે. પણ હું એટલું તો જાણું છું કે જે કંઇ શક્તિ મારામાં હશે તેનો ઉપયોગ હું પ્રમુખપદ સ્વીકાર્યા વિના વધારે સારી રીતે કરી શકીશ. જ્યાં સુધી જનતાનો મારા પ્રત્યે પ્રેમ અને વિશ્વાસ છે ત્યાં સુધી કોઈ પણ હોદ્દા વિના હું મારી શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરી શકું એમાં મને જરાયે શંકા નથી. ઈશ્વરની કૃપાથી સન ૧૯૨૦ થી કોઈ પણ હોદ્દો ભોગવ્યા વિના જિવન ઉપર મારી અસર કંઈક

પડી શકી છે. બેલગામમાં પ્રમુખપદ લેવાથી તેમાં જરાયે વધારો થયો હોય એમ મને નથી લાગ્યું.

મારા અને પંડિત જવાહરલાલ વચ્ચેના નિકટ સંબંધને જે લોકો જાણે છે તે તો સમજે જ છે કે હું પ્રમુખ હોઉં કે જવાહરલાલ હોય તે એક જ વાત છે. અમારી વચ્ચે સિદ્ધાન્તિક ભેદ ભલે હોય પણ અમારાં હૃદય એક છે. જવાહરલાલમાં જુવાનીનો વેગ છે પણ તેની સામે તેમનામાં કડક નિયમ પાળવાની શક્તિ અને વફાદારી પણ છે. જેથી તે એક અમુલ્ય અને વિશ્વાસપાત્ર આદર્શ સાથી થઇ શકે છે. પણ કેટલાક ટીકાકારો મને ધીમેથી ચેતવણી આપે છે: 'જોજો, અંગ્રેજ તો જવાહરલાલના નામ માત્રથી ભડકશે.' આવી દલીલ કરીને આપણે અંગ્રેજી રાજ્યપ્રકરણી ધુરંધરોના શાણપણ વિષે આપણું અજ્ઞાન દર્શાવીએ છીએ, અને આપણામાં આત્મવિશ્વાસનો અભાવ સૂચવીએ છીએ. જે નિશ્ચય આપણે સારુ ખરેખર યોગ્ય હોય તે આખા જગતને સારુ યોગ્ય હોવો જોઇએ. મહાસભાના પ્રમુખની ચુંટણી કરવામાં બ્રિટિશ ધુરંધરો શું કહેશે એ વિચારવાની વિટંબણામાં પડીને આપણે આપણા પ્રત્યે અશ્રદ્ધા ન દર્શાવીએ. મારી માન્યતા છે કે ઉપલા ટીકાકારો ધારે છે તે કરતાં વધારે ચારિત્ર્યબળ અંગ્રેજોમાં છે. અંગ્રેજ પ્રામાણિકતા, બહાદુરી, સહનશક્તિ અને હિમ્મતપૂર્વક સાફ સાફ કહી દેવાની શક્તિની કિમ્મત સમજે છે. અને આ બધા ગુણો જવાહરલાલમાં પુષ્કળ પ્રમાણમાં છે. એટલે અંગ્રેજો ઉપર અસર પાડવાની દૃષ્ટિથી જોતાં પણ જવાહરલાલને પ્રમુખ તરીકે ચૂંટવામાં મને કંઇ હરકત નથી જણાતી.

વળી મહાસભાના પ્રમુખને આપખુદ સત્તા આપવામાં આવતી નથી. તે એક પ્રતિનિધિ તરીકે અમુક ધોરણ અને રુઢિને આધિન રહીને જ કામ કરે છે. જેમ ઈંગ્લેન્ડના રાજા પ્રજામતનો વિરોધ કરીને સ્વેચ્છા પ્રમાણે નથી વર્તી શકતા, તેમજ મહાસભાના પ્રમુખ પણ ગમે તેમ વર્તી શકતા નથી. મહાસભા ૪૫ વર્ષની જુની સંસ્થા છે. એની પ્રતિષ્ઠા પ્રતિષ્ઠિત પ્રમુખ કરતાં ઘણી વધારે છે. મસલત તો વખત આવશે ત્યારે તે એક વ્યક્તિની સાથે નહિ પણ મહાસભાની સાથે થવાની છે. આપણે જાણીએ છીએ તે કરતાં વધારે સારી રીતે અંગ્રેજ સરકાર આ વાત સમજે છે. એટલે આ બધી વાતો ઉપર વિચાર કરતાં મારી તો એ જ સલાહ છે કે મારું નામ ભૂલી જઈ વગર સંકોચે શ્રદ્ધાપૂર્વક પંડિત જવાહરલાલ નેહરુને જ મહાસભાનો મુગટ પહેરાવવો ઘટે છે.

(૩)

જવાહરલાલની પ્રમુખ તરીકે ચૂંટણી

[મહાત્માજી લાહોર મહાસભાનું નેતૃત્વ સ્વીકારે એ સહુ કોઇને મન રુચતી વાત હતી. પણ મહાત્માજીને મન તો જવાહરલાલ એક જ આદમી હતા જે તે જગ્યાને માટે લાયક લાગતા. છેવટે મહાત્માજી પ્રમુખપદ સ્વીકારે એવી દેશ નેતાઓ તેમને વિનતિ કરે, સમજુત કરે અને તેમ કરતાં પણ જો ફળીભૂત ન થાય તો તેમની પછી સૂચવાએલાં બે નામ—સરદાર વલ્લભભાઈ અને જવાહરલાલ—માંથી કોઇએકને પ્રમુખ ચૂંટી જ કાઢે એ હેતુથી લખનૌમાં મહાસભાની કાર્ય-વાહક સમિતિની ખાસ બેઠક મળી હતી. તેનું શબ્દચિત્ર શ્રી. મહાદેવભાઇએ તા. ૬ ઠી ઓકટોબર—'૨૯ ના નવજીવનમાં **'પ્રમુખ કેમ ન થાય ?'** એ મથાળા હેઠળ આપેલું તે અક્ષરશઃ અહીં આપ્યું છે.]

"ખાવું ખોભણુ માંહ્ય ભૂખ વિના ભાવે નહિ,
દુહો દીલડા માંહ્ય ઉલટ વિના આવે નહિ."

ગયા અઠવાડિયામાં લખનૌમાં મહાસમિતિની જે બેઠક થઇ તે કેવળ મહાસભાના પ્રમુખની ચૂંટણી કરવા માટે જ

થઇ હતી. મહાસભાના ઇતિહાસમાં મહાસમિતિને માટે આવો પ્રસંગ પ્રથમ જ હતો. લખનૌના રસ્તા ઉપર ચાલતા સામાન્ય માણસો પણ એક બીજાને આટલો સવાલ કરતા હતા, " કયા મહાત્માજી સદર હોંગે ?" પણ સભ્યો તો બહુ ઓછા આવ્યા હતા; ગાંધીજીનો નિશ્ચય ન જ બદલાવી શકાય એમ માનીને પણ ઘણા ગેરહાજર રહ્યા હશે.

ગાંધીજીની જ સૂચનાથી પંડિત મોતીલાલજીએ બધા મહાસમિતિના સભ્યોની રીતસરની બેઠક થાય તે પહેલાં કેવળ મિત્રભાવે વાતચીત કરવાને એક બેઠક રાખી હતી; એ એટલા જ ખાતર કે હું મારા નિશ્ચયમાં કાયમ છું, પણ મારો નિશ્ચય બદલવાને માટે મારા મિત્રો પાસે કાંઈ સબળ દલીલ હોય તો હું સાંભળી લઉં. લગભગ ત્રણેક કલાક સુધી વાતો ચાલી. ગાંધીજીને પ્રમુખપદ લેવામાં આગ્રહ કરનારાઓમાં મુખ્ય પંડિત માલવીયાજી, શ્રી. સેનગુપ્તા, શ્રી. સન્તાનમ, અને ડૉ. કિચલુ વગેરે હતા. માલવીયાજી તો કેવળ ગાંધીજીને સમજાવવાને માટે જ, પ્રકૃતિ અસ્વસ્થ હોવા છતાં, સીમલાથી આવ્યા હતા. તેમના આગ્રહમાં પ્રેમની અતિશયતા હતી. " તમારા અંતરાત્માને લાગે કે તમારે પ્રમુખ ન થવું જોઈએ, પણ અમારા અંતરાત્માને લાગે છે કે તમારે પ્રમુખ થવું જોઇએ; તમે તમારો આત્મવિશ્વાસ ખોઈ બેઠા છતાં પણ દેશને જેવા દોરી શકો તેવું કોઈ દોરી ન શકે." એ પ્રકારની દલીલ હતી. શ્રી. સેનગુપ્તા કહેતા હતા " તમે તમારી પોતાની નબળાઈની અને નાલાયકીની વાત કરવી છોડી દો. કોઇ માણસ દેશના હિત આગળ પોતાની અંગત મુશ્કેલીઓનો વિચાર નથી કરતો.

એવી અંગત મુશ્કેલીઓ દરેકને હોઈ શકે." પંજાબી મિત્રોના આગ્રહનું તાત્પર્ય આ હતું: "તમે ન આવશો તો અમારું પંજાબનું કામ બહુ મુશ્કેલ થઈ પડશેઃ–"

યુવકવર્ગના તરફથી બોલવાનો દાવો કરનાર સંયુક્ત પ્રાન્તના એક સભ્ય શ્રી. બાળકૃષ્ણ શર્માએ કહ્યું: "ગાંધીજીને શા સારુ પજવો છો? એમની શિસ્ત આપણને બહુ આકરી પડે છે, એમના કાર્યક્રમનો અમલ આપણાથી થતો નથી. આપણે નાહકનો એમના નામનો દુરુપયોગ ન કરીએ. જવાહરલાલ જ યુવકોને નભાવી લેવાની શકિત ધરાવે છે, એટલે એમને નીમવા એ સારું છે. ગાંધીજી થોડોજ પોતાનો નિશ્ચય ફેરવવાના છે?"

આ મિત્રો પોતપોતાની વાત કરી ચૂકયા એટલે ગાંધીજીએ ટુંકામાં પોતાને જે કહેવું હતું તે કહ્યું:

"આટલું તમારી પાસે સાંભળીને જ મારો નિશ્ચય બદલાય એમ હોત તો હું તમને અહીં બોલાવી હજારો રૂપીઆનો ખર્ચ ન કરાવત. પણ હું શું કરું? તમે મારામાં એ કામ ઉપાડવાની હોંશ ઉત્પન્ન કરી શકયા હોત તો હું ઉપાડવાનો વિચાર કરત પણ હું દીલગીર છું કે મને એ ઉલટ નથી જ થતી. કોઇ પણ રીતે મારી નબળાઇ અથવા મારો લકવો તમે મટાડી શકો તો મટાડો એમ હું ઇચ્છું છું. પણ એ તમે નથી કરી શકયા. મેં મારી અંગત નબળાઇઓને આગળ નથી કરી પણ તેમાં મેં દેશની સેવા કરવાની મારી અશક્તિ જોઇ છે ને તે આગળ કરી છે. જેનામાં લગામ પકડવા પૂરતી આત્મશ્રદ્ધા રહી નથી તે એ કેમ લઈ શકે? અને હું પ્રમુખ થાઉં તો જ અમુક વસ્તુ થાય એમ માનવું એ ભ્રમ છે. ગયે

વર્ષે કલકત્તામાં હું પ્રમુખ ન હતો, છતાં પ્રમુખનું જ કામ કરવા હું ગયો હતો. સરકાર એવી મૂર્ખ નથી કે હું પ્રમુખ હોઉં તો અમુક નીતિ સ્વીકારે અને હું પ્રમુખ ન થાઉં તો તે નીતિ બદલે. મને ખુશામત પસંદ છે એમ તો તમે કોઇ ન જ કહો, એટલે અહીં સભા બોલાવવામાં આવે અને તમે મારી થોડી ખુશામત કરી લ્યો એટલે હું માની જાઉં એવું નથી જ. મારા દીલમાંથી એ વાતજ નીકળી શકતી નથી કે મારાથી મહાસભાનું સુકાન હાથમાં લેવાય. આજે તમારો લડીયો થઇને તમે જે કામ સોંપશો તે કરીશ, પણ તમારો સાથી નથી થઇ શકતો."

આ પછી પણ કેટલીક વાટાઘાટ ચાલી એટલામાં બંગાળામાંથી ડૉ. વિધાન રૉય આવ્યા. તેમણે તો ભલમનસાઇથી કેટલાક સીધા સવાલ પૂછયાઃ "આજે કેટલાક માણસો હિંસાને પસંદ કરનારા છે માટે તમે પ્રમુખપદ લેવા રાજી નથી?"

ગાંધીજી કહે "ના, એમ નથી. પણ આજે એક પ્રકારની બીનજવાબદારી જે હિંસાનું એક રૂપ છે એ વસ્તુ વાતાવરણમાં ભળી છે."

"એ તો તમે જ ટાળી શકો. તમે જે કહો તે પ્રમાણે ન કરીએ તો તમે અલગ થઈ શકો છો."

"ના, હું એ નથી ટાળી શકતો, અને એ ટાળવાની તમારી પણ તૈયારી નથી. આજે જ દાખલો લ્યોની. આપણે દરેક પ્રાન્ત વિષે ઠરાવ કર્યા કે આટલા સભ્યો કરવા જોઇએ, એટલા સભ્યો ન થાય તો એ પ્રાન્તની સમિતિઓને અમાન્ય

કરવી. એટલા સભ્યો તો ઘણા પ્રાન્ત નથી કરી શક્યા, પણ આપણે અમાન્ય કરવાનો ઠરાવ ન કરી શકયા. ન કરી શકયા એ હાલનું વાતાવરણ જોતાં તો ઠીક જ થયું. પણ મને જે વસ્તુ જોઇએ છે તે કડક નિયમ પાલન જોઈએ છીએ. આજે ૩૫૦ સભ્યો મહાસમિતિમાં છે. એને બદલે ૩૫ સભ્યો જ સભ્ય રહેવાને લાયક છે. એમ ઠરે તો તેમ કરતાં અટકવું ન જોઇએ. આપણે એ કરવાની શક્તિ નથી ધરાવતા. હું ઇચ્છું માટે તમે કંઈ કરો એવું તો હું માગતો જ નથી. પણ જે ઠરાવો આપણે ભેગા થઇને કરીએ, તે જ ઠરાવોનો અક્ષરશઃ કડક અમલ કરવાની આપણી વૃત્તિ અને શક્તિ રહી નથી.”

સરદાર મંગળસિંગ બોલ્યાઃ “ત્યારે તો આજે એવી સ્થિતિ આવી કહેવાય કે તમે કાં તો પૂરેપૂરી લગામ હાથમાં લઈ લો, અથવા તો તમે પૂરેપૂરા ખસી જાઓ. એમ તમને લાગતું નથી?”

ગાંધીજી કહેઃ ‘તમે સોનામહોર જેવી વાત કરી છે. એવું કરવું પડે તો હું જરુર કરીશ, આજે હું એમ કરું તો ભારે આઘાત પહોંચે.’

આ પછી મહાસમિતિની કાયદેસર બેઠક મળી. ત્યાં પણ ગાંધીજીએ પોતાને ઉલટ નથી આવી શકતી એ વાત બીજા શબ્દોમાં મૂકીઃ

‘માલવીયાજીને સીમલાથી અહીં સુધી મને મનાવવામાં આવવું પડે અને હું માની શકતો હોઉં તો ન માનું એમ બને? પણ સાચી વાત એ છે કે તમે જેના હાથમાં આજે લગામ મૂકવા માગો છો તેના હાથ ધ્રૂજી રહ્યા છે. એ તમારો

રથ શી રીતે ચલાવશે? મને ઘણા કહે છે કે આ તક હું જવા દઈશ તો હું પાછો હિમાલય જેવડી મોટી ભૂલ કરીશ. હું નથી માનતો. એમ મારી ભૂલ સમજાતાં મને પ્રાયશ્ચિત કરતાં આવડે છે. મને વિશ્વાસ છે કે પ્રમુખપદનો અધિકાર અથવા બોજો ઉઠાવીને હું દેશની સેવા કરતાં અસેવા વધારે કરીશ, જ્યારે પ્રમુખ ન થઈને હું સેવા વધારે કરીશ.

'પણ મારા કહેવાનો કોઈ એવો અર્થ ન કરે કે હું મહાસભાની સેવા કરવામાંથી હઠી જવા માગું છું. આજે મારું દિલ એમ જ કહે છે કે તું પ્રમુખપદથી દૂર રહીને જ કામ કરી શકે. મારી હંમેશની ટેવ છે કે જે વસ્તુને માટે હું મને નાલાયક સમજું છું તેનાથી દોઢ ગાઉ દૂર રહું છું. આજે તો ઈશ્વરથી ડરીને દેશનું શ્રેય શેમાં રહેલું છે તેનો પૂરો વિચાર કરીને મેં પ્રમુખપણાની જવાબદારી સ્વીકારવાની ના પાડી છે. આમાં મારું અભિમાન છે એમ ન માનશો. મેં આખી વસ્તુનો તટસ્થતાથી વિચાર કરી જોયો છે. તમને અહીં સુધી લાવવાની મને ફરજ પડી અને તમને એટલી બધી તકલીફ વેઠવી પડી એ ખાતર દિલગીર છું. પણ હું શું કરું? હવે તમે ઇચ્છો તેને પ્રમુખ કરો ખાતરીથી માનજો કે તે પ્રમુખના હાથ નીચે તેનો સાચો સિપાઇ બનીને કામ કરીશ. ૧૯૨૦ની સાલથી તમે મને કામ કરતો જોયો છે. શું એ કામ કરવાને માટે મને પ્રમુખપદની જરુર છે? મેં તો પ્રમુખ નહોતો છતાં દેશને દોરવાનું કામ યથાશક્તિ કર્યા જ કીધું છે. તમે જોશો કે હું મારા કર્તવ્યમાંથી ભાગી નથી જવાનો. હું સાજો હોઈશ તો

લાહોરમાં તમે મને જોશો. જેમ કલકત્તામાં મેં થાય એટલી મદદ કરી તેમ લાહોરમાં પણ કાર્યક્રમ ઘડવામાં હું મદદ કરીશ, તમારી સાથે લઢવાની જરૂર પડશે તો લઢીશ પણ ખરો. પણ અમુક માણસ—પછી ગમે તેટલો મોટો તે કેમ ન હોય તો પણ તે—પ્રમુખપદ લેવાની ના પાડે એટલે કામ ન ચાલે, એ મનોદશામાંથી આપણે નીકળી જવું જોઈએ. મોટા નાના સૌ આવશે અને જશે, પણ ભારતવર્ષ સ્વતંત્ર થશે અને ચંદ્રસૂર્ય રહેશે ત્યાં સુધી રહેશે એ વિષે મને શંકા નથી.'

આ કથન પછી કશી રકઝકનો સવાલ નહોતો રહ્યો. વલ્લભભાઈએ તો પોતાનું નામ લેવામાં આવતાં જ કહ્યું હતું: 'જ્યાં સેનાપતિ જવાની ના પાડે છે ત્યાં હું સિપાઈ જવાની શી રીતે હિમ્મત કરું ?' એટલે તેમનો સવાલ રહ્યો જ નહોતો. આખરે પંડિત જવાહરલાલનું નામજ સભા આગળ રહ્યું અને એ નામ તાળિયોના ગડગડાટ વચ્ચે સ્વીકારાયું.

(૪)

યુવકોની કસોટી

[પંડિત જવાહરલાલ નેહરુની ચૂંટણીને અનુલક્ષીને મહાત્માજીએ 'યંગ ઈંડિયા'માં 'યુવકોની કસોટી' નામનો અને 'હિન્દી નવજીવન'માં 'સંયુક્ત પ્રાન્તની કસોટી' નામનો એમ બે લેખ લખ્યા હતા તેનું ભાષાન્તર 'નવજીવન'માંથી નીચે આપેલું છે.]

મહાસમિતિએ લખનૌ ખાતેની તા. ૨૯મીની બેઠકમાં મહાસભાના આવતા વર્ષ માટેના સુકાની તરીકે પંડિત જવાહરલાલ નેહરુને ચૂંટી ભારે ડહાપણ કર્યું છે. જે રાષ્ટ્ર પોતાને વિષે જાગ્રત છે અને જે સ્વતંત્રતા માટે કૃતનિશ્ચયી છે તેને પણ ગમે તેવા મોટા માણસ પછી તે મહાત્મા હોય તો પણ તેના વિના ન ચલાવી લેવાય એવું ન હોય અને જેમ પૂર્ણ તેના અંશ કરતાં સદા મોટું જ હોય તેમ રાષ્ટ્રની પ્રતિનિધિરૂપ હોવાનો દાવો કરતી મહાસભા પણ તેના મોટામાં મોટા અંશો કરતાં મોટી જ હોય. એક સજીવ સંસ્થા બનવા માટે તેણે તેના અતિ નામાંકિત સભ્યોવિના પણ ચલાવી લેવું પડે. મહાસમિતિએ પોતાનો ઠરાવ કરી બતાવી આપ્યું છે કે મહાસભાની અંતરંગ શક્તિમાં તેને શ્રદ્ધા છે.

આમ ઘરડાઓના હાથમાંથી સત્તા જુવાનોના હાથમાં જતી હોઈ કેટલાકને દહેશત રહે છે કે મહાસભાનું હવે આવી લાગ્યું છે. મને એવી કશી બીતી નથી. મહાસભાનું આવી તો ત્યારે જ બનત કે જ્યારે મારા જેવાના આજે પાંગળા થઈ પડેલા હાથમાં એની લગામ આવી હોત. આ સંબંધમાં વાચકોને માટે એક વાત હું પ્રકટ કરીશ. આ તાજની જવાબદારી માટે પંડિત જવાહરલાલ નેહરુનું નામ સૂચવતા પહેલાં મેં તેમને પૂછી જોયું હતું કે આ બોજો ઉઠાવવાની તમારી તૈયારી છે કે નહિ અને તેમણે તરત જ પોતાનો સ્વભાવોચિત જવાબ વાળેલો. 'એ લાદવામાં જ આવશે તો મને ઉમેદ છે કે હું પાછી પાની નહિ કરું.' વીરતામાં એમને ટપી જાય એવું કોઈ નથી. અને સ્વદેશપ્રેમમાં એમની આગળ જવાની કોની મજાલ છે? પણ કેટલાક કહે છે, 'એ તો ઉતાવળીઆ ને ઉછાંછળા છે.' મને લાગે છે કે આજની ઘડીએ એ ગુણો એ લાયકાત ઓછી કરનારા નહિ પણ વધારનારા છે. જો એમનમાં યોદ્ધાનો જુસ્સો અને ઉતાવળિયાપણું છે, તો સાથે સાથે મુત્સદ્દીની દક્ષતા પણ એમનામાં ઓછી નથી. એ શિસ્તપ્રેમી છે અને તેથી તે કઠે એવી લાગે ત્યાં યે તેમણે તેનું કડક પાલન કરી બતાવ્યું છે. એ ઉદાર તો છે જ, પોતાની આજુબાજુના કરતાં એમના વિચાર ઘણા આગળ દોડે છે. પણ એ નમ્ર છે, અને તૂટે ત્યાં સુધી ન તાણવા જેટલા વ્યવહારુ છે. સ્ફટિક જેવા એ સ્વચ્છ છે; અને એમની સત્યશીલતા વિષે કોઇ શંકા કરી શકે એમ નથી. એ નિર્મળ નિષ્કલંક ક્ષત્રિય છે. એમના હાથમાં રાષ્ટ્ર સુરક્ષિત છે.

પણ યુવકોની હવે કસોટી થવાની છે. આ વર્ષ યુવકોની જાગૃતિનું હતું. સાયમન કમીશનના બહિષ્કારની તેજસ્વી સફળતામાં તેમનો ખરેખર મોટો હિસ્સો હતો. જવાહરલાલ નેહરુની પ્રમુખ તરીકે ચુંટણી થઇ છે. એ યુવકોની સેવાની કદર તરીકે ભલે મનાય. પણ નવજવાનો કેવળ પોતાના વિજય ઉપર ન જીવે. રાષ્ટ્ર પોતાનું લક્ષ સિદ્ધ કરે તે પહેલાં તેમણે કેટલીયે મજલ કાપવી પડશે. એક નાના સરખા મજબુત પાત્રમાં પૂરાઇનેજ વરાળ તેજસ્વી શક્તિ બને છે. ત્યારે જ તે વિરાટ ગતિ આપે છે, અને ઝીણા સરખા પણ ચોક્કસ માર્ગે બહાર નીકળીને મોટામોટા બોજા વહી શકે છે. યુવકોએ પણ એવી રીતે વરાળ બનવાનું છે. તેમણે સ્વેચ્છાયે તેમની અખૂટ શક્તિ ને કેદ કરવી ઘટે, નિયમિત કરવી ઘટે, અને ચોક્કસ તથા જરુરી માર્ગમાં જ તેને બહાર આવવા દેવી ઘટે. પંડિત જવાહરલાલ નેહરુની કપ્તાન તરીકેની આ ચૂંટણી રાષ્ટ્ર પોતાના યુવકવર્ગ ઉપર કેવી શ્રદ્ધા રાખે છે તે સિદ્ધ કરે છે. જવાહરલાલ પોતે જૂજ જ કરી શકે એમ છે. નવજવાનોએ એમના હાથપગ બનવું પડશે, આંખકાન બનવું પડશે. યુવકો, આ વિશ્વાસને લાયક નિવડો.

(૫)

લાહોર મહાસભામાં

[શ્રી. મહાદેવભાઈએ લાહોર મહાસભાનાં તેમનાં સંસ્મરણો લખેલાં તેમાંથી ચાલુ વિષયને ઉપયોગી ભાગ નીચે આપેલો છે.]

જવાહરલાલની પોતાની મનોદશા કેવી હશે? એમની મુલાકાત લેવાનો મને પ્રસંગ ન આવ્યો. ખાધા પીધાની દરકાર વિના કલાકોના કલાકો વિષય વિચારણી સભાની ચર્ચાઓમાં માથું કુટતા, છતાં તેઓ બહાર પણ સભાઓ ભરતા, અને પોતાને મુકામે મધરાત અને તેથીયે વધારે મુલાકાત માટે આવનારાઓ સાથે વાતો કરતા, ત્યાં મારા જેવાને કયાં પ્રસંગ આવે? પણ એમની મનોદશાની કલ્પના મને સારી રીતે આવે છે. એ સરઘસમાં ઘોડે બેસીને નીકળ્યા. પૂર્ણ સ્વરાજનો ઠરાવ થયો ત્યારે સ્વયંસેવકોમાં જઈને મધરાત પછી ગાયું અને નાચ્યા એથી કોકને જુદો જ ખ્યાલ આવે, પણ એમની સાથે ૧૯૨૧-૨૨ માં દહાડાના દહાડા રહીને હું એમની મનોદશા સારી રીતે જાણું છું. 'કૉમ્યુનીસ્ટ' કહેવડાવીને એને અમીર રહેવું છે, એવી એમના ઉપર ટીકા થાય છે. પણ ૧૯૨૧ના

દિવસોમાં ગામડાંમાં ખૂબ રખડી રખડીને આવી સ્ટેશન ઉપર મોટર બોલાવ્યા વિના સામાન્ય છકડામાં બેસીને મેલેઘેલે વસ્ત્રે ઘેર આવતા ત્યારનું એમની માતાનું દુઃખ અને એમનો આનંદ મને યાદ છે. જ્યારે એ બીજી વાર જેલમાં ગયા તે વેળાનું અદાલતમાં કરેલું બ્યાન એમનાં ઉત્તમોત્તમ લખાણોમાં રહી જશે. એનું છેલ્લું વાક્ય કાંઇક આવું હતું એવું મને સ્મરણ છે. 'દેશના સ્વાતંત્ર્ય માટે જેલમાં જવાનું તો ઘણાને સદ્‌ભાગ્ય મળતું હશે, પણ મરવાનું તો કોકને જ મળે છે. એ સદ્‌ભાગ્ય મને કોક વખત મળો.' જેલમાં અમે સાથે હતા ત્યારે બીજાની પાસે કામ તો કરાવી શકતા હતા, પણ પોતાનું જ કામ બધું જાતે કરી લેવાનો એમનો આગ્રહ અનુકરણીય હતો. કપડાં ધોવાં એ રમત વાત હતી. પણ એક દિવસ ખાટલાની આખી પાટી કાઢી એને બાફી અને એને ધોવા ઉપર કેટલાયે કલાક આપ્યા તે હું ભૂલી જ શકતો નથી. આટલું કામ કરતા છતાં જ્યારે સાંજ થતી ત્યારે તોફાન કરતાં તે ચૂકતા નહિ. જોસફ અને એ બન્ને તો વિલાયતવાસી ખરાને, એટલે વિલાયતના દિવસોનાં અનેક સ્મરણો કરે અને હાથમાં હાથ મેળવીને નાચે! છતાં આ નાચથી તે જેલમાં છે એ ભાન ભૂલી ગયા હતા કે શૂળીને માંચડે ચઢવાનું આવ્યું તો તેની તૈયાર ન બતાવત એમ કોઈ ન કહેશે.

× × × ×

સાચી વાત એ છે કે એમની રગેરગમાં 'ઝિન્દાદિલી' છે, અને 'મુર્દાદિલી' એમને જરાયે પસંદ નથી. 'મુર્દાદિલી'ની એમને ચીઢ છે એમ કહીએ તો ચાલે. લાહોરની

સ્વયંસેવિકાઓમાં ગાંધીજી ગયા ત્યારે બધી સેવિકાઓ જેઓ સામાન્ય રીતે ખૂબ કૂદાકૂદ અને ઉધમાત ચલાવતી તે ડાહીડમરી થઈને ઉભી રહી, એ કૃત્રિમતા એમને ન ગમી અને તુરત એમણે બધીને કહ્યું: 'ગાંધીજી આવ્યા તેથી આમ ડોસીઓ જેવી ગંભીર શું બની ગઈ છો? તમે જીવતી જાગતી છો એમ ગાંધીજીને જાણવા દો.'

જેલમાં હતા ત્યારે કોઈ ટટાર ન ચાલતો હોય તો તેને પાછળથી ધક્કો મારીને કહે 'આમ શું ચાલે છે? છાતી કાઢીને ચાલની!' દોડતા હોય તો દોડવામાં 'શાન' જોઈએ, ગધેડા દોડે તેમ નહિ પણ શૂરા સિપાહી દોડે એવું દોડવું જોઈએ. એમ કહીને દોડી બતાવે.

× × × ×

આની સાથે સાથે આ ઝિંદાદિલીમાંથી ઉત્પન્ન થતી આત્મશ્રદ્ધાનો એમનામાં પાર નથી. મહાસભાનું ધુર્યપદ એમના ઉપર નાખવામાં આવ્યું ત્યારે ગાંધીજીએ એમને પૂછેલું અને એમણે કહેલું: 'તમે એ ભાર નાખશો તો હું હઠી જાઉં એમ નથી.' અને લાહોરમાં ભેગા થએલા સૌએ જોયું કે પ્રમુખપદે બિરાજતા એ યુવાન પ્રમુખ જાણે અનેક પ્રમુખપદનો અનુભવ લેઈને બેઠા હોય એવી રીતે પોતાનું કામ ચલાવતા હતા. બેકાયદે વર્તનારને દાબી દેતા, આદરપાત્રની ઇજ્જત કરતા, તોફાનીને કોઈ વાર દબાવતા, તો કોઈ વાર મનાવતા, તો કોઈ વાર મશ્કરી કરીને ઉડાવતા; એમને જોઈને એમ થતું કે 'આ માણસ આવી ગાદીને માટે સરજાએલો છે.'

× × × ×

ગાંધીજીનું કામ તો, તેમણે જવાહરલાલને પ્રમુખ બનાવવાની સૂચના કરતાં કહ્યું હતું તેમ લહીઆનું થઈ પડયું હતું. લગભગ બધા જ ઠરાવો એમણે જ ઘડયા, કાર્યવાહક મંડળ આગળ એમણેજ રજ કર્યા, અને મહાસભામાં પણ પોતે જ રજુ કર્યા. જેઓ ગાંધીજી પ્રમુખ થાય એવો આગ્રહ કરતા તેઓ લાહોરમાં આ અને બીજી અનેક વસ્તુથી જોઈ ગયા કે એમણે પ્રમુખપદ ન લેવામાં દીર્ઘદર્શિતા વાપરી હતી. સારથિપદ અને લહીઆપદ બન્ને એમનામાં ભેગાં થયાં હતાં એમ કહીએ તો કશું ખોટું નથી.

(૬)

પ્રમુખ

[જવાહરલાલજીએ મહાસભાના પ્રમુખપદને શોભાવ્યું તે સંબંધી મહાત્માજીના લખાણનો ટુંક ભાગ અહીં આપેલો છે.]

પ્રજાએ પંડિત જવાહરલાલ નેહરુને પ્રમુખ નીમવામાં ડહાપણ જ કર્યું હતું. એમ તેમણે ડગલે ડગલે સિદ્ધ કરી આપ્યું. એમનું ભાષણ ટૂંકું ટચ, મુદ્દાસર અને જોરદાર હતું. એ ભાષણના ઉગ્ર વિચારો તેમણે સૌમ્ય ભાષામાં ઉતાર્યા હતા. પોતાના વિચારો ઉગ્ર હોવા છતાં દેશે શું કરવું જોઇએ તે સંપૂર્ણ તટસ્થપણે રહીને જણાવવાની એમની શક્તિ છે એમ એ ભાષણ બતાવી આપતું હતું. પોતે તો પાકા 'સોશ્યલિસ્ટ' છે, પણ દેશથી જેટલું પચાવી શકાય તેથી તે વધારે માગતા નથી. દેશને સારુ આદર્શ હળવા કરતાં છતાં આદર્શોનો પોતાના જીવનમાં સંપૂર્ણ અમલ કરવાનો એમનો સતત પ્રયત્ન રહ્યો છે.

જેવું એમનું ભાષણ તેવું જ પ્રમુખ તરીકેનું એમનું કાર્ય હતું. પોતે કડક હતા છતાં કદી વળે જ નહિ એવી કડકાઇ એમણે ન બતાવી. ઘણી વાર કઠણ સંજોગોને પોતાનાં મર્મ વાક્યો અને વિનોદોથી એ પહોંચી વળ્યા, છતાં જ્યાં અમુક

પગલું લેવું જ જોઇએ ત્યાં એ લેતાં ન ડગ્યા. એમનાં અથાગ ઉત્સાહ અને અખંડ તન્મયતા, એમની નૈસર્ગિક સાદાઇ અને માણસાઈ એ બધા ઉપર સૌ મુગ્ધ થયા. ન્યાયથી વર્તવા ઇચ્છનાર કોઈ પણ સરકારને જવાહરલાલ નેહરુથી ડરવાનું કશું જ કારણ નથી. દુષ્ટ રાજ્યનો દેશમાંથી નિકાલ કરવા માટે ગમે તે ભોગ આપનાર વીરનું તેજ એવા રાજ્યને સમજાવ્યા વિના નહિ રહે.

દેશના યુવાનોને પોતાના આ પ્રતિનિધિ વિષે મગરૂર થવાનું પૂરું કારણ છે, દેશને જવાહરલાલ નેહરુ જેવો ગરવો સપુત જોઈને સહેજ હરખ થશે. પ્રભુના આશીર્વાદ એમના ઉપર ઉતરો અને પંડિત જવાહરલાલના જ રાજમાં દેશ પોતાની મજલ પૂરી કરે એવી વાંછના છે.

(૭)

કાઠિયાવાડ યુવક પરિષદ્

[જવાહરલાલે કાઠીયાવાડ યુવક પરિષદ્‌માં તા. ૬ ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૨૯ ના રોજ આપેલું ભાષણ]

હું આપની માફી માગું છું, કેમકે આપના પ્રાન્તમાં આવીને આપની જબાનમાં બોલી શકતો નથી. અત્યાર સુધી આ સભામાં થએલું કામકાજ હું બહુ ઓછું સમજ્યો છું. સ્વાગત સમિતિના પ્રમુખના ભાષણમાં 'જવાહરલાલ નેહરુ એટલા જ શબ્દો હું સમજતો હતો. એ ભાષણ વેળા કોઇ કોઈ વાર લોકો તાળીઓ પાડતા હતા, એ હું સાંભળતો હતો; પરંતુ શા માટે તાળીઓ પાડતા હતા, તેમનો હેતુ શો હતો એ હું નથી સમજ્યો. પણ એ કસુર આપની છે, કેમકે આપલોકોએ મને હઝાર માઇલથી પકડીને અહીં આણ્યો છે.

યુવક પરિષદ્‌માં પૂર્ણ સ્વાતંત્ર્ય જોઈએ

અહીં આવતા પહેલાં આ પરિષદ્‌ના સંબંધમાં મારી પાસે એટલા બધા તાર આવ્યા કે હું તો ગભરાઇ જ ગયો, કેટલાક વિરોધી પક્ષના તો કેટલાક તરફેણના, મામલો એવો તે શો હતો કે આટલા બધા તાર કરવાની જરુર પડે ? આપનો ઉદ્દેશ એ હશે કે આટલા બધા તાર કરવાથી આપની કઠિન-

તાઓનો મને ખ્યાલ આવે. હું આશા રાખું છું કે પરિષદમાં જે થોડો ઘણો મતભેદ છે તે હવે નષ્ટ થઇ જશે.

તમારે જે બાબતમાં મતભેદ છે એ કાંઇ છુપાવી રાખવા જેવી વાત નથી. આપની પરિષદમાં કોઇ રાજામહારાજાઓની ચર્ચા કરવા જેવી વાતોની ચર્ચા આપ નથી કરવાના એ જાણીને હું ઇતરાજ થયો. સિદ્ધાંતોની દૃષ્ટિએ જોઇએ તો યુવક પરિષદ કોઇની પણ આઝાદી રોકી લ્યે, છીનવી લ્યે, એ અશકય વાત છે. મને લગીરે શક નથી કે કોઇ પણ સભામાં, ખાસ કરીને નવયુવાનોની સભામાં એમની કારવાઇ, એમની જબાન રોકી દેવામાં ન જ આવવી જોઈએ. યુવકો તો પૂર્ણ નિર્ભયતાથી અને પૂર્ણ સ્વતંત્રતાથી બધી વાતો વિચારે, ચર્ચે અને ફેંસલા કરે.

યુવકની વ્યાખ્યા

આપણી પાસે સવાલ એ છે કે યુવક કોને કહેવો અને કોને નહિ? આમાં ઉમરની વાત નથી. સફેદ બાલ અને લાંબી દાઢી વાળા આદમી બુઢ્ઢા નથી થઈ જતા. ખરી વાત તો એ છે કે મનુષ્યનું દીલ જુવાન હોવું જોઈએ. બુઢ્ઢા અને જુવાનમાં ફરક એ છે કે જેમ ઉમર વધતી જાય તેમ બુઢ્ઢાઓ વિચાર વમળમાં જુની વાણી સીલામાં પડતા જાય છે. એમાંથી નીકળવું મુશ્કેલ એમને માટે છે એમના દીમાકમાં–મગજમાં નવા ખ્યાલ મુશ્કેલીથી આવે છે. નવા વિચાર એમના મગજમાં લાવવાનું કાર્ય પણ અઘરું છે.

જુવાનનું શરીરતો ઉછળતું, કુદકો મારતું હોય છે, એનો મગજનો તનમનાટ પણ ઓર હોય છે. જુવાનતો એ છે કે જે નવી વાતો અને નવી ભાવનાઓ પૂર્ણ પ્રેમથી સત્કારી શકે.

જુવાનોને જે વાતો નરસી લાગે, બુરી લાગે તે ફેંકી દે. આ પ્રમાણે આપણા નવજુવાનોને પુરેપુરી આઝાદી હોવી જોઈએ પરંતુ આપ સમજી શકશો કે આવી સભામાં પણ કાનૂન તો હોય જ છે અને ગમે તે સ્વરુપના કાનૂનતો હોવાજ જોઇએ. સિદ્ધાંતની દૃષ્ટિએ સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ.

પ્રત્યેક જુલ્મોનો મુકાબલો કરો

આવી સભામાં હું આ પહેલીજ વાર આવું છું અહીં બધા લોકો દેશી રાજસ્થાનોમાંથી આવેલા છે. મે અનેક સભાઓમાં કામ કર્યું છે. પરંતું અહીંની સ્થિતિ જુદી છે. દેશી રાજસ્થાનોના એક નિષ્ણાત અભ્યાસી તરીકે તમારી આગળ હું નથી ઉભો રાજસ્થાનોના સંબંધમાં મારું જ્ઞાન અતિ અલ્પ છે. અખબારોમાં રાજસ્થાન વિષે છપાય છે. તેટલીજ ખબરો હું જાણું છું. ખાસ કરીને રાજદ્વારી કાર્યકર્તાએ દેશી રિયાશતના સંબંધમાં થોડું ઘણું તો જાણવું જ પડે છે. મારૂં જ્ઞાન એથી વધારે નથી.

આપણે અહીં એટલા માટે એકઠા થયા છીએ કે આપણે આપણું ધ્યેય સારુ કરીએ, સિદ્ધાંત નક્કી કરીએ. અત્યારે આપણો દિમાક–મગજ સારુ કરી નાખીએ. આપણો આદર્શ નીરખી લઈએ. એક વાર માર્ગ દેખાયા પછી સીધે રસ્તે ચાલવા માંડીએ આપણે રિયાસતોમાં રહીએ કે ન રહીએ પરંતુ રાજસ્થાનમાં કે બ્રિટિશ હિંદમાં જે જુલ્મ થાય છે એ હરેક જુલ્મનો મુકાબલો આપણે કરવો જોઈએ.

જામ સાહેબની ઝાટકણી

મને હજી હમણાંજ ખબર મળે છે કે કાઠિઆવાડના એક રાજસ્થાનમાં રાજા સાહેબે એવો હૂકમ ફરમાવ્યો છે કે એમની

પ્રજામાંથી કોઈ પણ નવજવાને આ પરિષદ્‌માં ભાગ ન લેવો. વિચિત્ર હુકમ છે! કદાચ રાજાને બીક લાગી હશે કે તેના રાજ્યના નવજવાનો અહીં આવીને બુરી બુરી વાતો શીખી જાય. આ હુકમ કે રાજા ઉપર વધારે ટીકા કરવાની જરુર નથી. આ રાજા અતિ મશહૂર આદમી છે. ક્રિકેટના મેદાનમાં તે વિખ્યાત છે. પરંતુ ક્રિકેટના મેદાનમાં રાજ્યકારભાર નથી શીખવવામાં આવતો. એ રાજા રાજકાજની વાતો ઘણી કમ શીખ્યા લાગે છે આવા રાજાઓ તો ઘણાએ હશે. બીજા રાજસ્થાનોમાંથી પણ તરેહ તરેહના અજબ સમાચાર આવે છે.

પણ આ બધા પછી તમે અંગ્રેજી રાજ્યમાં રહો છો કે રજવાડામાં રહો છો એ ભુલી જાવ સૌથી બડો સવાલતો દેશના ધ્યેયનો છે. રાજસ્થાનો અને બ્રિટિશ હિંદ બંને ભારતમાંજ આવેલાં છે. બ્રિટિશ હિંદમાં અંગ્રેજો ખુલ્લે ખુલ્લા રાજ્ય ચલાવે છે જ્યારે રાજસ્થાનોમાં પડદાની પાછળ રહીને રાજ્ય ચલાવે છે.

અંગ્રેજોની કપટનીતિ

બ્રિટિશ હિંદમાં એક સાયમન કમીશન આવ્યું હતું. આંટા મારીને એની મેળે ચાલ્યું ગયું. દેશી રજવાડામાં પણ બટલર કમિટિ આંટા મારીને ચાલી ગઈ, એ કમિટિએ એક રિપોર્ટ લખ્યો છે અને એમાં જાહેર પણ કર્યું છે કે જ્યાં અંગ્રેજો ખુલ્લી રીતે રાજ્ય કરે છે અને જ્યાં તેઓ પડદા પાછળ રહીને રાજ્ય કરે છે તે એવા બે ભાગમાં આપણે આપણા દેશના બે ટુકડા કરી નાખો. રિયાસતો હિંદુસ્તાનમાં જ્યાં ત્યાં પડી

છે તેને જુદી કેમ કરી શકાય આ પ્રમાણે ભારતના ટુકડા પાડવા એ કેટલું ગેર મુનાસબ છે? આવા ટુકડા કરવાની કલ્પના પણ કેટલી ભયંકર છે? ભારતની વચમાં ઠેક ઠેકાણે આવેલા મોટા રાજવાડા આ પ્રમાણે વીણી વીણીને અલગ કરવામાં આવે છે એ ભયંકર વાત છે ભારતના હૃદયના આ પ્રમાણે ટુકડા આપણે નહિજ કરવા દઇએ.

રિયાસતોને જુદી પાડવાની પાછળ અંગ્રેજોની કપટનીતિ છે એ આપ સમજી શકશો. આ રીતે તેમનો ઇરાદો હિન્દુસ્તાનની આઝાદી દૂર ને દૂર કાઢવાનો છે, તેઓ હિંદની આઝાદી આડે એક દિવાલ ઉભી કરવા માગે છે. આપણે એ દિવાલ તોડી નાખવી જ જોઈએ. બ્રિટિશ હિન્દુસ્તાન અને રિયાસતોનું હિન્દુસ્તાન એકજ છે એમ આપણા આચાર અને વિચારથી પુરવાર કરવું જ જોઇએ.

હિંદ એક અને અદ્વિતીય છે

હિંદ એક આઝાદ દેશ થઇ જાય એથી આપણી ઝંખના છે પણ એટલા માટે આ વિસ્તીર્ણ દેશમાં આવેલા તરેહ તરેહના પ્રાન્ત, રીત રિવાજ અને કોમોને એક બીજામાં મીલાવી દેવાનો પ્રયત્ન કરવાની જરુર નથી. અહીં અનેક ભાષાઓ છે. એક તરફ પંજાબી, મદ્રાસી, બંગાળી. બીજી તરફ ગુજરાતી, મરાઠી, હીન્દી. દેશમાં પઠાણ રહે છે અને પંડિત પણ રહે છે, ભાત ખાનારા રહે અને માટી ખાનારા પણ રહે છે, તે ઉપરથી એમ લાગવાનો સંભવ છે કે આ એક દેશ નથી પરંતુ આપના દેશમાં જબર જસ્ત એકતા છે. આપણી સભ્યતા સંસ્કૃતિ એક

છે. કાશ્મીરમાં જાવ કે મદ્રાસમાં જાવ, સભ્યતાતો એક જ છે. દેશમાં ચારે ખુણામાં આવેલા પવિત્રધામો બદ્રીકેદાર ને રામેશ્વર, ને દ્વારકાપૂરી સારાએ ભારત વર્ષને પાવન કરે છે. તે ચાર ધામ આપણી એકતાની નિશાની છે. ઇતિહાસમાં ભારત વર્ષને એક જ દેશ સમજવામાં આવે છે. એને માટે એક રાજાની જરુર નથી. અનેક રાજાઓથી એકતાનો ભંગ નથી થઇ જ તો અલગ અલગ ભાષાથી એકતા તૂટી જતી નથી. ભારતના ઇતિહાસમાંથી એકજ ધડો શીખવાનો છે. આપણા પૂર્વજો હરકોઇ નવી વાતનો, નવા રિવાજનો, નવા ધર્મનો, નવા લોકોનો મુકાબલો નહોતા કરતા એને અપનાવી લેતા હતા. હિન્દુ ધર્મમાં અનેક જાતની વાતો છે પરંતુ હિન્દુ ધર્મનો સ્વભાવ અપનાવી લેવાનો છે શરુઆતમાં હિન્દુઓએ દ્રવિડ લોકોને પોતામાં મિલાવી લીધા. આર્ય અને દ્રવિડ સભ્યતા એક બીજામાં મળી ગઇ. આ પ્રમાણે કોઈ નવી વસ્તુને અપનાવી લેવી એ આપણું લક્ષણ છે.

હિન્દી સંસ્કૃતિનું પ્રધાન લક્ષણ

હવે આપણામાં નવા તત્ત્વોને, નવ વિચારને અપનાવવાની શક્તિ રહી છે કે નહિ એ કહેવું મુશ્કે છે. મુસલમાન લોકો આ દેશમાં આવ્યા ત્યાં સુધી એ શક્તિ આબાદ હતી. મુસલમાન લોકોના આગમન પછી તેમને આપણે અપનાવી લીધેલા. એ લોકોએ કરેલા લડાયક હુમલાઓ આપણે ભૂલી ગયા અને મુસલમાન રિયાસત દેશમાં કાયમ થયા પછી સારાયે દેશમાં એકતા ફેલાઇ. કેટલાક મોગલ રાજાઓની માતાઓ હિન્દુ રજપુત હતી.

ત્યાર બાદ આવ્યા અંગ્રેજો. એ વખત અપનાવી લેવાનો રિવાજ ઓછો થવા લાગ્યો. અંગ્રેજોનું ધોરણ આપણામાં ફાટફૂટ ફેલાવવાનું છે. અસલના સમયમાં રીત રિવાજ જ કાનુન ગણાતા. અંગ્રેજોના આગમન પછી આપણો સમાજ આગળ ધપતો અટકી ગયો. અંગ્રેજો આવ્યા ત્યારથી આઝાદીની લહરીઓને અટકાવવા પુરા તોરથી પ્રયત્ન કરી રહ્યા છે. જેમ તે લોકોએ જ હિન્દુ, મુસલમાન, શીખ તેવા કૃત્રિમ ભેદ આપણામાં ઉભા કર્યા છે તેમ તેવી રીતે હવે દેશના બે ટુકડા કરવાનો વિચાર કરે છે.

રાજા મહારાજાઓનું ભાવિ

હવે રાજા મહારાજાઓના ભૂત અને ભાવિ સંબંધમાં થોડી વાત કહું. આપ સૌ જાણો છો કે દોઢસો વર્ષ પહેલાં સમસ્ત દુનિઆમાં છોટા મોટા અનેક મહારાજાઓ અસ્તિત્વ ધરાવતા હતા. હાલ તો દુનિઆ ભરમાં સાત આઠ રાજાઓ બાકી રહી ગયા છે અને તે પણ એકદમ અધિકાર હીન છે. દુનિઆભરના અત્યારના રાજા સાહેબો તમને ગણાવી દઉં. અંગ્રેજોના બાદશાહ, ઇટલી, સ્પેન, સ્વીડન અને નોર્વેના રાજાઓ, અને જાપાનના એક રાજા. ફ્રાંન્સ, જર્મની, રશિઆ અને અમેરિકામાં રાજા મહારાજાનું નામ પણ સંભળાતું નથી. હતા એટલાને રાજગાદી પરથી હટાવી દીધા છે, ખતમ કરી નાખ્યા છે. અને અત્યારે જે છે એમની ગુંજાશ કમ થતી જાય છે, તેઓ પાછા હટતા જાય છે. હું તમને કહું છું કે રાજા મહારાજાઓનો જમાનો ગયો છે. છેલ્લા મહાયુદ્ધમાં તેમની પડતી

થયા પછી હવે તેઓ પાછા ઉપર આવી શકવાનાજ નથી, જગતની ભાવિ સામાજિક રચનામાં રાજા મહારાજાનું સ્થાન જ નથી. અને અત્યારે પણ જે રાજાઓ છે એની કેવી દયામણી દશા છે તે તો જુઓ. પંચમ જ્યોર્જ અને ઈટલીના બાદશાહની હાલત તો દેખો. એ રાજા સાહેબોને ચારે તરફ આદર મળે છે, એમનો સત્કાર કરવામાં આવે છે, કોઈ મહત્વના પ્રસંગમાં તે ભાગ પણ લે છે, સરઘસની આગળ સોળ ઘોડાની ગાડીમાં બેસાડીને એને ફેરવવામાં આવે છે, પરંતુ રાજકાજમાં આંગળી ઉંચી કરવાનો પણ અધિકાર આજે એ રાજાસાહેબોને નથી. ઈંગ્લેન્ડના રાજાને પાર્લામેન્ટની વાત મુંગા મુંગા માની લઇને કાગળ ઉપર દસ્કતજ કરી આપવાના હોય છે. જ્યોર્જ બાદશાહનું કામતો તેના દેશનું પંચ તેની પાસે દસ્તાવેજ મુકે તેને માથું નમાવવાનુંજ હોય છે. તે જો આમ ન કરે તો તખ્ત ઉપર પાંચ મિનિટ પણ રહી શકે નહિ. આજે રાજાઓની કેવી દશા થઈ ગઈ છે. તેઓ કેવા પુતળાં જેવા બની ગયા છે, તે આ દૃષ્ટાંતથી સમજાશે.

ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, રશિયાનો ઈતિહાસઃ—

ઇંગ્લેન્ડ: એક રાજાએ પાર્લામેન્ટની સંમતિ વિરૂદ્ધ કર નાખવાનો પ્રયત્ન કર્યો. પાર્લામેન્ટે પડકાર કર્યો કે પ્રજાની સંમતિ વિના કર નહિ નાખી શકાય. પછી તો રાજા અને પ્રજા વચ્ચે લડાઇ થઇ. રાજા હારી ગયો. તે કેદ પકડાયો. એના પર મુકદમો ચલાવવામાં આવ્યો અને પાર્લામેન્ટે એનો શિરચ્છેદ કરવાનો હુકમ ફરમાવ્યો. એટલે કે જ્યારે ઈંગ્લેન્ડનો

રાજા એની પ્રજાની મરજી સામે ચાલ્યો ત્યારે અંગ્રેજ પ્રજાએ એનું માથું ઉડાવી દીધું. આમ ઈંગ્લેન્ડના રાજા નામ માત્રના રાજા છે, રાજા સાહેબના હાથમાં બિલકુલ અધિકાર નથી.

ફ્રાન્સ : એ જ રીતે દોઢસો પોણા બસો વરસ પહેલાં ફ્રાન્સના રાજાએ તેની પ્રજા ઉપર જુલ્મ કરવા માંડયો. પ્રજાએ રુદ્ર સ્વરુપ ધારણ કર્યું. રાજાની વિરૂદ્ધ બળવો થયો અને તેનું શિર ઉડાવી દીધું. યુરોપની પ્રજાએ રાજાઓના શિર ઉડાવી દેવાની પૃથા જુના કાળથી આદરી છે.

રશિયા : રશિયાની હકીકત પણ એવી જ છે. રશિયાના ઝાર–બાદશાહના રશિયાની પ્રજાએ કેવા હાલ કર્યા એ તો બહુ જાણીતી વાત છે, આ પછી એટલું સત્ય છે કે સમસ્ત જગતમાંથી રાજાઓની કોમ હટતી જાય છે. જોષીને કહેવાની જરુર નથી કે હવે દુનિયામાં રાજા નહિ રહે.

જમીનદારશાહી જવી જોઇએ

અને સમાજ કેવો હોવો જોઇએ ? એ સવાલ અત્યારે આપણી સન્મુખ ખડો છે; સામ્રાજ્યવાદી સમાજ કે સામ્યવાદી સમાજ. પહેલાં રાજાઓનો યુગ હતો. ત્યારપછી એમના અમીરજાદા અને ઉમરાવોની તાકાત વધી પડી. આ લોકો બડાબડા જમીનદાર હતા. મહેનત કર્યા વિના મજા કર્યા કરતા હતા. આ પદ્ધતિને અંગ્રેજીમાં 'ફ્યુડલ સીસ્ટમ'–જમીનદાર શાહી કહે છે. યુરોપમાં ધીરે ધીરે આ 'ફ્યુડલ સીસ્ટમ'–જમીનદાર શાહીને તોડી નાખવામાં આવી. એમાં ખાસ કરીને મોટા વેપારીઓએ આગળ પડતો ભાગ લીધો.

ત્યારબાદ યુરોપમાં કારખાનાના મજુર, અમીરજાદાઓ, અને વેપારીઓ વચ્ચે ઝઘડો જામ્યો. જમીનદારશાહીના થોડા ઘણા અવશેષ તત્ત્વો પણ હતાં ન હતાં થઇ ગયાં. હજી ત્યાં ઝઘડો ચાલે છે. હાલ ત્યાં મધ્યમવર્ગના લોકો રાજ્ય કરે છે. સવાલ એ છે કે આ મધ્યમવર્ગના હાથમાં જ સત્તા શા માટે રહેવી જોઇએ ? સત્તા કોના હાથમાં રહેવી જોઇએ એ જ અગત્યનો મુદ્દો છે. આપણા દેશમાં હજી આપણે જમીનદાર-શાહીનો નાશ કરવાના સવાલનો ફડચો આણ્યો. એ પ્રશ્ન આપણે ત્યાં અણઉકેલ્યો જ પડયો છે. જમીનદારશાહીનો નાશ કર્યા વિના આપણે એકકે કદમ આગળ ભરી નહિ શકાયે. કાઠિયાવાડે પણ એની જમીનદારશાહીનો એટલે ઠાકોરો, દરબારો અને ગીરાસદારોનો નાશ કર્યે જ છૂટકો છે.

અંગ્રેજી અમલ નીચે હિંદની દુર્દશા

આજે અંગ્રેજોની હકુમત નીચે આપણા દેશની ભારે દયામણી દશા થઇ પડી છે. આપણો દેશ ગરીબ બની ગયો છે. દર સાલ દુષ્કાળ કે મહામારીઓ આવ્યા જ કરે છે. એકાદ વરસના દુષ્કાળથી કે એકાદા રોગચાળાથી બીજા દેશો આપણા જેટલા નીચોવાઇ જતા નથી. આપણે ત્યાં આકાશમાંથી પાણી પડવાની સાથે દેશની આબાદીને નિસ્બત નથી. આપણા દેશમાં ખાવાનું તો હંમેશાં પાકે છે, પણ સાચી વાત એ છે કે લોકો પાસે અનાજ ખરીદવાને પૈસા નથી. અતિ–અતિ ગરીબ છે. આ બધાનો એક જ ઉપાય છે. દેશની બહાર જતા રૂપિયા આપણે રોકી દેવા જોઇએ. દેશની દોલત મુઠીભર આદમીઓના હાથમાં નહિ રહેવી જોઇએ. સારાયે દેશમાં ફેલાઇ જવી જોઇએ.

આપણી અત્યારની લડત સ્વરાજ્યની લડત છે. સ્વરાજ્ય અચ્છી ચીજ છે. સહુને પસંદ છે. સ્વરાજ્યને અર્થ એ છે કે ભુખ્યાને ખાવાનું મળે, આપણે આ ગરીબાઈ દૂર કરીએ. જો સ્વરાજ્યમાં ભૂખ્યાને ખાવાનું ન મળે, ગરીબાઈ દૂર ન થાય, તો સ્વરાજ્યને કંઈ જ અર્થ નથી.

રાજાઓ સ્વરાજયની લડતમાં સાથ નહિ જ આપે

એક વાત બરાબર યાદ રાખો કે જે લોકો અત્યારે આરામથી રહે છે તેઓ સ્વરાજયની લડતમાં નહિ જોડાય. એ લોકો એવું કરવાનું સાહસ નથી કરી શકતા કે જેથી સરકાર તેમના ઉપર નારાજ થાય. એજ મિસાલે સ્વરાજયની લડતમાં રાજા મહારાજાઓ આપણા સાથી બને, સ્વરાજયની લડતમાં ભાગ લે એ વાત અસંભવીત છે. કોઇ રાજા સારો હોય અને યુગધર્મ સમજી શકે અને આપણને સાથ આપે તો જુદી વાત છે. પણ રાજાઓ સંસ્થા રૂપે આપણને સાથ નહિ જ આપે. રાજસ્થાનોને ડર રહે છે કે એનો અધિકાર ઘટી જાય. રાજાસાહેબોને પોતાની આમદાની છોડી દેવી પસંદ નથી. સ્વરાજય હાંસલ કરવાથી જેમને ફાયદો થશે તેઓ જ આપણા સંગાથી બનશે. કોઈ રાજામાં મનુષ્યત્વ હશેતો તે એની કોમથી જુદો પડી જરુર સાથ દેશે. એવા કોઇ રાજા સમજી શકશે કે એની પાસે ઘણી દોલત હોય તે મરજી મુજબ સુખ વૈભવ ભોગવી શકતો હોય પણ એની ચારે તરફ ભૂખ્યા આદમીઓ તરફડતા હોય ત્યારે તેનાં એ સુખ વૈભવથી એને સુખ ન જ હોઇ શકે.

રાજા જોઇએ છે કે નહિ તે તમે જ નક્કી કરી શકો

હું ફરીવાર કહેવા ઇચ્છું છું કે રાજા મહારાજાઓને સ્વરાજયથી ફાયદો નથી. સ્વરાજ્યમાં એમના આપખુદ સ્થાપિત અધિકારીઓ

નહિ રહે, હું તો એમ પણ કહું છું કે ભવિષ્યમાં રાજા જ નહિ રહે. ભવિષ્યમાં રાજા રહે એ ઇતિહાસના અનુભવ વિરુદ્ધની વાત છે. પ્રજાને રાજા જોઇએ છે કે નહિ એ ફેંસલો પ્રજા પોતે કરી શકે છે. દેશી રાજસ્થાનોની પ્રજાને રાજા જોઇએ છે કે નહિ અથવા તે પોતાના રાજાને જ્યોર્જરાજાની માફક માત્ર પુતળા જેવો રાખવા માગે છે કે નહિ તે રાજસ્થાની પ્રજા પોતે નક્કી કરી શકે છે. હું એમ માનું છું કે સર્વના હક્ક સરખા છે. આદમી માત્રના હક્ક સરખા છે. જન્મથી કે વારસાથી કોઇને વધારે ઓછો હક્ક હોઇ શકે જ નહિ. આ જમાનામાં કોઇને ખાસ હક્કો હોવા જોઇએ એમ કહેવું અગર માનવું એ બેવકુફી છે. અત્યારે દેશભરમાં સ્વરાજ્યની ચળવળ ચાલી રહી છે થોડા દિવસમાં સ્વરાજ્યનું યુદ્ધ શરૂ થવાનું છે, ભારે અને જંગી તૈયારીઓ થઇ રહી છે. એનો નતીજો શો થશે એ કોઇને માલુમ નથી. બીજી પાસ સારાયે હિંદમાં અંગ્રેજી સલ્તનતે અત્યારથી જ સેતાનીયતોનો આશરો લેવા માંડયો છે. દેશની સેવા કરનાર દેશભકતોને ગિરફતાર કરવા માંડ્યા છે. આગેવાનોને વીણી વીણીને પકડી લે છે. અને એમ કરીને મહાસભાનો બરડો તોડવાનો પ્રયત્ન કરે છે. બંગાળમાં, યુક્ત પ્રાંતમાં અને પંજાબમાં આ પ્રયત્ન ખાસ જોરથી ચાલી રહ્યો છે.

ભારતની આઝાદીની લડત

તમે બ્રિટિશ હિંદમાં રહો કે દેશી રાજવાડામાં રહો પરંતુ લડાઈ તો એક જ છે. રાજાઓ અંગ્રેજોની તાકાતથી,

અંગ્રેજોની ફોજની તાકાતથી અત્યાચાર ને જુલમ કરે છે. અંગ્રેજી ફોજની તાકાત પડદા પાછળ ન હોય તો તેમના હાથ પગ કંપવા લાગે. આઝાદીની આ લડતમાં તમે પુરા તોરથી સાથ આપો. ચાહે તો તમે પંજાબમાં રહો કે સૌરાષ્ટ્રમાં રહો પરંતુ ધ્યાનમાં રાખવું કે લડાઇ તો એક જ છે.

આટલા બધા સમય સુધી અંગ્રેજો અહીં રહ્યા એ અઘટિત થયું છે, હવે તેમને અહીંથી જવાની પરવાનગી આપવાની તૈયારી કરો. સામ્રાજ્યવાદના નાશનો પછી વિચાર કરો. સ્ત્રીઓના અધિકાર તરફ ધ્યાન આપો. એકએક કદમ આગળ વધો. આપણી સ્ત્રીઓ કેટલી બધી દબાયેલી છે? જે દેશમાં સ્ત્રીઓ દબાયેલી હોય છે તે દેશ આગળ નથી જ વધી શકતો. આમ અંગ્રેજો પાસેથી હાથ પગ જોડીને આઝાદી નહિ મેળવી શકો તેવીજ રીતે સ્ત્રીઓ પણ પુરુષો આગળ હાથપગ જોડીને સ્વતંત્રતા નહી મેળવી શકે તેમણે પોતે સ્વતંત્રતા મેળવવી પડશે. સખ્ત દબાણ પડયા વિના કોઇ પોતાનો અધિકાર છોડી દેતું નથી.

નયનો આગળ નૂતન આદર્શ રાખો

એ જ ભૂલો કે કોઇ આદમી, કોઇ સત્તા પોતે દબાવેલા હક્કો ત્યાં સુધી કદી નહિ છોડે, જ્યાં સુધી તેને છોડાવવાની ફરજ ન પાડવામાં આવે. ઓરતોએ આદમીઓને એ ફરજ પાડવી પડશે, રિયાસતવાળાઓએ રાજાઓને એ ફરજ પાડવી પડશે, હિન્દીઓએ અંગ્રેજોને એ ફરજ પાડવી પડશે. આ પ્રકારની ફરજ પાડવાની તૈયારી કરવી, એટલે જંગી લડતની તૈયારી કરવી.

રિયાસતોના મારા ભાઈઓ એવી લડતની તૈયારીમાં પુરો હિસ્સો આપે એવી મારી ફરીવાર માગણી છે.

જુવાનો, તમારા નયનો આગળ નવા સમાજનું-સ્વાધીન આઝાદ સમાજનું ચિત્ર ખડું છે. સમાન હકદાર મનુષ્યોના સમાજની તસ્વીર તમારી નજર આગળ ખડી છે. એ નુતન સમાજમાં જમીનદારશાહી, રાજાશાહી, કે સામ્રાજ્યવાદને સ્થાન નથી. એ ત્રણે ખુરાં તત્ત્વો જવાં જ જોઈએ. નવી સમાજ રચનામાં એ બંધ બેસી શકશે નહિ. નવી સમાજ રચનાનો પાયો એ સર્વનો સમાન હક્ક છે. જેના એ હક્કો લૂંટાયા હોય તેમને એ પાછા આપવા પડશે. જુવાનો, નવો સમાજ રચવાનું એ ચિત્ર તમારી આંખો સામે રાખો, તેના ઉપર બરાબર વિચાર કરો અને તેને તમારા દેશમાં સ્થૂલ રૂપમાં ઉતારવા કોશીષ કરો એ જ જવાનોનું કર્ત્તવ્ય છે. એ જ ખરી દેશ સેવા છે.

(૮)

પુનામાં ભાષણ

[તા. ૧૨–૧૩ ડિસેમ્બર ૧૯૨૮ ના રોજ મુંબાઇ ઇલાકા યુવક પરિષદ્‌ની પુનામાં થએલી બેઠકમાં જવાહરલાલ નેહરુએ પ્રમુખપદેથી આપેલું ભાષણ]

તમે હાલના વાતાવરણથી સંતોષ પામતા નથી. તેને ફેરવવા માગો છો એટલે જ અહીં ભેગા મળ્યા છો. આ દેશનાં અને દુનિઆનાં દુઃખ અને દરિદ્રતા તમારે કાઢી નાખવાં છે. ચાલુ વ્યવસ્થાથી અસંતોષી બનેલાઓથી જ કંઇક ફેરફાર બની શકે છે. સમાજનું મૂળ સલામતી અને સ્થિરતા પર હોવું જોઇએ. પણ હાલના આપણા સમાજમાં લાખોને ખાવા પૂરો ખોરાક પણ મળતો નથી. જ્યાં સુધી સામાન્ય જનસમાજ સલામત બને નહિ, ત્યાં સુધી સમાજ સ્થિર ન થઈ શકે. આ કારણે જ બળવાઓ થયા છે. અને નહિ કે થોડાઓના લોહીની તરસને લીધે કે અરાજકતાને લીધે થાય છે. બળવાઓ સંખ્યાબંધ મનુષ્યના ભલા માટે થાય છે. જ્યારે થોડાક નહિ પરંતુ મોટી સંખ્યાના મનુષ્યોનુ ભલું સચવાશે, ત્યારેજ ખરી સલામતી મળી શકશે. દુનિઆને પરિપૂર્ણ કરવાના હેતુથી, તંદુરસ્ત સમાજમાં પણ બળવો દાખલ કરવો જોઇએ. બળવો જગાડવાનું

કામ યુવકોનું છે. અને તેઓએ સમાજની બદી સામે અને પ્રગતિને અટકાવનાર બુજર્ગો સામે લડત ચલાવવાની છે. તમે તમારી સમજ પ્રમાણે કામ બજાવજો, અને જે રુઢીઓને તમે પોકળ માનો. તેનો નાશ કરજો.

શાહીવાદનો નાશ કરો

આપણી સામે આજે રાજકિય સ્વતંત્રતા મેળવવાનું અને દેશની દરિદ્રતા દૂર કરવાનું કામ પડેલું છે. પણ તેતો મોટા ધર્મનો એક ભાગ માત્ર છે. અને તે મોટું કાર્ય એટલે કે મુડીવાદમાંથી જન્મેલા શાહીવાદને જડમૂળમાંથી ઉખેડી નાખવામાં નહિ આવે ત્યાં સુધી સમાજને સંકટો વેઠવાં પડશે, આથી આપણી નેમ શાહીવાદનો નાશ કરવાની અને સમાજનો પાયો સહકાર એટલે કે આદર્શ સહકારી સમાજવાદી 'કૉમનવેલ્થ' સ્થાપવાનો હોવો જોઇએ. સર્વનો આદર્શ સમાજવાદી રાજ્યોનું વર્લ્ડ ફૅડરેશન સ્થાપવાનો હોવો જોઇએ. આ આદર્શને પહોંચી વળવા રાજકીય અને સામાજિક પ્રગતિના વિરોધીઓ સામે આપણે ઝુઝવાનું છે. આ બંને એક બીજાના મિત્રો છે. કેમકે સાયમન કમિશન સાથે સહકાર કરનારાઓ, સુધારાના વિરોધીઓ અને કોમી મનોદશાવાળાઓ છે, એ આપણે જોયું છે. સ્વતંત્રતાની ઇચ્છાને દાબી દેવા માટે ધર્મનો કેફ સરકાર તરફથી વાપરવામાં આવે છે. ધર્મને બહાને સ્ત્રીઓને અને અત્યંજોને અન્યાય કરવામાં આવે છે. ધર્મને નામે અમુક સત્તા ટકી રહે છે. અને પોતાની સત્તા ધર્માંધતા પર ટકતી હોવાથી સરકાર હિંદમાં ધર્માંધતાને ટેકો આપે છે. આથી આવા ખોટા રિવાજો સામે બળવો ઉઠાવવાની જરુર છે, અને તેમ થતાં બધી આપખુદ સત્તા અને બ્રિટિશ રાજ્યના પાયા હાલી ઉઠશે.

દલીલોથી સ્વરાજ્ય નહિ મળે

હિંદમાં તેમજ દુનિયામાં રાજકીય અને સામાજિક બાબતો પર આજે જે ચર્ચા ચાલે છે, તેમાં આજે બે પક્ષ છે. સુધારાવાળો પક્ષ રાજદ્વારી બાબતમાં સત્તાવાળા પાસેથી તેની મરજી પ્રમાણે ધીમે ધીમે સત્તા મેળવવા માંગે છે અને સંસ્થાનિક સ્વરાજ્ય માંગી રહ્યો છે. આર્થિક બાબતોમાં મુડી-વાળાઓ ધીમે ધીમે સત્તા માંગે છે. કેમકે તેઓ માને છે કે કોઇ રાજી ખુશીથી સત્તા છોડી દે તેમ નથી. ધારાસભાના ભાષણોથી સત્તાવાળાઓ પર અસર થતી નથી. તેઓ તો લાઠી અને ગોળીબારનીજ વાતો કરે છે. આવાઓ સાથે તમે દલીલોથી કામ કેમ કરી શકો? સરકાર કાયદાની અને વ્યવસ્થાની વાતો કરે છે, પણ સ્વતંત્રતા વિના કાયદાની અને સુલેહની સ્થાપના થાય તેમ નથી, અને પ્રજા પર તેની કાંઈ અસર પણ થવાની નથી. આમ વર્ગની સ્થિતિ સુધરે, એવો કાર્યક્રમ મૂકવાથી જ તેઓ લડતમાં જોડાશે. તમે ખેડુતો અને મજુરોને દોસ્ત બનાવજો, અને તેમના લાભ જાળવજો. તેમ કરવાથી તમે ભારે જુસ્સો મેળવી શકશો. આમવર્ગ સ્વતંત્ર થવાથી ઈંગ્લન્ડની લૂંટ બંધ થશે. દેશ સ્વતંત્ર થશે. હિંદી સમાજની નવી રચના થશે. હિંદની ગરીબાઇ ભયંકર છે. તે માટે પ્રભુ નહિ પણ પરદેશી રાજ્ય જવાબદાર છે. આમ વર્ગના લાખો માણસો ભૂખે મરે છે. તેમને સ્વતંત્રતાની પહેલી જરુર છે. સરહદ પર નજર કરો કે જ્યાં સરહદવાસીઓ સ્વતંત્રતા માટે લડી રહ્યા છે. કોઈ મોતથી બચવાનું નથી પણ આપણે તેનો ખ્યાલ મુકી દઇએ, અને હિંદના સાચા સપૂત બની તેની સેવા કરીએ.

(૯)

મહાસભાનાં સ્મરણો

[પંડિત મોતીલાલ નહેરુના પ્રમુખપણા નીચે મળેલી કલકત્તા મહાસભામાં પંડિત જવાહરલાલની મનોદશા સૂચવતું નીચેનું ઉપયોગી લખાણ શ્રી. મહાદેવભાઈના નવજીવનમાં આવેલા લેખમાંથી લીધું છે.]

આવતાવેંત તો એમને માલૂમ પડયું કે શ્રી. જવાહરલાલ અને શ્રી. શ્રીનિવાસ આયંગારનો પક્ષ–એટલે બંગાળપક્ષ–એ રિપોર્ટનું મહત્વ ન સમજતાં 'ઇંડિપેંડન્સ'ને ખરાએ તેને ચઢાવવા માગે છે. એટલે એ પક્ષની સાથે ચર્ચાઓ શરુ થઇ. ગાંધીજીએ એમને ખૂબ સમજાવ્યા, તેમનું અંતર જાણી લઇને તેમને ગમે એવો એક ઠરાવ ઘડયો અને તેની નકલ ફેરવી. એ ઠરાવ ઉપર ખૂબ ચર્ચા થઇ. એ ઠરાવનો મુદ્દો એ હતો કે રિપોર્ટ એ સમસ્ત દેશની માગણી છે, રિપોર્ટને મહાસભા વધાવી લે છે, અને એ માગણી મેળવવાને તે તત્પર છે એમ વાઇસરૉયને જાહેર કરે છે, વાઇસરૉયને એ માગણી બે વર્ષની અંદર સ્વીકારી લેવી યોગ્ય ન લાગે તો દેશે સંપૂર્ણ અહિંસાત્મક અસહકાર જાહેર કરવો, અને પછી જોઇએ તો સંપૂર્ણ સ્વાતંત્ર્ય જાહેર કરવું. પંડિત જવાહરલાલને એ ન ગમ્યો. 'બે વર્ષ સુધી સ્વાતંત્ર્યને

માટે થોભી રહેવું? મને તો બે મીનીટ પણ સ્વાતંત્ર્યને માટે થોભી રહેવું અશક્ય લાગે છે.' ગાંધીજી કહે: 'એમ કેમ બોલાય? આપણે સ્વાતંત્ર્ય તો લેવું જ છે, પણ તે લેવાને માટે કામ કરવું છે ના? એ કામજ મોટી વાત છે.' જવાહરલાલ કહે: 'એ કામ મોટી વાત છે એ તો હું સમજું છું. આપના જેવાને તો મારે કશું કહેવાનું જ નથી, પણ ધ્યેય અને મનોદશા પણ એક મહત્વની વસ્તુ છે. જે રાજ્ય આપણને રંજાડી રહ્યું છે, જે રાજ્ય બીજાઓને ગુલામ બનાવવામાં આપણો સાથ લઇ રહ્યું છે, તેને સાથ કેમ દીધા કરાય?'

ગાંધીજી કહે: 'હું તો કહું છું કે આજ સુધી આપણે એની રાખ જેવા હતા. હવે અમને સમાન સાથી તરીકે ગણો એમ કહીએ છીએ, અને સમાન સાથી બનીને આપણે તેને સીધા કરવાની, તેનો હૃદયપલટો કરીને તેની ભક્ષણ નીતિ ભૂલાવવાની આશા રાખીએ છીએ.'

પંડિત જવાહરલાલ:–'રાખ તરીકે નથી રહ્યા, આપણા ઉપર તો અત્યાચારો થયા છે, બળાત્કારો થયા છે, આપ કહો છો કે જેણે આપણા ઉપર બળાત્કાર કર્યા છે તેની સાથે હવે પાછા ગેલ કરો, અને પ્રેમગોષ્ટી કરો. એ ન બને.'

'હું ગેલ કરવાનું અને પ્રેમગોષ્ટી કરવાનું નથી કહેતો. હું તો માનો સંબંધ બાંધવાનું કહું છું. બ્રિટનને કહીએ કે તમે મારા ઉપર બળાત્કાર કર્યો, હવે તો ચેતો, પ્રાયશ્ચિત કરો; તમારી માતાની સ્થિતિમાં અમે છીએ, અમને માતા સમજો.'

ખડખડાટ હસાહસ થઇ રહી પણ ગાંધીજીનો અર્થ ન સધાયો. મૂળ ઠરાવમાં ફેરફાર કરીને એક ઠરાવ રજુ થયો, તેનો પણ વિરોધ થયો. આ પણ વાટાઘાટને પરિણામે હતો.

આ ઠરાવ પંડિત માલવિયાજીને પણ ગમ્યો, ઘણાને ગમ્યો. તેમાં બીજા પક્ષવાળાઓને પણ મહાસભાએ સંઘરવા, તેઓ મહાસભાનો પંથ સ્વીકારે તો તેમને ધારાસભાના સભ્યો તરીકે પસંદ કરવા, અને સૌએ અસહકારનો કાર્યક્રમ પૂરો કરવો એ વાત હતી, વાઇસરૉયને આ ઠરાવની વાત જણાવવાની હતી, અને બે વર્ષ પછી એ માગણીનો અમલ ન થાય તો સર્વ પક્ષોએ એનો જવાબ વાળવાની વાત હતી. વાઇસરૉયને જણાવવાની વાત 'ઇંડિપેંડન્ટ' પક્ષને ખૂંચી. આપણે વાઇસરૉયને આવું લખીએ તો આપણી લાજ ન જાય? સ્વાતંત્ર્યના યુદ્ધે ચઢનાર આપણે એવી માગણી વાઇસરૉય પાસે કેવી રીતે કરી શકીએ? એ લાગણીને લીધે એમને એ વાત ન ગમી, બીજા પક્ષને દાખલ કરવાની વાત પણ ન ગમી, અને બે વર્ષની મર્યાદા તેમને બહુ લાંબી લાગી! પહેલો ઠરાવ રજૂ થયા પછી તેના ઉપર વાટાઘાટ થઇ, અને 'ઇંડિપેંડન્ટ' પક્ષને સંતોષવા, એટલે કે મહાસભાના ટુકડા ન કરવાની ખાતર ગાંધીજીના મનને ન ગમતા સુધારા (!) તેમણે પેલા ઠરાવમાં કર્યા. વાઇસરૉયને માગણીવાળો ભાગ ઉડાડી દીધો, બે વર્ષને બદલે એક વર્ષ કર્યું, અને લગભગ એક કલાક સુધી એ ઉડાડી દીધેલા ભાગોનું મહત્વ સમજાવવામાં તેમણે પોતાનું હૃદય મહા સમિતિ આગળ ઠાલવ્યું: "ભાઈ, અસહકારી હોઇને હું કહું છું કે વાઇસરૉયને આમ જણાવવામાં જરાય નાનમ નથી. તમે કેમ આમ તમારી નાનમ જણાઈ જશે એવા વહેમથી ભડકયા કરો છો? એ ભયને ખંખેરી કાઢો, અસહકાર એટલે માણસો સાથે અસહકાર નહિ પણ અનિષ્ટ સાથે અસહકાર. જે કૃત્યો મને કરવા યોગ્ય

લાગે, જે શુભ લાગે, તેમાં તો જરુર હું વાઇસરૉય સાથે સહકાર કરું. જો વાઇસિરૉય મને આખી સ્થિતિ ચર્ચવાને માટે બોલાવે તો જરુર હું તો ઉઘાડે પગે તેમની પાસે જાઉં, પણ એ સ્થિતિ ક્યારે આવે ? એ લાવવી તમારા હાથમાં છે. વાઇસિરૉય આ આપણી માગણી ધ્યાનમાં લેવાને બંધાયેલ છે એ વાત સાચી પણ શા સારુ આપણે એમનું ધ્યાન ન ખેંચીએ, અને એમ ધ્યાન ન ખેંચવાના દોષથી ન બચીએ ? એ ધ્યાન ખેંચવામાં નબળાઇ નથી, બળ રહેલું છે. હું તો તમને કહું છું કે હજી એ ભાગ ઠરાવમાં રહેવા દો, પણ ન રહેવા દો તો કાંઇ નહિ. જો વાઇસરૉય મારા શબ્દો વાંચવા પામે તો જાણશે કે મેં તમને એટલું સ્પષ્ટ કર્તવ્ય કરવા માટે કેટલા વીનવ્યા હતા."

એ વર્ષનું મહત્વ સમજાવતાં કહ્યું: "એ વર્ષ મેં જાણીને રાખ્યાં હતાં. જે જોસરું તમે ઉપાડો છો તે એક વર્ષ માટે તો ઉલટું મુશ્કેલ પડવાનું છે. આપણે કેટલું કામ કરવાનું છે તેનું તમને ભાન નથી. આપણને આપણા સૈન્યમાં નિયમપાલન શિખવવા માટે પણ એક વર્ષ લાગી જશે. ક્યાં છે આપણી સમિતિઓના બંધારણનું કશું ઠેકાણું ક્યાં છે આપણામાં ઠરાવો પાળવાની શક્તિ ? બીજું વર્ષ હિંદુ મુસલમાન ઐક્યનો પાયો સ્થિર કરતાં જશે, બીજા દોષો ધોતાં, આત્મશુદ્ધિ કરતાં જશે. પણ આ જુવાનોને એક વર્ષમાં તૈયાર થવું હોય તો મારું શું જાય ? ભલે એક વર્ષ કરો, અને પછી બદનામ થવાને માટે તૈયાર રહો. તમારી સાથે મારે પણ બદનામ થવું પડશે. ગમે તેમ થાય, પણ તમને કહું છું કે રાત દિવસ કાર્યક્રમમાં ગાળશો, પાછું વાળીને જોશો નહિ તો ધ્યેય પાસે આણશો એમાં શંકા નથી."

આ ઉપરાંત નાનમની મનોદશાની ખાતર બીજો એક ફેરફાર ઠરાવમાં દાખલ કરેલો તે પણ સમજાવ્યો. અને પછી સૌને પવિત્ર બલિદાન આપવાની હાકલ કરી.

આને શ્રી. શ્રીનિવાસ આયંગરે ટેકો આપ્યો. બીજાઓએ આપ્યો. બહુમતિથી આ ઠરાવ પસાર થયો.

પણ બીજે જ દિવસે ખબર પડી કે આ ઠરાવથી કોઇને સંતોષ થયો નથી. શ્રી. શ્રીનિવાસ આયંગરે બધાને મળીને આ ભાંજગડ કરી હતી પણ તેમને પોતાને જ આ ભાંજગડ ઉપરથી શ્રદ્ધા ઉઠી ગઈ હતી ! શ્રી. સુભાષચંદ્ર બોઝની શ્રદ્ધા તો એમના કરતાંએ વહેલી ઉઠી ગઈ. જે શાહીથી પેલા ઠરાવો લખાયા તે શાહી સૂકાઇ નહિ ત્યાં તો તે ઠરાવ ખોટો ઠર્યો, અને સુભાષ બાબુ મહાસભામાં એ ઠરાવની સામા થશે એવી પ્રમુખ સાહેબને નોટિસ મળી ! આવી દયામણી પરિસ્થિતિ કોઈ નેતાની સામે આવી ઉભી હશે ખરી ?

+ + + + +

એ ઠરાવના બંને ભાગો મહાસમિતિમાં પસાર થયા, પણ પહેલા ભાગ ઉપર તો મહાસભામાં અનેક સુધારા રજુ થયા. ગાંધીજી તો સમસમી રહ્યા હતા. શ્રી. શ્રીનિવાસ આયંગર એ ઠરાવને ટેકો આપવામાંથી મુક્તિ લેવાને ગાંધીજી પાસે આવ્યા. ગાંધીજીએ કહ્યું: 'સુખે મુક્તિ લો !' પણ ગાંધીજીની હૃદયવ્યથા કોણ જાણે ? શ્રી. સુભાષ બોઝે આ ઠરાવ ઉપર બ્રિટિશ સંબંધ તોડયા વિના ન ચાલે એ મતલબનો સુધારો રજુ કર્યો અને પંડિત જવાહરલાલે એને ટેકો આપ્યો. બીજાં ભાષણો થયાં

અને છેવટે ગાંધીજી બે શબ્દ બોલવા ઉઠયા. ભાષણ ટૂંકું હતું, પણ હૃદયસ્પર્શી હતું. પહેલાં હિંદીમાં બોલ્યા:

" તમે 'ઈંડિપેંડંસ' અને 'ડોમિનિયન સ્ટેટસ' શબ્દો ભૂલી જાઓ. એક વાત યાદ રાખો. સ્વાધીનતા કે સ્વરાજ એ વસ્તુ છે કે જેનો વિચાર કરતાં આપણને લાગે કે આપણને જે જોઈતું હતું તે મળી ગયું. નેહરૂ રિપોર્ટને ટેકો આપવા હું સાબરમતીથી ચાલ્યો ચાલ્યો આવ્યો, કારણ એ રિપોર્ટ આપણા નેતાઓની ઉત્પત્તિ છે, મદ્રાસ મહાસભાની ઉત્પત્તિ છે, એમાં સરકારનો હાથ નથી. એમાં ગમે તે નામ હોય પણ આઝાદીનો પટ્ટો છે. આજને માટે તો છે જ કાલને માટે છે કે નહિ તે હું નથી જાણતો. આતો એક વાત. પણ હું તો આજે તમારી આગળ સ્વમાનની વાત મૂકવા આવ્યો છું. મર્યાદા અને પ્રતિજ્ઞા શું છે તે તમે સમજો છો ? કોઇ પણ દેશ પોતાની મર્યાદા, પ્રતિજ્ઞા, સત્ય છોડે તો તે સ્વાધીનતા—' ઇંડિપેંડન્સ ' માટે લાયક નથી રહેતો. મને આજે મહા દર્દ તો એ છે કે મારા ઠરાવ ઉપર સુધારો લાવતાં તમે સ્વમાનને પણ ભૂલી ગયા, મર્યાદાને છોડી ! જે સમાધાનીનો ઠરાવ કર્યો હતો તે તમે છોડી દીધો. મારા દિલનો ઠરાવ તો બીજો હતો, પણ નવજુવાનોને રાજી રાખવા મારે કયાં સુધી જવું એનો વિચાર કરીને મેં સમાધાનીનો ઠરાવ સ્વીકાર્યો. તમારી સ્વાધીનતા લઇ લેવાની વાત હું કરતો નથી, તમારા સભાપતિ એ વાત કરે તો તમારે એમને હઠાવવા જોઇએ. ભાઇ સરત બોઝે કહ્યું: ' ડોમિનિયન સ્ટેટસ ' કરીને

આ બુઢ્ઢાઓ આપણો ઝુંડો નીચો પાડવા ભેગા થયા છે, એ સાંભળીને મને બહુ દુઃખ થયું. જો તમને એમ લાગતું હોય તો તમે પ્રમુખને દુર શા સારુ નથી કરતા? તમે બીજો પ્રમુખ શોધો જે ઝુંડો કાયમ રાખે!

હું ઝુંડો નીચો પાડતો હોઉં એમ તમને લાગે તો તમે મારા પર થૂંકો! હું બુઢ્ઢો થયો, મારા દાંત પડી ગયા, ૧૯૨૦ માં સોનાનો હતો તે હવે પિત્તળનો થઇ ગયો છું એમ તમે માનતા હો તો મને લાત મારીને કાઢી મૂકો. પણ આજે તો વાત મર્યાદાની છે—અંગ્રેજીમાં જેને 'ઓનર' કહે છે—આબરુ કહે છે—તેની છે. તમે સ્વાધીનતાની વાત કરો અને ઘડી ઉપર આપેલું વચન તોડો એ કેમ સાંખી શકાય?

તમને જો લાગે કે મારા ઠરાવથી તમારી સ્વાધીનતાની પૂરી રક્ષા થશે તો જ એ સ્વીકારજો, નહિ તો એને ફેંકી દેજો. વળી જો તમે કંઇ કામ કરવા માગતા હો, ઠરાવનો અમલ કરવા માગતા હો, તો જ એનો સ્વીકાર કરજો, પણ કેટલાક પ્રાંતવાળાએ ખોટા પ્રતિનિધિ ભર્યા તેવું તમારે કરવું હોય તો સ્વાધીનતા અને સ્વરાજની વાત ભૂલી જજો. ગંદકીથી સ્વરાજ નથી મળતું. પંડિત મોતીલાલજીના હાથમાં લગામ સોંપવી હોય તો ગંદકી તજી શુદ્ધ થઈ જજો."

અંગ્રેજીમાં બોલતાં બંગાળના યુવકોને ખૂબ ચેતવણી આપતાં કહ્યું: "તમે સમજતા હશો કે આ વાણીઓ તમને સમજતો નથી, તો તમારી ભૂલ છે." મર્યાદાનો અર્થ સમજાવતાં કહ્યું: "તમે સમાધાન કર્યું તે ખોટું લાગે તો તે તમારે તેનું પ્રાયશ્ચિત કરવું જોઇએ, તે પ્રાયશ્ચિત ઠરાવમાં સુધારો

મુકવાથી ન થાય પણ જો તમારાથી પણ વિચારની ભૂલ થઈ હોય તો તમને શોભે તો એ ભૂલને પણ તમે વળગી રહો પણ તમારી આબરૂ મર્યાદા ના ડુબાવો. મર્યાદા જશે તો સ્વાતંત્ર્યનો શબ્દ તમારા મેમાં ન શોભે. સ્વાતંત્ર્ય લેનાર જુદા હોય છે. મને તો તમે હસાવો એ બહુ ગમે છે પણ તમારી મર્યાદા, તમારી વિવેકબુદ્ધિ હણાય તેથી મારા હૃદયમાં ખંજર ભોંકાય છે. આમ કહીને હું તમારા મત લેવા નથી આવ્યો. મત તુચ્છ વાત છે. તમે જે નાનમના ખોટા બહાઉથી ભડકો છો તે છોડી દો. કામ કરવાનો નિશ્ચય કરો. તિલક મહારાજ કહેતા હતા કે સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે. શું હવા લેવા માટે પ્રયત્ન કરવો પડે છે ? ફેફસાં ખેંચવાં પડે છે ? તેમજ સ્વાભાવિક રીતે સ્વરાજ્ય આપણે લેવું જોઈએ. એ તો તમે યોગ્યરીતે અકળાયા વિના કામ કર્યે જ જાઓ તો જ મળશે. પણ માણસો ક્યાં ? મારે તો મારનાર નહિ પણ મરનાર જોઈએ છે. તમને ગુલામી અસહ્ય થઈ પડી છે ! મને પણ અસહ્ય છે. પણ તમારી આસપાસ દૂષિત વાતાવરણ, કુસંપ, મર્યાદાની શૂન્યતા, કાર્યદક્ષતાની શૂન્યતા એ તમને વધારે અસહ્ય હોવાં જોઇએ. એક ઠરાવ કરો, એક વચન આપો, ૨૪ કલાકમાં વચન ફોક કરો ! જો તમે શુદ્ધિ કરો, નિયમ પાલન શીખો, આખો કાર્યક્રમ પાર પાડો તો સ્વરાજ તો હસ્તામલકવત્ છે.

આના ઉપર મતો લેતાં મધરાત થઇ. લગભગ ચારસેં મતે-૧૩૦૦ વિરૂદ્ધ ૮૦૦—ગાંધીજીનો ઠરાવ મહાસભાએ સ્વીકાર્યો.

પરિશિષ્ટ ૧૦

કોર્ટમાં કરેલો એકરાર

[અલ્લાહાબાદ કોર્ટમાં ડિ. મેજીસ્ટ્રેટ આગળ તા. ૧૭ મી મે સને ૧૯૨૨ના રોજ પંડિત જવાહરલાલ નેહરુએ પોતા ઉપર ધમકીના અને જોરજુલમથી પડાવી લેવાના પ્રયત્નમાં મદદ કર્યાના આરોપસર મુકદ્દમો ચાલતાં નીચેનો એકરાર કરેલો.]

મારી સામે મુકવામાં આવેલા જુદા જુદા આરોપોના બચાવ અર્થે હું આ એકરાર કરતો નથી; પણ કયા કારણને લીધે આમ બન્યું અને મારી સ્થિતિ સ્પષ્ટ કરવી એ જ આનો હેતુ છે. હું ગુનેહગાર છું કે બીનગુનેહગાર તે કહીને તેમજ આ મુકદ્દમામાં સાહેદીઓની ઉલટ તપાસ કરીને કે એવી બીજી કોઈ પણ રીતે હું ભાગ લેવા માગતો નથી. આ કોર્ટને હું ન્યાય આપવાના સ્થાન તરીકે સ્વીકારતો નથી. રાજદ્વારી ગુનાઓમાં કોર્ટ ઉપલા અમલદારોના ફેંસલાને માન્ય રાખે છે એમ કહી હું અહીં બીરાજેલા અમલદારનો અનાદર કરતો નથી. આ સરકાર કે જેની આબરૂ કયારનીયે ચાલી ગઇ છે તેને પાછી મેળવવા માટે આ ખટપટ કરવામાં આવે છે અને એવા સરકારના રહ્યા સહ્યા તંતુને આધારભૂત રહેવાને આ કોર્ટોનો ઉપયોગ પહેલાંના કરતાં વધારે કરવામાં આવે છે.

મારા ઉપર ધમકી આપ્યાનો અને જોરજુલમથી પડાવી લેવાના પ્રયત્નમાં મદદ કર્યાનો એમ બે આરોપો છે. મારા ધર-પકડના વોરંટ ઉપર ગવાઇ ચુકેલી ૧૨૪ અ કલમ લખેલી છે. જો કે તે બદલ આજે મારા ઉપર કામ ચાલવાનું નથી. અહીંઆં હું એક વ્યાપક એકરાર કરવા માગું છું, કારણ કે પિકેટીંગ બદલ, કોઇપણ જાતના રાજદ્રોહ બદલ કે સ્વયંસેવક તરીકે કામ કરવાના ગુનાઓના પૃથક્ પૃથક્ એકરાર કરવા શકય નથી. મારી દરેક ચળવળનું ધ્યેય એક જ છે, અને તે પ્રાપ્ત કરવામાં હું મારી બધી શક્તિઓ ખર્ચી રહ્યો છું. ઇંગ્લેન્ડમાં લાંબા વસવાટ પછી સ્વદેશ પાછા ફર્યાને મને દશ વર્ષ પણ પુરાં થયાં નથાં. ત્યાંની શાળાની અને વિદ્યાપીઠની ઉપાધિઓ મ્હેં પ્રાપ્ત કરી છે. કેમ્બ્રિજ અને હૅરોની જાણીતી કેટલીક ઘૃણાઓ મારામાં ઉતરી આવી હતી; અને હું એક હિંદી કરતાં અંગ્રેજ તરીકે રહેવા લાગ્યો. દુનિયાને હું અંગ્રેજના દષ્ટિબિંદુથી જોતો અને તેથી હું એક હિંદીને માટે શકય એટલા ઇંગ્લેન્ડ અને અંગ્રેજની તરફેણમાં રહે એવા બીજાઓની તરફ તિરસ્કારના ભાવ લઇ પાછો વળ્યો.

દશ વર્ષ પછી આજે મને અહીં બે ગુનાઓ માટે ખડો કરવામાં આવ્યો છે. ત્રીજો ગુનો–હિંદી સરકારની ચાલુ રાજ્યનીતિ સામે બળવો–હજુ પાછળ જઝુમી રહ્યો છે કે જેને માટે હું એક વખત રાજદ્વારી કેદી તરીકે સજા ભોગવી આવ્યો છું. વર્ષોએ મારામાં આણેલું એ પરિવર્તન છે. આ પરિવર્તનના કારણોમાં ઉતરવાની હું જરૂર જોતો નથી.

દરેકે દરેક હિન્દી તે જાણે છે. દરેક હિંદીને તે વિષે લાગે છે અને શરમમાં પોતાનું માથું નીચું નમાવે છે. જે કોઇ પોતામાં ભૂતપૂર્વ અગ્નિની ચીનગારી પ્રગટાવી શકયો હશે, એણે તો વણબોલ્યે હિંદની આઝાદી માટે પ્રયત્ન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. આથી ભવિષ્યમાં સ્વદેશબાંધવો દુઃખી અને અપમાનજનક સ્થિતિમાં એક પરતંત્ર પ્રજા ન રહે. આજે હિંદની ચાલુ રાજ્યનીતિ સામે રાજદ્રોહ એ દરેક હિન્દીની ફરજ થઇ પડી છે. એ રાજનીતિ જે દુર્ગુણોને જન્મ આપે છે તેની સામે ઉપદેશ કરવો અને પ્રજામાં અસંતોષ ફેલાવવો એ અત્યારે હરકોઈ આદમીની ફરજ છે.

મારા ઉપર ધમકી આપવાનો અને જોરજુલમથી પડાવી લેવાના એમ બે આરોપો મૂકવામાં આવેલા છે. મને આશ્ચર્ય થાય છે કે સરકાર તરફથી મુકવામાં આવેલા આરોપો ગંભીરતાપૂર્વક છે કે કેમ. સરકાર તરફથી જે જુબાનીઓ પડેલી છે તેમાંથી આવા આરોપો સત્ય છે એ ઘટાવી શકાતું નથી. આને હું એકાકી વિજયચિહ્ન માનું છું. કાયદેસર ધ્યેય માટે જો શાન્તિમય પિકેટીંગ એ ગુનો ગણાતો હોય તો ખરેખર તેમ કરવાને શિખામણ આપવા બદલ તેમ જ તેને મદદ કરવા બદલ હું મારી જાતને ગુનેહગાર ગણાવવા તૈયાર છું. બ્રિટિશ હિંદના કાયદા નીચે શાન્તિમય પિકેટીંગ એ ગુનો ગણાય છે એ મારે હજુ શીખવાનું રહ્યું છે. તો પણ પિકેટીંગ કરવામાં અત્રેના કાપડના વેપારીઓને, તેમણે એકત્ર મળી લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ ન કરવા દેવાનો અમારો આશય હતો. અમે આવા કાર્યમાં ધમકીથી અને બળજબરીથી

વિજયવંત નીવડીએ, એમ કોઇ માની પણ શકે ? સારી આલમ જાણે છે કે અમારું બળ લોકોના ટેકા ઉપર અને સ્વદેશ બાંધવોની રહેમનજર ઉપર અવલંબે છે. પુરાણા જમાનાનાં, બળ અને દબાણનાં અમારાં હથિયાર નથી. અમારા મહાન નેતાએ જે શસ્ત્ર અમને દાખવ્યાં છે તે પ્રેમ અને આત્મભોગનાં છે. અમે જાતે સહન કરીએ છીએ અને અમારી એ તપશ્ચર્યાના બળે સ્હામી વ્યક્તિમાં હૃદયપલટો આણવા માગીએ છીએ.

ધમકીના આરોપમાં, સામા માણસને કે તેની મિલ્કતને ઇજા કરવાની ધમકી એવો અર્થ સમાએલ છે. અને ઇજા એટલે 'ગેરકાયદેસર રીતે' કરેલું નુકસાન એમ સૂચવે છે. એ જ પ્રમાણે પડાવી લેવામાં કોઈ પણ માણસને 'ઇજા'નો ભય બતાવ્યાનો આરોપ સમાએલો છે, અને એમ કરી તેને 'અપ્રામાણિક રીતે' પોતાની મિલ્કતનો થોડો ભાગ કાઢી આપવાની ફરજ પાડવામાં આવે છે. શાને આધારે મારા ઉપર આ અવનવા આરોપ મૂકવામાં આવેલા છે, તેમજ કયા સખસને કે તેની મિલ્કતને ધમકી આપી નુકસાન કરવામાં આવ્યું છે અને જે કરવામાં અમારું વર્તન 'અપ્રામાણિક' હતું; એ સર્વ શોધી કાઢવા મેં સરકાર તરફની જુબાની ધ્યાનપૂર્વક સાંભળી છે. અહીંઆં પોલિસની કે સી. આઇ. ડી. ની જુબાનીમાંથી અમે ગુનેહગાર છીએ એમ સાબિત થઇ શકયું નથી. અલ્લાહાબાદના હઝારો માણસોએ અમારું પિકેટીંગ જોયું હશે. તેમાંથી, અમે કોઇ ને ધમકી આપ્યાની, નુકસાન કર્યાની કે ઇજા કર્યાની કોઇપણ માણસ વાત કરતો

નથી. એટલું જ નહિ પણ અમે કોઇને કડવાં વેણ કહ્યાં હોય એવું કહેનાર પણ કોઈ નથી. પોલિસ અને સી. આઇ. ડી.એ આ બાબત ઉપજાવી કાઢી છે અને તેથી અમે જેટલા વિજયવંત દેખાઇએ છીએ તેટલા બીજા કશાથી નથી દેખાતા. કહેવાને હું હિંમત કરૂં છું કે અમારું પિકેટીંગ તદ્દન શાન્તિ અને વિનયના ધોરણ પર રચાએલું હતું કે જ્યાં વિનવણી એ એકમાત્ર ઉપાય હતો અને જ્યાં સામાપક્ષ તરફ આંગળી ચિંધવાની કે ધમકી આપ્યાની તો વાત જ ન હતી. કાપડીઆઓ કે જેઓને અમે ધમકી આપેલી કહેવાય છે, તેઓ કદાચ અમારા કાર્યથી દુ:ખી થયા હશે પણ તેમાંથી કોઇએ ફરિયાદ સરખી પણ નોંધાવી નથી.

૧૯૨૨ ની આખરમાં, દશ મહિના ઉપર અલ્લાહાબાદના લગભગ દરેક કાપડીઆએ પરદેશી કાપડ આયાત ન કરવાની પ્રતિજ્ઞા લીધી. તેઓએ વ્યાપારી મંડળની સ્થાપના કરી અને કાર્યકર્તાઓની અને કમિટિની ચૂંટણી કરી. કોઇ વેપારી પ્રતિજ્ઞાભંગ કરે તો તેનો દંડ કરવો અને તે ભરવાની ના પાડે તો તેની દુકાને પિકેટીંગ કરવું એ તેનું કામ હતું.

મંડળની કમિટિને વ્યક્તિગત પરદેશી કાપડ કેટલું આયાત થયું છે તેનાં ઉપર દંડ નિર્માણ કરવાનો હતો. ગત વર્ષમાં તે કમિટિએ પ્રતિજ્ઞાભંગ બદલ કેટલાય ચુકાદા આપી નિયમ પ્રમાણે દંડ વસુલ લીધો છે. કેટલાક વખત પિકેટીંગ પણ કરવામાં આવ્યું છે. બે માસ પહેલાં કેટલાક વેપારીઓએ અલ્લાહાબાદમાં મોટા પ્રમાણમાં પરદેશી કાપડ આયાત કર્યું. પ્રતિજ્ઞાનો આ ખુલ્લો ભંગ હતો અને આમાંના કેટલાક

વેપારીઓની દુકાને પિકેટીંગ કરવામાં આવ્યું હતું. કમિટિનું બંધારણ નવું ઘડાયું અને જેમણે જેમણે પ્રતિજ્ઞા તોડી હતી તેમની પાસેથી કમિટિએ જાતે દંડ વસુલ લીધો, કે જે મંડળ પાસે મોજુદ છે. મને બરાબર જાણ છે ત્યાં સુધી અહીં જુબાની આપેલા સખસોમાંથી બે જણ એ કમિટિના સભાસદ છે અને તેમણે એ દંડ ઠેરવવામાં અને ઉઘરાવવામાં મદદ કરેલી હોવી જ જોઇએ.

એટલું અલ્લાહાબાદના પિકેટીંગ સંબંધી. હવે એ દીવા જેવું ચોકખું છે કે ત્યાં ધમકી કે બળજોરી જેવું કાંઇ હતું નહિ. ચાલતો મુકદ્દમો એ એક ધમકી અને જોર જુલમના ગુનાઓના ઢાંક પિછોડા પાછળ કાયદેસર અને શાંતિમય પિકેટીંગને દાબી દેવાનો પ્રયત્ન છે. સારાય હિંદુસ્તાનમાં કેટલાય મહિનાથી પિકેટીંગ ચાલુ છે. આ પ્રાંતના ઘણા શહેરોમાં અને બજારોમાં એ થએલું છે. આ અલ્લાહાબાદ શહેરમાં પિકેટીંગ કેટલીયે વાર કરવામાં આવ્યું છે અને હજુ સુધી સરકારે તેની સામે કોઇ પણ જાતનાં પગલાં લીધાં નથી. તેમને જાણ હતી કે ઇંગ્લેન્ડમાં છે તે જ પ્રમાણે હિંદુસ્તાનમાં શાંતિમય પિકેટીંગ એ ગુનો નથી. અલબત્ત એક કલમને ગોદે તેઓ શાંતિમય પિકેટીંગને ગેરકાયદેસર ઠરાવી શકે છે તે દેખીતું છે. તેઓ ગમે તેમ કરે પણ અમે તેને છોડનાર નથી. કાર્યની અમુક દિશામાં વળવા બીજાઓને આજીજી કરવી, સલાહ આપવી કે ઉપદેશ કરવો અથવા તો અમુક વસ્તુ ન કરવાનું કહેવું એ અમારા હક્કને સરકાર ચ્હાય સો કરે તો પણ છોડવા માગતા નથી. આ દેશમાં થોડા ઘણા હક્કો જે રહ્યા છે તે પણ આંચકી લેવાના પ્રયત્ન

થાય છે. સ્વતંત્ર મંડળીના હક્કનાં મૂલ શું છે તે અમે સારી આલમને દેખાડી આપ્યું છે અને સરકારની કેટલીએ વિરુદ્ધ જાહેરાત છતાં અને હજારોની ધરપકડ થવા છતાં સ્વયંસેવકોની આહુતિ આપવાનું અમે ચાલુ રાખ્યું છે. અમે અમારા વાણીસ્વાતંત્ર્યના હકકને કોઇ પણ દબાણને તાબે થવા દઇશું નહિ. પાએક સદી પહેલાં ઉમરાવોની સભામાં એક મોટા અંગ્રેજ ન્યાયાધીશે વાણીસ્વાતંત્ર્ય સંબંધી ઉલ્લેખ કરતાં કહેલું કે "જે કંઇ કાયદાની રૂએ ખોટું છે અને જે દર્શાવવા ભાષાનો ઉપયોગ કરવો પડે છે તે સિવાય દરેક મનુષ્યને પોતાને ખરું લાગે તે કહેવાનો, વંચાવાનો, દબાણ કરવાનો, ઉપદેશ કે હુકમ આપવાનો હકક છે. જ્યાં સુધી તેણે કાયદાનો ભંગ કર્યો નથી અને છતાં તેના શબ્દો બીજા કોઇને આડખીલી રૂપ થયા હોય તો પણ શા માટે પોતાનાં કારણો દર્શાવવા કે સાબીત કરવા તેને બોલાવવો જોઇએ ?" કોઈ પણ ભોગે અમે અમારા વાણીસ્વાતંત્ર્યના આ હકકને વળગી રહીશું.

હું ઘણા કારણોને લીધે પિકેટીંગ કરવાના આરોપ બદલ મારા ઉપર જે કામ ચલાવવામાં આવે છે તેથી ખુશ થયો છું. મારો આ મુકર્દમો પરદેશી કાપડના બહિષ્કારની ચળવળને વધારે ઉગ્ર બનાવશે, અને મને વિશ્વાસ છે કે જ્યારે અલ્લાહાબાદના અને આ પ્રાંતના લોકો બહિષ્કારના સ્વરૂપને બરાબર સમજશે ત્યારે જ તેઓ પરદેશી કાપડને ફેંકી દેશે અને તેને અપવિત્ર ચીજ ગણી અડવામાં પણ પાપ માનશે. પરદેશી કાપડે આ કેટલાય સમયથી યાતના ભોગવી રહેલા દેશ ઉપર જે દુઃખ

અને ગરીબી લાદી છે એ વિષે જો તેઓ વિચાર કરશે તો મને પોતાને એને સ્પર્શ કરતાં જે ધ્રુજારી છુટે છે તેવી લાગણી તેમને થશે. જુનાં લુગડાં પહેરી ફાડીએ અગર સારા પ્રસંગોએ સુંદર કપડાં પહેરવાં વગેરે દલીલો તેઓ નહિ કરે. તેઓ જાણશે કે હિંદના ઉદ્ધારની અને તેના લાખો દરિદ્રનારાયણોની મુક્તિની ચાવી એક માત્ર ચરખો અને ખાદી છે, અને તેઓ પરદેશી કાપડને ફેંકી દેશે અગર અગ્નિશરણ કરશે અગર કચરાની ટોપલીમાં નાખશે. હું અલ્લાહાબાદના કાપડીઆઓને પ્રાર્થના કરું છું કે તેઓ બબ્બે વખત લીધેલી પ્રતિજ્ઞાને વળગી રહે અને આ પુરાણી અને પવિત્ર નગરીમાંથી પરદેશી કાપડના ધાગાનો સંપૂર્ણ બહિષ્કાર આણવા પોતાથી બનતું કરે. કેટલાક કાપડીઆ-ઓએ મુકર્દમામાં શાહેદી પૂરી છે. તેમની સામે મને કંઈ પણ રોષ નથી. (જો હું જાણીશ કે મારી સજાથી હું તેમનાં હૃદયને સ્પર્શ કરી તેમને આ મહાન કાર્ય તરફ જીતી લઇશ તો હું ઘણી ખુશી સાથે ગમે તેટલી સજા ભોગવવા તૈયાર છું.) હું મારા નગરજનોને અને પ્રાંતના લોકોને સહૃદય વિનંતિ કરું છું કે તેઓ દેશને માટે આટલું તો કરે જ, ખાદી પહેરે અને રેંટીયો ચલાવે. મારા અને મારા સાથીઓ ઉપર ધમકીનો અને બળજબરી કર્યાનો આરોપ છે. પોલીસ અને સરકારી નોકર પોતાનાં અંતઃકરણ તપાસે અને તેઓ પોતાના હૃદયમાં ઉંડી શોધ કરી કહે કે ગત દોઢ વર્ષ દરમ્યાન તેમણે શું કર્યું છે? ધમકી, ભય, લાંચ, રૂશ્વત, વગેરે આ પ્રાંતના એક છેડાથી બીજા છેડા સુધી પ્રસરી રહ્યાં છે. એવું કરનારાઓને તેમના વડા અધિકારીઓનો ટેકો છે અને તેમ છતાં તેઓના ઉપર મુકર્દમો ચાલતો નથી તેમ સજા પણ

થતી નથી. તેમને થાબડવામાં આવે છે, વખાણવામાં આવે છે અને ઉંચી પાયરી ઉપર ચઢાવવામાં આવે છે.

મારા સાથીઓએ અને મેં સગી આંખે ભય આપ્યાના અને બીનમાણસાઈના કામ થતાં જોયાં છે, અને તેની તપાસ પણ કરી છે. નર નારીઓને અધમમાં અધમ અપમાન સહેતાં પણ અમે જોયાં છે. સીતાપુરમાં જાલીમનાં રાજ્ય પણ અમે નજરે ભાળ્યાં છે. શુરાતગંજના સીતમોની મેં જાતે તપાસ કરી છે, અને કોંગ્રેસના કાર્યકર્તા કે આગળ પડતા કાર્યકર્તા હોવાના સબબે બલ્લીયાના હજારો શુરવીર કાર્યકર્તાઓને અને દીન હીન અને કચરાયેલા અને જેની આંખોમાં ડગમગ થતો ડોળો નિરાશાની ઝાંખી કરાવે છે એવા કિસાનો કે જેઓ જંગલના પશુની માફક દહાડો ઉગતાંથી માંડી રાત સુધી પોતાની મહેનતનાં ફળ બીજા ભોગવે તેટલા માટે કામ કરી રહેલા છે, તેમને જેલમાં મોકલવામાં આવેલા છે. જીવવું એજ ભારે થઇ પડે ત્યાં સુધી તેમને દુઃખ દેતા અને તદ્દન દરીદ્રી બનાવતાં અમે તેમને જોયા છે. હું જિલ્લાઓનો વ્યક્તિગત ઉલ્લેખ અહીં કરવા માગતો નથી. તેમાંના લગભગ દરેકની આવી જ દુઃખપૂર્ણ અને ઉજ્જવલ કથા છે.

ધમકી અને સિતમ એ આ સરકારનું મુખ્ય હથિયાર બની રહ્યું છે, આથી તેઓ પ્રજાવર્ગને દબાવવા અને તેમના અસંતોષને દાબી દેવા માગે છે. શું તેઓ એમ આશા રાખે છે કે આથી પ્રજાને તેમના તરફ સદ્ભાવ ઉત્પન્ન થશે કે તેઓ આ સામ્રાજ્યવાદના હથિયારને વફાદાર નીવડશે? પ્રેમ અને વફાદારી એ તો હૃદયનાં છે. તે કંઇ બજારૂ ચીજ નથી. તો પછી

એ સંગીનની અણીએ મેળવવાં એ પાણીમાં બાચકા ભરવા સમાન છે. વફાદારી એ સુંદર ચીજ છે. પણ હિંદમાં કેટલાક શબ્દો અર્થહીન થયા છે, અને વફાદારી એ લગભગ દેશદ્રોહનો પર્યાય બન્યો છે, અને તે જ ખરો વફાદાર છે કે જે પ્રભુને અને સ્વદેશને બેવફા છે પણ પરદેશી સત્તાને પોતાનું મસ્તક નમાવે છે. આજ અમે એ શબ્દને પચાવ્યો છે, અને હિંદના દરેક કારાગૃહમાં, પોતાનું ધ્યેય, પોતાનો વિશ્વાસ અને પોતાની માતૃભૂમિને સહુથી ઉંચું પદ આપી કોઇ પણ ભોગે તેને સાચા નીવડવાને પ્રતિજ્ઞાબદ્ધ થએલા સાચા વફાદાર મળી રહેશે. મહાન આદેશ તેમને આજે પડકાર કરે છે. મુક્તિની ઝાંખી જેમને થએલી છે તેઓ પોતાની હૃદયની તે વાંછનાને પામ્યા સિવાય કદી પણ આરામ લેશે નહિ કે પીછે હઠ કરશે નહિ. ઇંગ્લેન્ડ એ પોતાના લશ્કર અને નૌકાસૈન્યથી સજ્જ થએલો બળવાન દેશ છે, કે જેને સ્વાતંત્ર્ય મેળવવા માટે કૃતનિશ્ચય બનેલી પ્રજાની યાતના અને આત્મભોગનો સામનો કરવાનો છે. આવી ચળવળમાંથી શું નીપજશે તે કોઇ પણ માણસ સહેજે સમજી શકે એમ છે. અમે અમારી માતૃભૂમિની સ્વતંત્રતા અને ભક્તિ ખાતર આ લડત ઉપાડી છે. કોઇ પણ પ્રજાને કે લોકને અમે ઇજા કરવા ઇચ્છતા નથી. બીજા ઉપર કોઇની સત્તા અમે માનતા નથી, પણ અમે સ્વદેશમાં સંપૂર્ણ સ્વતંત્ર હોવા જોઇએ. ઇંગ્લેન્ડે પાછલા દોઢસો કે તેથી વધારે વર્ષોમાં અમને નિર્દય રીતે અન્યાય કર્યો છે, અને હજુ પણ તેણે તેનો પસ્તાવો કર્યો નથી, તેમ જ પોતાની પદ્ધતિ સુધારી નથી. દોઢેક વર્ષ ઉપર હિંદે તેને તક આપી હતી, પણ તેણે પોતાની જડ શક્તિના અભિ-

માનમાં અને મદમાં ગણકાર્યું નહિ. હિંદીઓએ ઇંગ્લેન્ડને ઓળખ્યું છે અને તેનો ન્યાય કરી પોતાનો ચુકાદો આપી દીધો છે અને ત્યાંથી તેઓ ડગલું પણ ચળવા માગતા નથી. હિંદ આઝાદ થશે એ નિઃશંક વાત છે, પણ જો ઇંગ્લેન્ડને સ્વતંત્ર ભારતની મૈત્રીની જરૂર હોય તો તેણે પસ્તાવો કરવો રહ્યો અને પોતાના અત્યંત પાપોનો નાશ કરવો રહ્યો. તેથી તે આવતા જમાનાને માન્ય નીવડી શકશે.

હું ફરીથી જેલમાં અત્યંત રાજી ખુશીથી જઇશ. અમારો સાધુ પુરુષ અને વ્હાલો નેતા જેલ સિધાવ્યો છે, ત્યારથી જેલ અમારૂં દૈવી અને પવિત્ર ધામ બની રહ્યું છે. દીર્ઘકાય, મહાનુભાવ અને વીર શીરોમણિ શૌકતઅલ્લી અને તેમના શુરવીર ભાઈ અને અમારા હજારો કાર્યકર્ત્તાઓ અત્યારે જ્યારે જેલમાં બીરાજે છે ત્યારે એકલા બહાર રહેવું એ શરમ ઉપજાવનારૂં છે. આવા વાતાવરણમાં સ્વાર્થાંધતા ઘડી પણ ટકતી નથી. કદાચ આ વખતે મને લાંબી સજા મળે એમ બનો યા નહિ પણ મારી ખાત્રી છે કે હું હિંદ ભૂમિમાં સ્વરાજ્યને ભેટવા પાછો આવીશ.

મેં બ્રિટિશ સલ્તનત વિષે ઘણી કડક કહાણીઓ કહી છે. એક વસ્તુને માટે હું તેને મારાં હાર્દિક અભિનંદન આપું છું. તેણે અમને આ અત્યંત ઉજ્જવલ ચળવળમાં લડવાની તક આપી છે. ખાત્રીપૂર્વક કહું છું કે આવી તક ઘણા થોડાઓને મળી રહે છે. જેમ વધારે યાતના, વધારે ભોગ અને અત્યંત મુશ્કેલીઓ વચ્ચે થઇને પસાર થઇશું તેમ હિંદનું ભાવિ ઉજ્જવલ

બનશે. હિંદની હજારો વર્ષથી ચાલતી આ ચળવળ પરતંત્રતા ભોગવવા માટે નથી. હિંદે પોતાના ઉમદામાં ઉમદા અને સુનંદા પચીસ હજાર વીરપુત્રોને આ ચળવળનો અંત લાવવા કારાગૃહ સેવતા કરી મુકયા નથી ! હિંદનું ભાવિ નિર્માણ થઇ ચુકયું છે. પ્રસંગોપાત આપણામાંનાં કેટલાંક ઓછી શ્રદ્ધાવાળાં અને શંકાવાળાં સ્ત્રીપુરુષો આશંકા કરે છે પણ જેને કંઈ પણ ઝાંખી થએલી છે તેઓ ભારતની કીર્તિનાં લગભગ દર્શન કરી રહ્યા છે.

હું મારું આવું સારું કિસ્મત દેખી આશ્ચર્ય પામું છું. આઝાદીની લડતમાં ભારતમૈયાની સેવા કરવી એ પૂરતું માન છે. મહાત્મા ગાંધીજી જેવા નેતાના હાથ નીચે સેવા કરવાની તક એ અહોભાગ્ય છે. પણ વ્હાલી માતૃભૂમિને ખાતર કષ્ટાવું તે ! આપણા ઉજ્જલ સ્વપ્નને પામવા ખાતર મૃત્યુ કે તેની સંપૂર્ણ પ્રાપ્તિ એ સિવાય હિંદીને માટે કયું વધારે સારું કિસ્મત લેખાય ?"

છુટકારો અને ધરપકડ

૧૯૩૦ના ઑક્ટોબરની ૧૧મી તારીખે જવાહર નેહરુને નૈની જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા હતા. ભારત મૈયાની મુક્તિ લાવવા મથતા ચાલીસ હઝાર તેના વીર પુત્રો જેલની દિવાલો પાછળ કષ્ટાય છે અને બહારની આમ પ્રજા ઉપર આ રાજ્યને વિષે અણકલ્પાએલા એવા જુલ્મો ને સીતમોના વરસાદ વરસી રહ્યા છે તો પણ એ ગામડાની પ્રજા જે આનંદ ને ધીરજપૂર્વક તે સર્વનો સામનો કરી રહી છે, તેવે કટોકટીને પ્રસંગે એકવાર ફરી એ નવજુવાને રાષ્ટ્રપતિની ગાદી સંભાળી.

છુટયા તે પછી થોડા કલાકે એક ભાઈએ તેમને પૂછયું, "કેમ હવે તો આરામ લઈને પછીથી કામે લાગશો ને?"

તરત જ એ સ્વધર્મ અને રાષ્ટ્રપ્રેમી રાષ્ટ્રપતિએ હાજર જવાબ દીધો, "અત્યાર સુધી મેં શું કર્યું?"

ભારતમુક્તિને કાજ ઘડીભરનો પણ વિસામો ન લેવો કે શરીરની, કુટુંબની કે મિલ્કતની લવલેશ પણ પરવા ન કરવી એવા કૃતનિશ્ચયી રાષ્ટ્રપતિ જવાહરલાલ એમ કંઇ થોડા બેસી રહે? એમનું સારુ જીવન રાષ્ટ્રસેવામય બનેલું હતું. ભાષણ આપવાં શરુ કરી તેઓ પિતાની તબીયત જોયા મસુરી ગયા ત્યાર પછી તા. ૧૯–૧૦–૩૦ ને રોજ તેમને બે માસ સુધી ભાષણ ન કરવાનો મનાઇ હુકમ મળ્યો. સરકાર જાણતી કે

આ હુકમ કંઈ આવો વીર માથે ચઢાવે એ બને તેમ નથી અને એ બ્હાના હેઠળ એમને ગિરફતાર કરીશું. એ પણ સરકારનો ' કાયદો અને વ્યવસ્થા ' તળે કામ લેવાનો દંભ નહિ તો બીજું શું ?

તા. ૧૯ ઓકટોબર, ૧૯૩૦ના રોજ તેમને ફરીથી ગિરફતાર કર્યાં. તેમના આનંદભવનના દરવાજા બહારથી જ પકડી આવા રાષ્ટ્રપ્રેમીને શોભતા 'આનંદભવન '–જેલ–માં લઇ ગયા. ત્યાં તેમણે પોતે એકરાર કર્યો છે તા. ૨૯-૧૦-૩૦ ને રોજ તેમને બે વરસ ને પાંચ માસની સજા થઇ.

આમ વીર છુટયા શા ને પકડાયા શા ? એ તો ઘડીભર બધાને આશ્ચર્યમાં નાંખે પણ બંદીવાન બનેલી પ્રજાને પોતાના આવા અણમુલા નબીરાઓના આવા નસીબે આશ્ચર્ય શાં એ તો આપણી સામેની સત્તાનું આપણને દર્શન કરાવે છે.

આમ જવાહરજીનો છુટકારો અને ગિરફતારી ભારતનાં દરેક નરનારીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં રણભેરીશા નાદથી આમંત્રણ પાઠવે છે.

ઝીલણહારાએ તો કયારનાં યે ઝીલ્યાં છે. ન ઝીલ્યાં હોય તે ઝીલશે. હૈયામા સ્વદેશપ્રેમની આગ પ્રગટશે એટલે પછી તો એ વૈશ્વાનર ઝાલ્યો ઓછો રહેવાનો છે ?

ઇન્કિલાબ ઝિન્દાબાદ.

ઇન્કિલાબ ઝિન્દાબાદ ! ઇન્કિલાબ ઝિન્દાબાદ ! (અમર રહે ક્રાન્તિ !) એ પ્રચંડ ઘોષણાથી પરિષદો, સભાસ્થાનો ને સરઘસો ગાજી ઉઠતાં હતાં. જુવાન ભારત જાગૃત થયું હતું, અને યુવક-યુવતીઓનાં અંતર ઉછળી ઉછળીને એ ક્રાન્તિનું સ્વાગત કરતાં ઘોર નિનાદ ગજવતા હતાં. ક્રાન્તિને કાજે મરીમટવાની તમન્નાથી એમનાં દિલ તર હતાં. કોણ એવો અભાગી હતો જે એ ઘોષણાઓમાં શંકા લાવે ? કોની મગદૂર હતી કે યુગની એ પ્રચંડ જાગૃતિ અને નિરધારની ઉત્સાહ-છોળોથી અસ્પૃશ્ય રહી શકે ? ભારત સ્વતંત્ર બનવાનો જ; કેમકે એ નિરધાર તો જુવાનોનો છે.

ક્યાં છે આજે, એ 'ઇન્કિલાબ ઝિન્દાબાદ' અને 'આઝાદી'ને રણઘોષણા કરનારાં જુવાન નરનારીઓ ? ક્યાં છો તમે ? એ દિલેર ગર્જનાઓ તમારી શું પોકળ હતી ? તમારી નામર્દાઈ છૂપાવવાનો એ દંભ સાચો હતો શું ? રણજંગ આજ તમારી સામે ખડો થયો છે: દેશનો ઝંડો તમને સાદ કરી રહ્યો છે; આઝાદી ખુદ તમારી રાહ જોતી ખડી છે. હજી ગઈ કાલેજ એને પડખે રહી ઘોષણા ગજવનારા ઓ જુવાનો, આજ આવે વખતે શું તમારા પગ ખચકે છે ? માની મુક્તિ કરતાં પરીક્ષાના ઓરડાને ઘરના છાંયા તમને શું વધુ પ્યારા છે ?

તમારા દેશ અને દેશબાંધવોને છૂંદી નાખનાર એ વિશાળ સામ્રાજ્યની સામે જે ઘડીએ તમારા ચુનંદા ને દિલેર બિરાદરો આવો કીર્તિવંતો જંગ માંડી રહ્યા છે તે ટાણે તમે શું દૂર રહી ટગર ટગર તમાશો જોયા કરવાના છો ? માતૃભૂમિ જ્યારે ગુલામીની જંજીરોમાં પડી છે અને કરોડો દેશ બાંધવોને ખાવાના વખા છે એ વખતે તમારી એ પોકળ ડિગ્રીઓ અને તુચ્છ ટુકડા-બુકડા તેને જીવાડી દેવાના છે ? હિંદુસ્તાન મુઆ પછી જીવીને શું કરવું છે ? અને હિંદુસ્તાન જીવશે તો પછી મરવાનું કોણ છે ?

[કુમારમાંથી] **જવાહરલાલ.**